# અલ્લામા અર્શદુલ્ કાદરી
(رحمة الله عليه)
# એક ક્રાંતિકારી શખ્સિયત

લેખક :
**મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી**
(એડીટર : માહનામા અશરફિયા-મુબારકપુર)

અનુવાદક
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા

★ પ્રકાશક ★
**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02
Anjumane Raza-E-Mustafa-Dayadara
C/o. Faizane Raza Manzil
At & Po. : Dayadara. Pin : 392020
Di. : Bharuch (Guj.) India
PH. (02642) 282792, 282911
GRWB/059/BHARUCH/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.
મો. ૯૮૨૪૪૮૬૪૪૩

પ્રકાશન નં. : ૧૧૭ આવૃત્તિ-૧ પ્રત : ૪૦૦૦
૦૧-રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૫ ઓકટોબર-૨૦૦૪

નૂરાની આર્ટ, દયાદરા
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

કિંમત : રૂા. ૨૫/-



## ★ અનુક્રમણિકા ★

ઝલઝલાનો કમાલ ! 007
એક યાદગાર મુલાકાત 010
નવાઝિશોની વર્ષા 012
વિલાદત તથા ખાનદાની સ્થિતિ 015
ટીપામાંથી મોતી બનતા સુધી 016
અજોડ કેળવણીનું ધામ 017
આંખોમાં એક તરીની જેમ ભૂતકાળની યાદ 019
મુબારકપુરની એક વિધવાની ત્યાગવૃત્તિ 021
નાગપુરથી જમશેદપૂર સુધી
દીની તા'લીમની પ્રગતિ માટે 022
એક અનોખો કદમ 028
સીવાનથી પટણા સુધી 031
બે દિવસીય ઈજલાસની કાર્યવાહી 034
દારુલ કઝાની સ્થાપ્ના 036
ચળવળો, સંસ્થાઓ (ઈદારા) તથા મસ્જિદો 037
અશ્રફિયાની ચળવળના વિકાસમાં ઐતિહાસિક રોલ 039
અશ્રફિયાના ફરઝંદોના નામે એક વલવલા અંગેઝ પત્ર 043
દેવબંદી આલિમો સાથે મુનાઝરાઓની વિગત 046
પ્રથમ મુનાઝરો 048
બથવા બાઝાર જિ. છપરાનો મુનાઝરો 049
બુલ્યા મંદસુર રાજસ્થાનનો મુનાઝરો 052
ઝરયા જિ. ધનબાદ–બિહારનો મુનાઝરો 055
કટક ઓરિસ્સાનો મુનાઝરો 058
મુનાઝરા અર્થેના નિયમોમાં એક નવિન શૈલીના શોધક 061
બઝમે દાનિશના થોડાક નમૂના 065
નમાઝમાં રસૂલનો ખયાલ 066
સહબા સ્થળે સૂરજ પલટવાનો પ્રસંગ 067
લખનૌમાં આઝાદ ખયાલ અધર્મીઓની એક શૈક્ષણિક સંસ્થા 071
ઉર્દૂની દુનિયાનો અનોખો સાહિત્યકાર 073
કલમની પવિત્રતા દરેક ડગલે સલામત રહી 075
બગદાદનો તાજદાર 076
કલિયરના પીરોનો ફયૂઝાન 078
ક્યૂં રઝા આજ ગલી સૂની હૈ 079
હાફિઝે મિલ્લતના ઈશ્કની ફતહે મુબીન 080
વિદેશોમાં દા'વતી ખિદમતો 084
મસ્લકી મતભેદના લીધે પક્ષપાતથી હિજાઝને મહફૂઝ રાખવા બાબતે વિચારણા 86
વર્લ્ડ ઈસ્લામિક મિશન બ્રિટનનો તેહરાન પ્રવાસ 088
ઈરાનમાં સુન્ની મુસ્લિમોની સમસ્યાઓ 090
મિલ્લી નેતાગીરી તથા રાજનીતિક દષ્ટિ 094
જમાઅતની એકતાની એક સામૂહિક કોશિશ 096
નિષ્ફળતાનાં કારણો અને આશાનું છેલ્લુ કિરણ 101
હિંદના મુસલમાનોનું ભાવિ 104
રમખાણોની રોકથામ માટે એક વ્યવસ્થિત જદો જેહદ 108
સમાન સિવિલ કોડ 111
બાબરી મસ્જિદનો કજીયો 114
આશિકનો જનાઝો હતો 118

# ★ અનુવાદકની કલમે..... ★

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ**

સૂરજનું પ્રથમ કિરણ જ્યારે ફૂટે છે તે અગાઉથી જ પૃથ્વી રાતની કાળી ચાદરને ધીરે ધીરે પોતાના પરથી સરકાવતી જાય છે અને કિરણોનો ધોધ સૂરજ વરસાવવા માંડે છે ત્યાં સુધીમાં તો માનવ, પશુ, પક્ષી સૌનો એક કોલાહલ મચી જાય છે, જાણે બેજાન બનેલી સૃષ્ટિમાં પ્રાણ પૂરાય જાય છે. ચોતરફ માનવોની ભાગદોડ શરૂ થઈ જાય છે. કોઈ આંખ ઉઘડતાં જ રોજી રોટીની ધૂનમાં તેને પામવા ભાગે છે તો કોઈ ઈલ્મ પિપાસુ ઈલ્મની દૌલત માટે કમર કસે છે તો કોઈ ખેડૂત સૂકી ભઠ્ઠ જમીનમાં બીજ પાણી વગેરે પહોંચાડી આવતી કાલે લહલહાતા પાકને જોવાની ઉમ્મીદ સાથે પસીનો પાડવા મંડી જાય છે તો કોઈ દીને હક્કનો ચાહક મઝહબે હક્કની સલામતીનો સામાન એકત્ર કરવામાં પડી જાય છે. સારાંશ કે સૂરજના ઉદય તથા અસ્તની દરમ્યાન હઝરત આદમ علیہ السلام ના દુનિયામાં આગમનથી અત્યાર સુધીમાં અબજો લોકો દુનિયામાં આવ્યા અને ગયા અને આ જ પ્રમાણે જીવન જીવ્યા. તેમાંથી અુમક જ વ્યક્તિઓ સિવાય કોઈનું નામો નિશાન પણ નથી રહ્યું. અરે ! ઘણા દુનિયાની સલ્તનતોના માલિકો પણ થઈ ગયા છતાં તેમને યાદ કરવાવાળો કોઈ નથી. પરંતુ આ સર્વેમાં અલ્લાહના કેટલાક એવા પાક બંદા થઈ ગયા જેમણે પોતાની જિંદગીઓને અલ્લાહની રાહમાં વકફ કરી દીધી. તેઓ અલ્લાહ વ રસૂલના ફર્માંબરદાર બનીને બોલતા હતા તો દીને મુસ્તફાના ભલા માટે, ચાલતા હતા તો રબના ફર્માનને ફેલાવવા માટે, વિચારતા હતા તો કૌમનું ભલુ વિચારતા હતા, રડતા હતા તો દીનના દર્દને છલકાવતા હતા, ખુશ થતા હતા તો કૌમને કામ લાગીને ખુશી અનુભવતા હતા. માંગતા હતા તો દીન માટે કુર્બાની માંગતા હતા, તેમને બંગલા, ગાડી, વાડી.... વગેરેમાં રસ ન હતો, તેમને રસ હતો તો દીને ઈસ્લામની પ્રગતિમાં જ રસ હતો.





એવી જ મહાન હસ્તીઓમાંથી ખૂબ જ નજીકના દૌરમાં એક જાતે આ ફાની જગતને અલવિદા કહી ત્યારે એ સમાચાર સાંભળીને દીનના હમદર્દોના દિલોએ આંચકો અનુભવ્યો, કેટલીય પળ દિમાગોમાં શૂન્યવકાશ છવાઈ ગયો, અંતે આંખોએથી દર્દનાં આંસૂ છલકાઈ ઉઠયાં ! દિલ કહી રહ્યું હતું કે, "યા અલ્લાહ ! હવે આવો લાજવાબ બંદો ક્યાં મળશે ?! આવો દીનનું દર્દ રાખી દીન માટે મરી ફિટનારાને ક્યાં શોધીશું ?" એ મહાન હસ્તીનું નામ છે **હઝરત અલ્લામા અર્શદુલ કાદરી** رحمۃ اللہ علیہ.

આપની મહાન હસ્તી વિશે મારી જેવો અલ્પજ્ઞાની શું વર્ણન કરી શકે ? લો ! હિંદની મહાન અરબી યુનિવર્સિટી **અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્-મુબારકપુર**થી નીકળતા ઉર્દૂ માસિક **"અશ્રફિયહ્"**ના તંત્રી યુવાન આલિમ ફાઝિલ ઉસ્તાદે મોહતરમની કમાલભરી કલમ વડે બાકમાલ હસ્તીના જીવનવૃત્તાંતને વાંચો અને જુઓ કે દીનની ખિદમત કોને કહેવાય ? અને ખિદમતે દીન કરનારા કેવા હતા અને કેવી તેમણે ખિદમત કરી કે જેમના એ એહસાનોના કારણે આજે અહલે સુન્નતનો ગુલશન હિંદભરમાં મહેકી રહ્યો છે.

અમારી અલ્પ સમજ હેઠળ એવું જણાય છે કે **કામ કરનારા તો કરી ગયા ! હવે તો કામ કરતાં શોર, બુમરાણ વધારે જોવા મળે છે !** એવું લાગે છે કે જાણે **જે ગયા તેમની ખુરશી ખાલી છે !** કોઈ તેમની તોલે આવે તેવો જણાતો નથી.

બસ ! રબ્બે કરીમથી દુઆ છે કે તેમની કબરો પર રહમતોની મૂશળધાર વર્ષા તાકયામત વરસાવે અને આ મહાન હસ્તીઓના નક્શે કદમ પર ચાલનારા બંદાઓ પેદા કરે કે જે પૂર્વજોની યાદને તાજી કરી આપે અને આપણને પણ તેમના નક્શે કદમ પર ચાલી દીનની ખિદમત કરવાની તૌફીક અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

**તા.** : ૩-૯-૨૦૦૪ ***-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

**સ્થળ** : દયાદરા

# ★ પ્રારંભિક વાત....... ★

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ**

આકાશગંગાની દૂધીયા ચાંદની વર્ષો સુધી પૃથ્વીના કલેજાને ઠંડુ કરતી રહે છે ત્યારે ક્યાંક કોઈ ક્રાંતિકારી શખ્સિયત પેદા થાય છે;

**મત સહલ હમેં જાનો ફિરતા હૈ ફલક બરસોં**
**તબ ખાક કે પર્દેસે ઈન્સાન નિકલતા હૈ**

અને પછી જ્યારે તે ક્રાંતિકારી મહાપુરૂષ મીરે કારવાંની હયાતનો દીપ ઓલવાઈ જાય છે તો પૂરી કૌમ વર્ષો સુધી અજંપાની ભાવનામાં ભટકેલી રહે છે. ડગલે ને પગલે તેમની યાદો વિરહ વેઠતા મહબૂબની જેમ તડપાવતી રહે છે અને એ લખતાં આંગળીઓ કાંપી ઉઠે છે કે હવે તેમનો સાયો આપણા સરો પરથી ઉઠી ગયો. પણ આ સચ્ચાઈને લખવાનું ક્યાં સુધી ટાળીશું કે જમાઅતે અહલે સુન્નતની સક્રિય, ઉચ્ચ પદધારી, ખુશ ફિક્ર અને જાગૃત ખયાલધારી શખ્સિયત, રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી ૨૯ એપ્રિલ ઈ.સ. ૨૦૦૨માં જન્નત નશીન થઈ ગયા. ખુદાએ કદીરો ગફ્ફાર તેમની કબ્રે અન્વર પર રહમત તથા ગુફરાનની મૂશળધાર વર્ષા વરસાવે. *(આમીન)*

હિંદની ભૂમી ખૂબ જ ફળદ્રુપ છે. એક એકને ચઢે તેવા મર્દે કામિલ આ સરઝમીનમાંથી ઉઠયા અને જોત જોતાંમાં વિ□ભરમાં છવાઈ ગયા. **ઈમામ અહમદ રઝા** કુદ્દેસ સિર્રહૂએ સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓ તથા મઅમૂલાતની હિફાઝતના માટે પોતાની કલમના નેજા વડે અભેદ કિલ્લો ખડો કર્યો હતો, આજે તે અરબ તથા અજબના ખૂણે ખૂણે **મસ્લકે અહલે સુન્નત ''બરેલ્વી''**ના નામથી પ્રખ્યાત થઈ ગયેલ છે, જ્યારે કે આપણે અહલે સુન્નતના શયદાઈ તેને **મસ્લકે આ'લા હઝરત**ના ખૂબસૂરત શબ્દોથી યાદ કરીએ છીએ. વર્તમાનકાળમાં એશિયા ખંડમાં મસ્લકે આ'લા હઝરત رضی اللہ عنہ ની સૌથી મહાન અને સુવિખ્યાત દર્સગાહ **''અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્''** મુબારકપૂરમાં છે. હુઝૂર હાફિઝે





મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી સંસ્થાપક અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્ના પાયાનો હેતુ એ હતો કે આપણે આપણા ઈદારામાંથી દઅવત તથા તબ્લીગ અને ઝબાન તથા કલમની કાબેલિયતોથી સજ્જ એવા દળો તૈયાર કરીએ જેઓ વિ□ના ખૂણે ખૂણે મસ્લકે અહલે સુન્નત વ જમાઅત યા'ને મસ્લકે આ'લા હઝરત ના એવા ચિરાગો રોશન કરી આપે જેઓ મિમ્બર તથા મહરાબથી લઈને દિલો દિમાગોના ઊંડાણો સુધી ઈશ્કે રસૂલની કંદીલો ઝગમગાવી આપે. ઈ.સ. ૧૯૩૪ માં હઝરત હાફિઝે મિલ્લતે મુબારકપૂરની સરઝમીનેથી આ વ્યક્તિના ઘડતરની ચળવળનો પ્રારંભ કર્યો હતો. આ ચળવળ કરમના દરિયાની મૌજ બનીને ઉઠી અને જોત જોતાંમાં પૂર્વ તથા પશ્ચિમ અને અરબ તથા અજમના ડઝનબંધી દેશોમાં ફેલાઈ ગઈ. હાફિઝે મિલ્લતની શખ્સિયત સાઝ (વ્યક્તિના ઘડતર)ની ચળવળે દઅવત તથા તબ્લીગના જે પ્રથમ દળો તૈયાર કર્યા એમાંના એક મજબૂત નિશ્ચયી લોખંડી પુરૂષ સિપાહીનું નામ મુબારક **રઈસુલ્ કલમ અલ્લામા અર્શદુલ કાદરી** છે. અલ્લામા મૌસૂફનું નામ અશરફિયાના ઈતિહાસમાં જ સોનેરી અક્ષરે લખવામાં નહીં આવે બલ્કે ૧૯ મી સદીના અહલે સુન્નતના ઈતિહાસમાં પણ હમેશાં ગર્વને પાત્ર રહેશે. ખુદા તઆલાએ તેમને ઈલ્મો દાનિશ, ફિક્રો ફન, ઝબાનો કલમ, સંસ્થા, સંસ્થાપન અને મિલ્લી દર્દમંદી જેવી અગણિત ખૂબીઓ વડે નવાઝયા હતા. એક જ વ્યક્તિમાં આટલા સર્વવ્યાપી, આકાશની વિશાળતા ધરાવતા અને ચિત્તાકર્ષક કમાલો ખૂબ ઓછા લોકોમાં એકત્ર થાય છે અને કદી ક્યારેક એકત્ર થઈ જાય છે તો શબ્દકોષમાં તેની સરખામણી માટે **''આફાકી શખ્સિયત''**, **''સમયના અજોડ''** અને **''કમાલોનો સમૂહ''** જેવા શબ્દોથી ઉતરતા શબ્દો જ નથી જડતા. કદાચ એવા જ સંગીન વળાંક પર કોઈ દીદાવરે કહ્યું હતું;

**ઝર બકફ, ગુલ પૈરહન, રંગીન કબા, આતશ બજામ**
**એક કતરા સો તરહસે સુર્ખરૂ હોકર ઉઠા**

રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની સર્વ ક્ષેત્રિય અને આંતર રાષ્ટ્રિય (Inter National)શખ્સિયત હિમાલય પહાડની જેમ મજબૂત અને ઉચ્ચ તથા હિંદી મહાસાગરની જેમ વિશાળ તથા ઉછાળા મારતી હતી. આપ પોતાના ભરચક કમાલો તથા ખૂબીઓના ભરમારથી

એટલા વિશિષ્ટ અને અજોડ હતા કે ઈસ્લામી જગતના કોઈપણ પ્રદેશમાં દીન તથા દાનિશની ખિદમતના માટે ઊભા થઈ જતા જ્યાં સુન્નિયતના દરેક ખૂણેથી તેમનું આકર્ષક વજૂદ તાજમહલની જેમ સાફ દેખા દેતુ હતું. સાચી વાત તો એ છે કે તેમની પ્રશંસા માટે તેમની જાદુઈ લખાણવાળી કલમ હોવી જોઈએ, તેમનું મનમોહક અંદાજવાળુ લખાણ જોઈએ, તેમનું જ લુત્ફવાળુ ચિંતન જોઈએ, તેમનું જ દર્દ જોઈએ, તેમનું જ દિલો દિમાગ જોઈએ, પણ આહ ! **અબ ઢુંઢો ઉન્હેં ચિરાગે રુખે ઝૈબા લેકર !**

## ★ ઝલઝલાનો કમાલ ! ★

લગભગ વીસ વરસ પહેલાંની વાત છે. મદ્રસા અજમલુલ્ ઉલૂમ સંભલના સંચાલન હેઠળ બે દિવસીય કોન્ફરન્સ દીપા સરાય મહોલ્લાના વિશાળ ગ્રાઉન્ડ (કલૂઆર્ટીનો ખાંચો)માં થઈ રહી હતી. ગાઝીએ મિલ્લત હઝરત મૌલાના હાશમી મિયાં તકરીર કરી રહ્યા હતા. અચાનક મોટા ગેટથી વ્યવસ્થાપકોની હલચલથી કોઈ મોટી શખ્સિયતના આવવાનો ભાસ થયો. અમુક બાહોશ દીવાનાઓએ એવા આકાશ ભેદી નારા લગાડયા કે પૂરો મજમો બેખૂદીના આલમમાં સ્વાગતના માટે ઊભો થઈ ગયો. આ કાફલો પોતાના માનનીય મહેમાન સાથે સ્ટેજની નજીક પહોંચ્યો તો નારાઓના આ શબ્દો સાફ રીતે સંભળાઈ રહ્યા હતા;

"શહનશાહે કલમ ! ઝિંદાબાદ ! કાઈદે મિલ્લત ! ઝિંદાબાદ ! મુનાઝિરે અહલે સુન્નત ! ઝિંદાબાદ ! મુબલ્લિગે એશિયા વ યૂરપ ! ઝિંદાબાદ !" ગાઝીએ મિલ્લત મૌલાના હાશમીમિયાં ખિતાબતની ખુરશી પરથી ખામોશીપૂર્વક શ્રોતાઓની દીવાનગીના જોશનો મન્ઝર જોઈ રહ્યા હતા તેમણે રઈસુલ્ કલમને સ્ટેજ પર બેઠક જમાવતાં જોયા તો કેવળ એટલું કહીને ખામોશ થઈ ગયા કે, "માશા અલ્લાહ ! કેટલો કૈફમય મન્ઝર છે ! આપણા રહબરોને જોઈને આંખો રોશન અને દિલ ઠંડુ થઈ જાય છે." હઝરત અલ્લામા સાહબ જ્યારે સ્ટેજ પર રોનક અફરોઝ થયા તો કૈફ તથા નૂરનો મન્ઝર બમણો થઈ ગયો. આ તેમની ઝિયારતનો પ્રથમ આકસ્મિક પ્રસંગ હતો, તે પણ અણસમજના દૌરમાં હતો.

પછી જેમ જેમ સમજ પેદા થતી ગઈ તેમ તેમ તેમનાં લખાણોના





અભ્યાસનો શોખ વધતો રહ્યો, અને આ બધું કોઈ આકર્ષણ વિના હતું. પ્રારંભમાં તેમના નાના નાના રિસાલા (પુસ્તિકાઓ) ખૂબ જ ઉમંગભેર ખરીદતો અને વારંવાર વાંચતો અને દરેક વાર એક નવો જ લુત્ફ ઉઠાવતો. રિસાલાઓમાં "દિલકી આશનાઈ, ઝુબૈદા ખાતૂન, ચૌદહવીં રાતકી દોશીઝા, અમીન જુવારી, બલ્ખકી શહઝાદી, નકશે કર્બલા, સૌદાગરકી બેટી, ઈશ્કકી સરફરાઝી, રિસાલતે મુહમ્મદીકા અકલી ષબૂત" વગેરે હતા. એ જાણશો કે પહેલાં "લાલાઝાર"ના લેખો અલગ અલગ કિતાબોના રૂપમાં પ્રકાશિત થતા હતા જેનો સંગ્રહ બાદમાં વિવિધ નામો સાથે પ્રકાશિત થયો. પાકિસ્તાનમાં હઝરત રઝાઉલ મુસ્તફા સાહેબે કરાચીથી "ઝુલ્ફો ઝંજીરકી કહાનિયાં"ના નામથી અને હિંદુસ્તાનમાં પ્રથમ કલકત્તાથી "ઈશ્કો ઈર્ફાનકી કહાનિયાં"ના નામથી પ્રસિધ્ધ થતા રહ્યા અને એ જ હવે અધિક વધારા સાથે "લાલાઝાર"ના નામથી પ્રકાશિત થઈ રહેલ છે. જ્યારે કે આ પ્રકારના ઘણા લેખો હજી રિસાલાઓ તથા અખ્બારોમાં વિખરાયેલા પડયા છે, અય કાશ ! કે કોઈ કલમકાર આ લેખોનો સંગ્રહ કરીને સંપાદિત કરી આપે.

એ જ અરસાની વાત છે કે સંભલમાં "ઝલ્ઝલા" (કિતાબ) બાબતે આમિર ઉષ્માનીના અવલોકનની ખૂબ ચર્ચા ચાલતી હતી. સ્થાનિક ઉલમા આમ મજલિસો અને નાની મોટી મીલાદની મેહફિલો સુધ્ધાંમાં અવલોકનના વાકયો દોહરાવતા હતા અને ખૂબ જ કટાક્ષમય રીતે દેવબંદીઓને સંબોધન કરતા હતા, અને ખાસ કરીને આ લખાણ પાછળ બયાનની સર્વ શક્તિ ખર્ચી કાઢતા હતા. ફાઝિલે દેવબંદ જનાબ આમિર ઉષ્માની તંત્રી "તજલ્લી"એ દેવબંદી મઝહબમાં માન્યતા તથા અમલના વિરોધાભાસ પર માથુ કૂટતાં ખૂબ જ લાચારગીના આલમમાં લખ્યું છે :–

"આપણી પાસે જાન છોડાવવાનો એક જ માર્ગ છે તે એ કે ક્યાં તો તકવિયતુલ્ ઈમાન, ફતાવા રશીદિયહ્, ફતાવા ઈમ્દાદિયહ્ અને બહિશ્તી ઝેવર તથા હિફઝુલ્ ઈમાન જેવી કિતાબોને ચોરાહા પર મૂકીને આગ ચાંપી દેવામાં આવે અને સાફ એલાન કરી દેવામાં આવે કે એના અંદરનાં લખાણો કુર્આન તથા હદીષની વિરૂધ્ધ છે અને અમ દેવબંદીઓના સહીહ અકીદાઓ અરવાહે ષલાષા તથા સવાનેહે કાસમી તથા અશ્રફુસ્સવાનેહ જેવી કિતાબોથી માલૂમ કરવા જોઈએ. અથવા તો એ છેલ્લે દર્શાવેલી કિતાબોના બારામાં એલાન

કરી દેવામાં આવે કે એ કિસ્સા કહાનીઓની કિતાબો છે જે ખરી ખોટી વાતોથી ભરપુર છે અને અમારા સાચા અકીદા તે જ છે જે આગળ વર્ણવેલી કિતાબોમાં દર્શાવેલા છે." *(ડાક નંબર, તજલ્લી દેવબંદ, ઈ.સ. મે.૧૯૭૩)*

આ લખાણ પછી જ્યારે ઉલમાએ અહલે સુન્નત વારંવાર પૂછતા હતા કે "જવાબ આપો ! બેમાંથી કોઈ એકને અપનાવો !" પણ દેવબંદીઓના તરફથી કોઈ જવાબ ન મળતો. **અલ્લાહ રે સન્નાટા ! આવાઝ નહીં આતી !**

વાત આવી ગઈ છે **"ઝલ્ઝલા"**ની તો સાંભળતા ચાલો ! નદવતુલ્ ઉલમા લખનૌના એક તાલિબે ઈલ્મે (વિદ્યાર્થીએ) પોતાની ખૂદની સાક્ષીના આધારે એ પ્રસંગ વર્ણવ્યો કે એક દિવસે અમે લોકો ફલાણા મુદર્રિસને ત્યાં દર્સ લઈ રહ્યા હતા. તો સબક દરમ્યાન "ઝલ્ઝલા"ની વાત નીકળી. દર્સ આપનાર ઉસ્તાદે કહ્યું કે, "બરેલ્વીઓના સાહિત્યમાં સૌથી વિશેષ નુકસાન અર્શદુલ્ કાદરીની ઝલ્ઝલાએ પહોંચાડયું છે. આ કિતાબ આપણી જમાઅતના અકીદાના મસ્અલા વિરૂધ્ધ કાતિલ ઝહેર છે. સાચુ પૂછો તો આમિર ઉષ્માનીનું અવલોકન યોગ્ય જ છે, ઝલ્ઝલાની નકલી તથા અકલી દલીલોનો જવાબ શક્ય જ નથી." રિવાયત કરનાર કહે છે કે વિદ્યાર્થીઓએ કહ્યું કે, અમારા ઉસ્તાદ મૌલાના આરિફ સંભલી સાહબે તો જવાબ લખ્યો છે, તો તે ઉસ્તાદે કહ્યું કે ભાઈઓ ! હક્ક વાત કહેવી જોઈએ ! કદી મોકો મળે તો બંને કિતાબોનો અભ્યાસ કરજો, જવાબ શું આપ્યો છે ! બલ્કે તેને નામના આપી છે !

લગભગ ત્રણ વરસ પહેલાંની વાત છે. ગૈરમુકલ્લિદોનું મુખપત્ર "તર્જુમાને અહલે હદીષ–દિલ્હી" જોવામાં આવ્યું. એમાં એક ક્રમશઃ લેખ દેવબંદીઓની રદમાં ચાલતો હતો તેનો ૨૭ મો ક્રમાંક જોવા મળ્યો. આ કલમી જંગ ગાઝીપુરના કોઈ દેવબંદી સાથે હતો. મેં તે લેખને ખાસ વાંચ્યો અને જ્યારે લેખના અંતિમ પેરેગ્રાફ પર પહોંચ્યો તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ગૈરમુકલ્લિદ આલિમે તેના પ્રતિસ્પર્ધી દેવબંદી આલિમને ગુસ્સાભેર જણાવ્યું કે, "મારી તરફથી તમારી સુધારણા માટે આ છેલ્લો લેખ છે, જો તમે લોકો તમારી અયોગ્ય હરકતોથી હજી પણ પાછા નહીં હટો તો **દેવબંદિયતનો બનાવટી કિલ્લો જમીનદોસ્ત કરવા માટે હું મારા કમંડલનું અંતિમ તીર ઉપયોગમાં લઈશ !** એટલે કે **આવતા મહીનાથી**



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

**બરેલ્વી મક્તબે ફિક્રની લખેલી વિ□ વિખ્યાત કિતાબ "ઝલ્ઝલા"ને હપ્તાવાર શરૂ કરી દઈશ !"** વોર્નિંગ તદન બાદશાહી ઠાઠ સાથે કરવામાં આવી હતી. એટલે કે હજી પણ ન સુધર્યા તો ફાંસીના માંચડે ચઢાવી દેવામાં આવશે ! એટલે કે તેની દ્રષ્ટિએ દેવબંદિયતના તાબૂતમાં આખરી ખીલી ઠોકવાના માટે સૌથી કામયાબ નિશાનો એ જ હતો કે **"ઝલ્ઝલા"**ને હપ્તાવાર પ્રકાશિત કરી દેવામાં આવે.

આ બંને પ્રસંગો પછી હું મોડે સુધી વિચારતો રહ્યો, યા અલ્લાહ ! હક્કની સરફરાઝી એક ઈન્કાર ન કરી શકાય તેવી હકીકત છે પણ આ દૌરમાં એનાથી વિશેષ દ્રષ્ટાંત અન્ય ક્યાં મળશે. હક્ક સ્વીકારવું તો મુકદ્દરની વાત છે પણ હરીફોના તંબુઓમાં પણ કમસે કમ એટલો તો સ્વીકાર છે કે હક્ક તથા સદાકતના કાફલા સામે ઊભા રહેવાની પણ તેમની સફોમાં હિમ્મત નથી.

## ★ એક યાદગાર મુલાકાત ★

એકવાર અલ્ મજમઉલ મિસ્બાહી મુબારકપુરના પ્રકાશન કાર્ય અર્થે દિલ્હી જવાનુ થયું. જનાબ મુફતી અહમદ મિસ્બાહી સફરમાં સાથી હતા. મેટીયા મહલ જામા મસ્જિદ દિલ્હીથી ખબર પડી કે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબ હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ દરગાહની પાસે એક મસ્જિદના હુજરામાં રોકાયા છે. તે દિવસોમાં જામિઆ હઝરત નિઝામુદ્દીન ઔલિયાની સ્થાપ્ના થઈ ન હતી. શાઈરે ઈસ્લામ હઝરત 'બેકલ' ઉત્સાહી મેમ્બર ઓફ પાર્લામેન્ટ સાથે મુલાકાતનો પ્રોગ્રામ પહેલેથી જ નિશ્ચિત હતો. મૌકો મળ્યો તો ખયાલ આવ્યો કે હઝરત અલ્લામા સાહબ સાથે મુલાકાતનો શરફ પ્રાપ્ત કરી લેવામાં આવે. અમે લોકો જ્યારે તેમની મસ્જિદમાં પ્રવેશ્યા તો એ જોઈને ખૂબ જ આશ્ચર્ય થયું કે અલ્લામા સાહબ જે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામેલ હસ્તી છે તે એક નાના સરખા ઓરડામાં વસી રહેલી છે ! ઘણી જ અદબપૂર્વક અમે ઓરડામાં પ્રવેશ્યા. જોયું તો હઝરત એક ચટાઈ પર બેસીને કાંઈક લખી રહ્યા છે, સામે થોડીક કિતાબો છે, પાસે કિતાબોનો એક કબાટ છે, એક ખૂણામાં મામૂલી સરખો બિસ્તર રાખેલો છે. જ્યાં સુધી મને યાદ છે તેમની કયામગાહમાં પૂરી કાયનાત બસ આટલી જ હતી ! અમે પહોંચ્યા તો ખૂબ જ ખુશી પ્રદર્શિત કરી. અશ્રફિયાના બુઝુર્ગોની

ખૈરિયત પૂછી અને એક વાસણમાંથી થોડીક બદામો અને કાજુ કાઢયા અને પોતાના દસ્તે મુબારક વડે અમને અતા કર્યા. કહેવા લાગ્યા કે મિલ્લી જિમ્મેદારીઓથી કાંઈક રાહતની ઘડીઓ મયસ્સર થઈ તો મિસ્બાહુલ કુર્આન, ભાગ–ર, ૩ ના સંપાદનનું કામ લઈને બેઠો છું. પછી મોડે સુધી મિસ્બાહુલ્ કુર્આનની જરૂરત, તલબાની વૈચારિક સ્થિતિના આધારે કુર્આની આયતોની પસંદગી અને અકીદા તથા અમલની સુધારણાને લક્ષમાં રાખી તેનાં આગળ જતાં આવનારાં પરિણામો વિશે ખયાલો પ્રદર્શિત કરતા રહ્યા. એમાં શું શંકા છે કે મિસ્બાહુલ્ કુર્આન નવી નસલોમાં કુર્આનના અભ્યાસની સ્પિરટ પેદા કરવાના માટે અતિ અસરકારક અને કામયાબ પ્રયત્ન છે. જો મદ્રસાઓ અને વર્તમાન દર્સગાહોના નિસાબ (કોર્સ)માં એને દાખલ કરી દેવામાં આવે તો કૌમના બાળકો બદ્અકીદગીની વબાથી હમેશાંના માટે મેહફૂઝ થઈ જશે. અહલે સુન્નતના ચાલ્યા આવતા અકીદા તથા મામૂલાતની દલીલોના માટે તેમનાં દિલો દિમાગમાં કુર્આની આયતોનો એટલો ખજાનો એકત્ર થઈ જશે કે બદ્અકીદગી તથા નામ માત્રની રોશન ખયાલીનું મોટામાં મોટુ તોફાન પણ તેમના કદમોને ડગમગાવી નથી શકતું.

અમે અલ્લામા સાહબની જાદૂમય વાણીમાં ડૂબેલા હતા કે અચાનક એક આધેડ વયનો લાંબા વાળ તથા લાંબી ઝુલ્ફોવાળો માણસ હાથમાં જમવા માટેનું ટીફીન લઈને આવ્યો અને કશીય ઈજાઝત લેવાની પરવા કર્યા વિના દસ્તરખાન લગાડી દીધું અને કમરાની બહાર જતો રહ્યો. અમે આશ્ચર્યભેર તે લુખ્ખા સ્વભાવવાળા શખ્સનો આ અંદાઝ જોતા રહી ગયા. હઝરતે ઘણા પ્રેમપૂર્વક જમવામાં શરીક થવા જણાવ્યું પણ અમે બારકલ્લાહ કહેતાં મઅઝેરત ચાહી લીધી. હઝરતે થોડુક સરખુ ખાવા ખાધુ અને ફારિગ થઈને પછી પોતાની બેઠક પર બેસી ગયા. એટલામાં તે કલંદર ફરી પ્રવેશ્યો અને વધેલુ ખાવા જોઈને ઘણા જ કડક અંદાજમાં કહેવા લાગ્યો કે, તમે શું ખાધુ ? આ પણ બચી ગયું ! આ પણ છોડી દીધું ! હવે એનું શું થશે ? હઝરત હસતા મુખે તેની વાતોની મજા માણતા રહ્યા ! આ કડકાઈપૂર્ણ વર્તાવની કોઈ ખરાબ અસર આપે ન લીધી. પણ અમને આ અંદાઝ પસંદ ન પડયો. વારંવાર દિમાગમાં એ વાત ચકરાવા લાગી કે, વાહ રે ! કેવો કડક મિજાઝ છે ! જે મર્દે મુજાહિદ હક્ક તથા બાતિલની જંગમાં સિંહની જેમ ગર્જે છે તે પોતાનાંઓની મેહફિલમાં





રેશમની જેમ નરમ છે ! સાચુ જ કહ્યું છે શાઈરે મશ્રિક ડો. ઈકબાલ કે;

**હો હલકાએ યારાં તો બરેશમકી તરહ નર્મ**
**રઝ્મે હક્કો બાતિલ હો તો ફૌલાદ હૈ મોમિન**

જ્યારે તે શખ્સ વાસણો ઉઠાવીને લઈ ગયો તો મેં તે જ પળે પૂછયું, હઝરત ! આ કોણ હતો ? ખૂબ જ કડકાઈથી વાત કરતો હતો ! એના જવાબમાં હઝરતે ઈર્શાદ ફર્માવ્યો, "બસ ! એની આ અદા જ તો મને પસંદ છે ! એ બંગાલી મોઅઝ્ઝિન છે. આ તેનો કુદરતી અંદાઝ છે, સામાન્યતઃ આ ઈલાકામાં તબ્લીગીઓની આવન જાવન રહે છે, જ્યારે કોઈ તબ્લીગી મસ્જિદમાં દાખલ થાય છે તો તે પોતાના આ જ કડક લેહજામાં ચિત્તાની જેમ ઝપટે છે, જો તેમની હાજરી અહીં ન હોત તો તબ્લીગી જમાઅતવાળા ક્યારના આ મસ્જિદ પર કબજો કરી ચૂક્યા હોત ! હઝરતી દલીલ સાંભળીને જિંદગીમાં પહેલીવાર કોઈ કડકાઈથી વર્તનારે મારા દિલમાં જગા બનાવી ! અને બરાબર એ જ વખતે કુદરતની ફિલોસોફી પણ સમજમાં આવી ગઈ કે ફૂલોની રક્ષા માટે કાંટાઓની હાજરી શા માટે જરૂરી છે !

**હમને ચુભતે હુએ ખારોંકો ભી ઈઝ્ઝત બખ્શી**
**આપસે ગુલ ભી મહકતે હુએ નહીં દેખે જાતે**

## ★ નવાઝિશોની વર્ષા ★

ઈશ્કના સામ્રાજ્યના તાજદાર ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂના ઉર્સના પ્રસંગે તહરીકે રઝાએ મુસ્તફાના આયોજન હેઠળ બરેલી શરીફના એક વિશાળ હોલમાં ઈમામ અહમદ રઝા કોન્ફરન્સ થઈ રહી હતી. આખો હોલ ટોચના ઉલમા તથા વિધ્વાનોથી ભરેલો હતો. સદારતના સ્થાને જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ તાજુશ્શરીઅત હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી બિરાજેલ હતા. નાચીઝ પોતે ઈમામ અહમદ રઝાની ઈશ્કે રસૂલ વિશેની ફિલોસોફીના વિષય પર તકરીર કરી રહ્યો હતો. અચાનક હોલમાં બે મોઅઝ્ઝઝ્ મહેમાનોનું આગમન થયું. આગળ આગળ રઈસુલ્ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ હતા અને તેમની પાછળ કેન્દ્રિય મંત્રી જનાબ સી. એમ. ઈબ્રાહીમ હતા. મેં થોડીક પળો માટે તકરીર રોકી દીધી પણ માઈક પર ઊભેલો રહ્યો. હઝરત અલ્લામા સાહબ પોતાની બેઠક

પર પહોંચતાં પહેલાં મારી નજીક આવ્યા અને ઈર્શાદ ફર્માવવા લાગ્યા, "માશાઅલ્લાહ ! તમે હતા ! ઘણી સરસ તકરીર કરવા લાગ્યા છો ! અલ્લાહ કરે ઝોરે બયાન ઔર ભી ઝિયાદા ! મેં બહાર અવાજ સાંભળ્યો તો લાગ્યું કે મૌલાના કમરુઝ્ઝમાં આઝમી તકરીર કરી રહ્યા છે." મેં તે બુઝુર્ગોની હાજરીમાં સમય વેડફયા વિના થોડીક વારમાં જ મારી વાત પૂરી કરી નાખી.

થોડાક મહીનાઓ પછી મુબારકપૂર હઝરતનો ફોન આવ્યો અને કહેવા લાગ્યા કે જમશેદપૂરમાં એક સંસ્થા સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ علیہ الرحمۃ والرضوان ના ૭૮૬ મા ઉર્સ મુબારક પ્રસંગે અઝીમુશ્શાન કોન્ફરન્સ આયોજિત કરી રહી છે. આયોજન કર્તાઓ મૌલાના ઓબૈદુલ્લાહખાં આઝમીને બોલાવવા માંગતા હતા પણ મેં તમારું નામ રજુ કર્યું છે, તમારે આવવાનું છે અને સુલ્તાનુલ હિંદ પર બયાન કરવાનું છે, પૂરી તૈયારીની સાથે આવશો." આ હુકમ મારા માટે ગર્વ લેવા સમાન હતો. નિશ્ચિત તારીખે ત્યાં હાજર થયો.

એ પોતાની ઢબની એક અઝીમુશ્શાન કોન્ફરન્સ હતી. દિવસે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ قدس سرہٗ ની મુબારક જિંદગી તથા ખિદમતો પર સેમિનાર હતો જેમાં 'આઝાદ હિંદ' કલકત્તાના તંત્રી તથા અન્ય સ્થાનિક તથા બહારથી આવેલા લેખકો તથા વિધ્વાનોએ હિસ્સો લીધો. આ લખનારે પણ પોતાના 'મકાલા' (લેખ)નો નીચોડ રજુ કર્યો. અને ઈશાની નમાઝ બાદ જાહેર પ્રોગ્રામ થયો જેમાં હઝરત મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ્ મુસ્તફા કાદરી તથા હઝરત 'બેકલ' ઉત્સાહીએ પણ ભાગ લીધો. મારી તકરીર પછી હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે ઢગલો દુઆઓથી નવાઝયો અને હદ પારની ખુશી પ્રદર્શિત કરી.

હઝરત સાથે કેટલીયેવાર મુલાકાતો થઈ. વિવિધ સેમિનારો અને કોન્ફરન્સોમાં સાથે રહેવાના પ્રસંગો ઉપસ્થિત થયા. મેં તેમની મેહફિલમાં તથા લખાણોથી ખૂબ ખૂબ લાભ મેળવ્યો અને ઘણાયે મહત્વના પ્રસંગોએ તેમના મશ્વરાઓ તથા માર્ગદર્શનોથી લાભ ઉઠાવ્યો. એકવાર અશ્રફિયામાં અમે અર્ઝ કરી કે હઝરત ! આપે આ લેખનની સ્ટાઈલ કયાંથી હાંસલ કરી ? ફર્માવવા લાગ્યા, મેં ચાર લેખકોનાં લખાણો પૂરેપૂરાં તથા ધ્યાનપૂર્વક વાંચ્યાં, તેમાં મારો શોખ પણ સમાયેલો હતો. આ રીતે મેલજોલવાળી એક





સ્ટાઈલ (શૈલી) બની ગઈ. અને લેખન તથા વાંચનના સંબંધિત અન્ય પણ ઘણા કિંમતી મશ્વરા આપ્યા જેની વિગત દર્શાવવાની અહીં ગુંઝાઈશ નહીં.

## ★ એક મહત્વનો પત્ર ★

મેં (લેખકે) 'ઈદારા તહકીકાતે હાફિઝે મિલ્લત' હેઠળ ત્રણ વરસ સુધી હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ની શખ્સિયત તથા ખિદમતો પર સેમિનાર કરાવ્યા હતા જેમાં દેશના નામાંકિત લેખકોએ હિસ્સો લીધો. એ પ્રસંગે મેં અલ્લામા અર્શદુલ્ કાદરી સાહબને પણ હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ પર લેખ લખવાનું નિમંત્રણ આપ્યું હતું. અલ્લામા સાહબ સેમિનારમાં તો શરીક ન થઈ શક્યા પણ 'હાફિઝે મિલ્લત તથા અલ્જામિઅતુલ્ અશ્રફિયા' હેડીંગ સાથે મુબારકપુરમાં દીનને જીવંત કરવાની એક મહાન ચળવળનું ઐતિહાસિક વિવરણ આપે લેખિત રજુ કર્યું હતું. આ લખાણ સેમિનારમાં જામિઆના એક તાલિબે ઈલ્મે વાંચી સંભળાવ્યું અને ફરી વાર માહનામા (મંથલી) "અશ્રફિયહ્"ના "અન્વારે હાફિઝે મિલ્લત" નંબરમાં પ્રકાશિત થયું. લખાણની સાથે અલ્લામા સાહબે મારા નામે (લેખકના નામે) એક અલગ પત્ર પણ મોકલ્યો હતો, તે યાદગાર પત્ર નીચે રજુ કરું છું :–

અઝીઝ મુકર્રમ હઝરત મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી સાહબ ઝૈદુલ મુજદ્દુમ, મોઅતમદ ઈદારા તેહકીકાતે હાફિઝે મિલ્લત અલ્ જામિઅતુલ અશ્રફિયહ્–મુબારકપુર,–વ અલૈકુમુસ્સલામ વ રહ્મતુલ્લાહિ વ બરકાતૂહુ–મિજાઝે ગિરામી !

ઈદારા તેહકીકાતે હાફિઝે મિલ્લતના સંચાલન હેઠળ યોજનારા સેમીનારની ખબરથી અતિશય ખુશી ઉપજી. આપણા મોહસિનને યાદ રાખવો ઈસ્લામનો જ નહીં ઈન્સાનિયતનો પણ તકાઝો છે. રચનાત્મક કાર્યશૈલીની સાથે હાફિઝે મિલ્લતની તકવાથી ભરપુર જિંદગી વર્તમાનકાળના નવ યુવાનો માટે બેહતરીન દીવાદાંડી છે. મહત્વનું ચિંતન અને યોગ્ય પગલાં લેવાં એ હાફિઝે મિલ્લત સિવાય અન્ય ક્યાંય નથી મળતું. અમે તમને આ અતિ મહત્વના ઈદારાની સ્થાપ્ના પર દિલી મુબારકબાદ પેશ કરીએ છીએ.

ભાગલપુર સહસરામ અને સીતામળીના ભયાનક તથા ધ્રુજાવી દેનારાં તોફાનો પછી ઈદારાએ શરઈય્યહ્ પટના થકી તે વિસ્તારોમાં શાંતિની

સ્થાપ્ના માટે જે ચળવળ શરૂ કરવામાં આવી છે એમાં માનસિક તથા શારીરિક રીતે એટલો વ્યસ્ત હતો કે પલ મારવાની પણ મોહલત ન હતી. એ ઉઝ્રના કારણે ન સેમીનારમાં મારી હાજરી થઈ શકી અને ન તો એ મુબારક પ્રોગ્રામમાં રજુ કરવામાં કોઈ લેખ પણ તૈયાર કરી શક્યો.

હવે જ્યારે કે સતત ત્રણ મહીનાની કોશિશો પછી સ્થિતિ કાંઈક પુરસુકૂન થઈ છે અને માનસિક રીતે હું કલમ ઉઠાવવાને લાયક બન્યો તો ખૂબ જ જલ્દીમાં આપના આપેલા વિષય પર એક લેખ મેં તૈયાર કર્યો છે જે તમને મોકલી રહ્યો છું. જો તમારા લોકોની દ્રષ્ટિએ એ પ્રસિધ્ધ કરવા લાયક જણાય તો તેને લેખોના સંગ્રહમાં સામેલ કરી લેશો જેથી હુઝૂર હાફિઝે મિલ્લતના પ્રશંસકોની સફમાં મને પણ ક્યાંક ઉભા રહેવાનું સ્થાન મળી જાય. ઉમ્મીદ છે કે મિજાઝ બખૈર હશે. વસ્સલામ.

*–દુઆગો, **અર્શદુલ કાદરી**–પટના*

## ★ વિલાદત તથા ખાનદાની સ્થિતિ ★

પૂર્વ યુ.પી.ના બલિયા જિલ્લામાં સૈયદપૂરા નામની એક નાની સરખી આબાદી છે. કહે છે કે તે ગામનું નામ પહેલાં કેવળ "પૂરા" હતું. સાદાતે કિરામમાંથી એક બુઝુર્ગ જે આરિફ બિલ્લાહ હઝરત મૌલાના ફઝ્લુર્રહમાન ગંજમુરાદાબાદીના મુરીદ તથા ખલીફા હતા તેઓ એ વસ્તીમાં તશરીફ લાવ્યા અને ત્યાં જ વસવાટ કર્યો. તેમના કદમોની બરકતથી એ ગામ "પૂરા"ને બદલે "સૈયદપૂરા" નામથી મશહૂર થઈ ગયું. એ બુઝુર્ગનું મઝાર પણ એ જ ગામમાં આવેલું છે.

ઈ.સ. ૧૯૨૫ માં એ જ ગામના એક મશહૂર ઈલ્મી તથા દીની ખાનદાનમાં આપ પેદા થયા અને ઈલ્મો ઈર્ફાનના ગાઢ છાયડામાં ઉછેર પામ્યા. આપના પિતા હઝરત મૌલાના શાહ અબ્દુલ લતીફ અને દાદા હઝરત મૌલાના અઝીમુલ્લાહ رحمۃ اللہ علیہ જોનપૂરની મશહૂર દીની દર્સગાહ 'મદ્રસાએ હનફિય્યહ્' ના ફાઝિલોમાંથી હતા. આપના વાલિદે બુઝુર્ગવાર આરિફ બિલ્લાહ સૂફી અબ્દુલ્ અલીમ આસી ગાઝીપૂરીના મુરીદ તથા આશિક હતા, અને બારગાહે ગૌષિયતમાં તો ફનાઈયતના દરજા સુધી પહોંચી ચૂક્યા હતા. અલ્લામા અર્શદુલ્ કાદરીના કથનાનુસાર કે "તેઓ સરકારે





ગૌષુલ્વરાના ઈશ્ક તથા અકીદતમાં એટલા ડૂબેલા હતા કે દરેક સમયે તેમના પર એક કૈફ તથા મસ્તીની કૈફિયત છવાયેલી રહેતી હતી. જ્યાં સુધી જીવતા રહ્યા ત્યાં સુધી દર ૧૧ મા ચાંદે ખૂબ જ આયોજન સાથે સરકાર ગૌષપાકના ફાતેહા કરતા હતા." ઈમામુલ્ આરિફીન હઝરત મૌલાના આસી ગાઝીપૂરી કુત્બુલ્ અકતાબ હઝરત દીવાન રશીદ જોનપૂરી (લેખક મુનાઝરા રશીદિયહ્)ની ખાનકાહે આલિયાના સજ્જાદાનશીન હતા. હઝરત મૌલાના શાહ અબ્દુલ લતીફ સાહબે રશીદિયહ્ સિલસિલાથી ફૈઝ પ્રાપ્ત કરીને પોતાના નાના પુત્રનું નામ ગુલામ અબ્દુર્રશીદ નક્કી કર્યું એ જ નામ અશ્રફિયાના રજીસ્ટર તથા હેવાલમાં પણ લખેલું છે, પણ પ્રખ્યાત તથા પ્રચલિત થયેલ નામ અર્શદુલ કાદરી છે. એટલે કે શાહ દીવાન રશીદની નિસ્બતથી "અર્શદ" શબ્દ તજવીઝ પામ્યો અને સરકારે બગદાદની નિસ્બતથી "કાદરી"નો ઉમેરો થયો અને બંને બુઝુર્ગોના ફૈઝાનથી "અર્શદુલ્ કાદરી" થયું.

## ★ ટીપામાંથી મોતી બનતા સુધી ★

અલ્લામા અર્શદુલ્ કાદરી સાહબે પ્રાથમિક તાલીમ પોતાના વાલિદે ગિરામી અને દાદા પાસેથી પ્રાપ્ત કરી અને પછી સતત આઠ વરસો સુધી દારુલ ઉલૂમ અશ્રફિયહ્ મુબારકપુરમાં દીની ઈલ્મી વિદ્યાઓની પરિપૂર્ણતા કરી અને ઈ.સ. ૧૯૪૪ માં દારુલ ઉલૂમ અશ્રફિયહ્ના સાલાના જલસામાં સનદે ફરાગત તથા દસ્તારે ફઝીલતથી નવાઝવામાં આવ્યા. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે અન્ય ઉસ્તાદો પાસેથી પણ ઈલ્મ તથા વિદ્યા પ્રાપ્તિ કરી પરંતું હાફિઝે મિલ્લતનો તાલીમી તથા તર્બિયતી ફૈઝાન તેમના પર સાવનની ઘટા બનીને વરસ્યો ! આપ દારુલ ઉલૂમ અશ્રફિયહ્ના ગર્વ સમાન ફરઝંદ હોવાની હૈસિયતથી જિંદગીભર હાફિઝે મિલ્લતના વિ□સનીય રહ્યા. હું મારી જાણકારીની મર્યાદામાં રહી પૂરી ખાત્રી સાથે કહી શકું છું કે અલ્લામા સાહબ હાફિઝે મિલ્લતના પ્રિય શાગિર્દોમાં અઝીઝતરીન શાગિર્દ હતા. વિ□ાસપાત્ર રાવીઓનું બયાન છે કે અલ્લામા સાહબ હાફિઝે મિલ્લતની દર્સગાહમાં બુખારી શરીફની કિરાઅત કરતા હતા તો હાફિઝે મિલ્લત પર ખુશીના આવેશમાં વજદ્ તથા કૈફ છવાઈ જતો હતો. નિઃશંક ! આપ દર્સગાહે અશ્રફિયહ્ની કરામત પણ હતા અને હાફિઝે મિલ્લતની નઝરનું ફૈઝાન પણ.

શુક્ર અને આભારના ભારથી લદાયેલી કલમનો સ્વીકાર વાંચો. અલ્લામા અર્શદુલ્ કાદરી લખે છે :–

મારા માનનીય ભાઈ હઝરત મૌલાના શાહ ગુલામ આસી સાહબે મને મુબારકપુરની વિ□વિખ્યાત દર્સગાહ તથા દારુલ ઉલૂમ અશ્રફિયહ્ મુબારકપુરમાં પહોંચાડી આપ્યો. મારા નસીબની બલિહારી કહો કે મને જલાલતુલ ઈલ્મ, ઉસ્તાઝુલ ઉલમા હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ની આગોશમાં કેળવણી પામવાનો મોકો મળી ગયો અને તેમના બરકતવંત સાયામાં અમે ત્યાં આઠ વરસ ગુજાર્યા. જ્યારે એક વરસના માટે આપ નાગપુર તશરીફ લઈ ગયા હતા તો ત્યાં પણ મને ખિદમતમાં હાજરીનો શરફ હાંસલ હતો. મારી પાસે ફિકો શઉર (ચિંતન તથા સમજ)ની જે કાંઈ પૂંજી છે તે તેમના જ ઈલ્મી ફૈઝાન, રૂહાની તવજ્જોહ અને તેમની મુસ્તજાબ દુઆઓની બરકત છે. તેમની દિલનવાઝ શફકત (હેત) તથા રહમતે મારી ફિક્રને પુખ્તગી, મારી જીભને સ્પીચ અને મારી કલમને ઈમામ અહમદ રઝા કાદરી ફાઝિલે બરેલ્વીના મસ્લકે ઈશ્ક તથા ઈર્ફાનની તર્જુમાનીનો શરફ બખ્શ્યો અને તેમની ચિંતનની તર્બિયતનું સૌથી મોટુ એહસાન એ છે કે બાતિલ કુવ્વતોથી લડવાનો મને જઝબો અતા થયો. આ શરફ પણ મારા માટે ગર્વનો સબબ છે કે જામિઆ અશ્રફિયા મુબારકપુરની ઈલ્મી ચળવળને પરિપૂર્ણતાએ પહોંચાડવામાં તેમની હયાતની અંતિમ ઘડી સુધી હું તેમના ભરોસાપાત્ર અને એક વફાદાર ખાદિમની જેમ તેમના કદમોથી લાગેલો રહ્યો.'' *(સૌગાતે રઝા, પેજ–૨૮)*

## ★ અજોડ કેળવણીનું ધામ ★

હવે એ હકીકતને તો આખા યુગે સ્વીકારી લીધી છે કે નજીકના ભૂતકાળમાં હુઝૂર હાફિઝે મિલ્લત જેવો કોઈ વ્યક્તિઓનો ઘડવૈયો પેદા નથી થયો. રજકણોને સૂર્ય બનાવવો અને ટીપાંઓને સમુદ્ર બનાવવો આપની અસરકારક કેળવણી તથા કિમીયા અસરનો મામૂલી સરખો કરિશ્મો હતો. નિઃશંક ! હુઝૂર હાફિઝે મિલ્લત વ્યક્તિ ઘડતરની કળાના ઈમામ હતા. તો હવે જે ટીપા પર હાફિઝે મિલ્લતની ખાસ નજર પડી હશે તે હીરો કેટલો અમૂલ્ય હશે ! એટલા માટે તો હુઝૂર **હાફિઝે મિલ્લતે** એક પ્રસંગે આમ





જલસામાં ઈર્શાદ ફર્માવ્યો હતો, **''જો અબ્દુલ અઝીઝને અલ્લાહ તઆલા એટલી દૌલત અતા ફર્માવી દેત તો હું મારા અર્શદને સોના વડે તોલતે !''** એ સાચુ કે મૌલાના અર્શદને હાફિઝે મિલ્લત સોનાથી તોલી ન શક્યા, પરંતુ હુઝૂર હાફિઝે મિલ્લતની ફૈઝ વેરતી ઝબાનથી નીકળેલા એ શબ્દો સોના ચાંદી કરતાંય કેટલાયે અંશે કિંમતી છે જે રઈસુલ કલમની ચર્ચામાં હમેશાં ગર્વભેર દોહરાવવામાં આવશે. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી પોતાના ઉસ્તાદની સમયની અજોડ તર્બિયત વિશે સ્પષ્ટતા કરતાં લખે છે :–

''હાફિઝે મિલ્લતની જિંદગીનું સૌથી તરી આવતુ જૌહર પોતાના શાગિર્દોની હમદર્દીપૂર્ણ કેળવણી તથા તેમનાં વ્યકિતત્વનું ઘડતર છે. આપના આ ગુણમાં આપ એટલા પ્રમાણમાં અજોડ છે કે દૂર દૂર સુધી કોઈ તેમનો શરીક તથા ભાગીદાર જોવા નથી મળતો. **વ્યક્તિના ઘડતરની કલામાં** કોઈ સંપૂર્ણ કિતાબ હજી સુધી મારી નજરેથી ગુજરી નથી, પરંતું મારી જાણકારી તથા અનુભવની મર્યાદામાં રહીને કહું છું કે એ વિષયમાં આપ **ઈમામ** હતા.''

વ્યકિતનું ઘડતર કરવું કેટલો કઠિન વિષય છે ! એક આભ જેવી ઊંચી શખ્સિયતની અંદર કઈ વિશિષ્ટતાઓનું હોવું જરૂરી છે, અલ્લામા સાહબ પોતાના ઉસ્તાદની જિંદગી પર એ દ્રષ્ટિકોણથી પ્રકાશ વેરતાં લખે છે :–

''તાજમહલનું બાંધકામ સરળ છે પરંતું વ્યક્તિઓના ઘડતરનું કામ ખૂબ જ કઠિન છે. હાફિઝે મિલ્લતને આ કામ સાથે ઈશ્કની હદ સુધી સંબંધ હતો. સફરમાં કે રહેઠાણ પર, દર્સના વર્તુળમાં કે ખાસ મજલિસમાં કે આમ જલસામાં ક્યાંય પણ એક પળ માટે પોતાના ઈશ્કના ફરીઝાથી ગાફેલ રહેતા ન હતા. ઈતિહાસમાં સુધારકો તથા ઉસ્તાદોની જિંદગીઓના જે અગણિત પ્રસંગો સચવાયેલા પડેલા છે તેમાં વ્યક્તિ ઘડતરથી સંબંધિત વેરાયેલા અંશોનો તમે ઊંડાણપૂર્વક અભ્યાસ કરો તો તમે મારા આ મંતવ્યને સમર્થન કરશો કે વ્યક્તિ ઘડતરના માટે કોઈ શિક્ષક તથા સુધારકમાં આ પાંચ ગુણોનું હોવું જરૂરી છે : **(૧)** પ્રેમભાવ **(૨)** તીવ્ર દિમાગ શક્તિ **(૩)** તદબીર (યુક્તિ–પ્રયુક્તિ) **(૪)** ઈલ્મ **(૫)** તકવો. અને હકીકતો તથા પ્રસંગો સાક્ષી છે કે આ પાંચેવ ગુણો હાફિઝે મિલ્લતની જિંદગીમાં ઉભરેલા નિશાનોની જેમ મળે છે. *(અશ્રફિયા હાફિઝે મિલ્લત નંબર)*

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી પોતાના આકાએ નેઅમત હુઝૂર હાફિઝે મિલ્લતની બારગાહે આલીમાં ફિક તથા કલમનો ખિરાજ પેશ કરતાં લખે છે :–

**રઈસ યાદમેં લાખોં હિકાયતેં લેકિન**
**કોઈ સુને તો સુનાઉં કોઈ કહે તો કહૂં !**

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ પોતાનામાંના ફઝાઈલ તથા કમાલો પોતાની ત્યાગભાવના તથા ઈખ્લાસ, પોતાના ઝોહદ તથા તકવા પોતાના ઈલ્મી અનુભવ, પોતાની ઈલ્મી હિકમત તથા ફરાસત, પોતાના મકામે તકર્રુબો ઈર્ફાન, પોતાના અખ્લાકી એહસાનો તથા કૃપાઓના હિસાબે જે ઉચ્ચ સ્થાને બિરાજમાન હતા તેનો સ્વીકાર દોસ્ત તો દોસ્ત દુશ્મનને પણ છે. પરંતું જે ખૂબીઓમાં તેમણે પોતાના સમકાલિન જ નહીં માજીના પણ હજારો ઉલમાને પોતાની પાછળ રાખી દીધા છે તે છે તેમનું વ્યક્તિ ઘડતર અને માનવવંશના અસ્તિત્વનું મિશન. અને તે પણ એ શાનની સાથે કે તેનો ક્રમ મૌતનો ફરિશ્તો પણ નથી તોડી શકતો. ઈલ્મ તથા દિર્ઘ દ્રષ્ટિ અને વ્યક્તિ ઘડતરના ફૈઝનું જે ઝરણુ તેમની જાહેરી હયાતમાં વહેતુ હતું તે આજે પણ જામિઆના ક્ષેત્રમાંથી ઉભરાઈ રહ્યું છુ. *(અન્વારે હાફિઝે મિલ્લત નંબર, અશ્રફિયહ્, ઈ.સ. ૧૯૯૨)*

## ★ આંખોમાં એક તરીની જેમ છે ભૂતકાળની યાદગાર ★

જે દિવસોમાં અલ્લામા અર્શદુલ કાદરી મુબારકપુરમાં કમાલની પ્રાપ્તિ માટે પર્વતારોહણ કરી રહ્યા હતા એ અરસામાં હાફિઝે મિલ્લત વ્યક્તિ ઘડતરની સાથે દારુલ ઉલૂમની તામીર તથા પ્રગતિના માટે પણ રાત દિવસ કોશિશમાં હતા. હાફિઝે મિલ્લતના નિખાલસ અમલ તથા દર્દભરી આગેવાનીએ મુબારકપુરવાળાઓને નિખાલસતા તથા વફાદારીના પયકર બનાવી દીધા હતા. તેમણે પોતાની ગરીબીના દિવસોમાં પણ ત્યાગવૃત્તિ તથા કુર્બાનીનાં જે આશ્ચર્યજનક દ્રશ્યો પૂરાં પાડયાં હતાં તો કમસે કમ હિંદુસ્તાનભરમાં તેનું દ્રષ્ટાંત મળવું મુશ્કેલ છે. હિ.સ. ૧૩૭૧ માં હઝરત અલ્લામા સાહબે તેમની ત્યાગ ભાવનાની દાસ્તાન "પૂર્વ યુ.પી.માં ઈસ્લામી





શૌકતનું એક ઐતિહાસિક ચિત્ર" નામની કિતાબ રૂપે લખી હતી. અલ્લામા અર્શદુલ કાદરી સાહબ પોતાના વિદ્યાર્થીકાળનો આંખે દેખ્યો અહેવાલ પોતાના વિશિષ્ટ અંદાઝમાં રજુ કરે છે :–

"હિંદુસ્તાનમાં મુસલમાન અહલે સુન્નતની મર્કઝી દર્સગાહ "મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ" જે મુબારકપુરવાળાઓની ઈલ્મ પરવર જિંદગીનું એક અજોડ કારનામુ છે, અશરફી રોડ પર તેની આલીશાન ઈમારત જોઈને શાહી મહેલ પર ભૂલા પડે છે. કહેવામાં આવે છે કે તે સમયે એશિયાભરમાં પૌરાણિક પધ્ધતિથી ઈસ્લામી વિદ્યાની મજબૂત તાલીમ કેવળ અહીં જ આપવામાં આવતી હતી. ઈલ્મવાળાઓમાં અહીંની ઉચ્ચ કક્ષાની તાલીમ અજોડ છે. અહીંના સ્ટાન્ડર્ડ ઉલમા હિંદ તથા પાક. પર આસ્માનની જેમ છવાયેલા છે.

પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણોને હું કદી નથી ભૂલી શકતો, જે જમાનામાં તેની આખરી મંઝિલના માટે હંગામી ચંદો થઈ રહ્યો હતો ત્યારે અસ્રથી મગરિબ સુધી ચંદાના ઈજતેમામાં તલબાની હાજરી અનિવાર્ય હતી તે તદન એવી જેવી કે દર્સગાહમાં દર્સના વખતે. મને સારી પેઠે યાદ છે કે ચાર વાગ્યે છુટ્ટી પછી અમે તમામ તલબા દારુલ ઉલૂમના મોટા હોલમાં એકત્ર થતા હતા. મુખ્ય દરવાજેથી નીકળીને રવાના થવાનો દિલકશ નઝારો દ્રષ્ટિમાં હજી સુધી ઘુમી રહ્યો છે.

મુબારકપુરની જાન, જલાલતુલ ઈલ્મ હઝરત ઉસ્તાઝ અલ્લામા અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા દામત બરકાતુહુમુલ કુદસિયહ્ رحمۃ اللہ علیہ અન્ય ઉસ્તાદોની પાછળ પાછળ તલબાની એક ઘણી જ લાંબી લાઈન રહેતી હતી. જે માર્ગે થઈને અમે લોકો પસાર થતા હતા લોકો અમારા ખુશ ચહેરાઓનો તમાશો જોતા હતા. દરવેશોની સફમાં ઉભા રહીને અમે કેટલા ગર્વિષ્ઠ જણાતા હતા ! કાશ તે ખુશીભર્યો જમાનો કોઈ રીતે પલટી આવે !

**અય અહદે ગુઝિશ્તાકી સુહાની રાતો !**
**અબ તુમસે મુલાકાત નહીં હો સકતી ?!**

જે તલબા (વિદ્યાર્થીઓ)માં શેઅર તથા શાઈરીથી કાંઈક લગાવ હતો તેઓ ચંદામાં પઢવા માટે દરરોજ નવી નવી નઝમો લખ્યા કરતા હતા.

મને સારી રીતે યાદ છે કે "ઝમાં" મુબારકપુરીનો એક ઉત્તેજક કસીદો તે સમયે એટલા પ્રમાણમાં લોકપ્રિય થયો કે મુબારકપુરના બચ્ચા બચ્ચાની જીભે હતો. ચંદામાં જયારે તે પઢવામાં આવતો હતો તો લોકોમાં વજદાની કૈફિયત છવાઈ હતી. ઘણા ઘરો પર ખાસ કરીને આ કસીદાની ફર્માઈશ કરવામાં આવતી હતી. ઘણા દિવસો વહી ગયા, પરંતુ તેના મત્લઅનો બંદ નથી ભૂલાયો.

**હમ અપના માલો ઝર નઝરે તમન્ના કર કે છોળેંગે**
**તમામ અગ્યારકો મહ્‌વે તમાશા કરકે છોળેંગે**
**જહાંમેં હસન આલમગીર બરપા કરકે છોળેંગે**
**હમ અપને મદ્રસાકો રશ્કે લૈલા કરકે છોળેંગે**

## ★ મુબારકપુરની એક વિધવાની ત્યાગવૃત્તિ ★

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહેબે આજ દૌરના ચંદા વિશે એક મુબારકપૂરી બેવા સ્ત્રીનો દર્દનાક કિસ્સો બયાન ફર્માવ્યો છે, ઉતાવળ ન હોય તો થોડીક ક્ષણો ઉભા રહી એ પણ વાંચી જાવ. "લગભગ રાતના સારા અગીયાર વાગે ચંદાનો જુલૂસ પસાર થઈ રહ્યો હતો. લોકો તેના દરવાજા પર ઉભા રહ્યા વગર આગળ વધી ગયા. પણ તેણી જાણે કયા જઝબામાં પોતાનો દરવાજો ખોલીને બેઠી હતી. જયારે તેણીએ જોયું તો લાકડી ટેકતાં બહાર આવી અને ભારે અવાજમાં કહ્યું, શું મદરસો બેવાઓનો નથી ?!

ખુદાની કસમ ! કોઈ મને પૂછે તો તેના આ શબ્દોમાં અને નશ્તરમાં શું ફર્ક છે તે નથી બતાવી શકતો ! દિલ પર એવું ઝખ્મ લાગ્યું જે આખી જિંદગી યાદ રહેશે. ટૂંકમાં એ કે જુલૂસને પાછુ આવવું પડયું. મને યાદ છે કે તે દરવાજા પર એક ઈંડુ અને થોડાક જવનો ચંદો મળ્યો હતો, લગભગ આજ તેના ઘરનો કુલ સામાન હતો.

લોકોએ મશ્વરો આપ્યો કે ઈંડાને અહીં જ લીલામ કરવામાં આવે. આથી એક પર એક બોલીઓ શરુ થઈ ગઈ. છેવટે એક જણે પંચોતેર રૂ.માં ઈંડું ખરીદયું અને મદરસાને ભેટ આપ્યું.

ત્યાર પછી ફરી તેનું લીલામ શરૂ થયું, આ રીતે ત્રણવાર લીલામ





થઈ મદરસાને ભેટ મળતુ રહ્યું, છેલ્લે બધાએ પોતાની રકમો તે બેવાના નામે લખી આપી. *(એક તારીખી મુરક્કા)*

## ★ અમલી જિંદગીનો પેહલો કદમ ★

ઈ.સ. ૧૯૪૪ માં અલ જામિઅતુલ અશરફિયા મુબારકપૂરથી ફારિગ થઈ આપ નાગપૂરમાં મુદર્રિસની હેસિયતથી તશરીફ લઈ ગયા અને ઈ.સ. ૧૯૫૨ સુધી આપે મદરસા શમ્સુલ ઉલૂમમાં પોતાની કિંમતી ખિદમતો આપી. **મુફ્તી જલાલુદ્દીન અમજદી** رحمۃ اللہ علیہ એ આજ દૌરમાં દર્સે નિઝામિયા પુરૂં કર્યું. ફકીહે મિલ્લતના કથનાનુસાર :– "મગરિબની નમાઝ પછીથી રાત્રે બાર વાગ્યા સુધી અલ્લામા અર્શદુલ કાદરી પાસે દર્સે નિઝામીની તાલીમ હાંસલ કરતા હતા. ૨૪ શાબાન હિ.સ. ૧૩૭૧ મુતાબિક ૧૯ મે ઈ.સ. ૧૯૫૨ માં ૧૮ વર્ષની વયે અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ એ દસ સાથીઓ સાથે મને પણ સનદે ફરાગત અર્પણ કરી."

અલ્લામા અર્શદુલ કાદરી સાહબ પોતાની તાલીમી ખિદમતોને બે શબ્દોમાં વર્ણવે છે : "નાગપૂરમાં મદરસએ શમ્સુલ ઉલૂમ અને જમશેદપૂર મદરસએ ફૈઝુલ ઉલૂમથી તાલીમી ખિદમતના પરિણામે **લગભગ દોઢ હજાર આલિમો** પેદા થયા જેઓ દેશ વિદેશમાં દીનની મહત્વની ખિદમતો આપી રહ્યા છે. *(સૌગાતે રઝા, પેજ–૨૯)*

## ★ નાગપુરથી જમશેદપુર સુધી ★

આજથી લગભગ અડધી સદી અગાઉ ઈ.સ. ૧૯૫૨ ની વાત છે. હુઝૂર હાફિઝે મિલ્લતે પોતાના મુરીદોના આગ્રહ પર જમશેદપુરનો દૌરો કર્યો. હાફિઝે મિલ્લતે એ ખૂબસૂરત શહેરમાં અહલે સુન્નતના ચિરાગની જ્યોતને મંદ પડતી જોઈ તો ખૂબ જ રંજ થયો. બદ્‌અકીદગીના વધતા તોફાને એ દિશાએ વિચારવા મજબૂર કરી આપ્યા કે અહીં કોઈ દર્દમંદ, હાઝિર દિમાગ, નિખાલસતાપૂર્ણ, લોખંડી પુરૂષ મુબલ્લિગની તાતી તથા સખત જરૂરત છે જે પોતાની હિકમતે અમલી, દૂરંદેશી અને સતત કોશિશ વડે મિલ્લતના પ્રવાહની દિશા ફેરવી નાખે.

જમશેદપુરના દીની ઈતિહાસની તે ઘડી કેટલી ક્રાંતિમય હતી કે

એક નફ્સનો મસીહા દરવેશ મર્દ ખુદાની બારગાહમાં આજીજી કરી રહ્યો હતો અને બેખૂદીના આલમમાં હોટો પર એક માંગણી વારંવાર આવી રહી હતી કે, "હે અલ્લાહ ! ગૈબથી કોઈ મુખ્લિસ, જફા કશ આલિમે દીનની વ્યવસ્થા કરી આપ ! જે જમશેદપુરમાં દીનો દાનિશના વેરાન રણને લાલાઝાર બનાવે." જેવો આંસૂંઓનો ધોધ રોકાયો કે મોઅઝ્ઝિનની દિલનવાઝ સદાએ આખા માહોલના મૌનને તોડી નાખ્યું. અને હાફિઝે મિલ્લત એ યકીનની સાથે મુસલ્લાથી ઉઠી ગયા કે અલ્લાહ તઆલાની બારગાહમાં અમારી મુરાદ પૂરી થઈ ગઈ.

ફજરની નમાઝથી ફારિગ થયા બાદ જ્યારે મુરીદોએ પૂછયું કે, હુઝૂર ! જમેશદપૂરના માટે આપે કોઈ આલિમે દીનનો ઈન્તેઝામ કર્યો ? તો હાફિઝે મિલ્લતે માથુ ઉઠાવ્યા વિના વિ□ાસ તથા યકીનની ઊંચી ટોચેથી ઈર્શાદ ફર્માવ્યો, "જી હા !" નાગપૂરમાં મારા એક શાગિર્દ તદરીસી ખિદમત અંજામ આપી રહ્યા છે જે ઘણી મહાન ખૂબીઓના માલિક છે, જો તે આવી જાય તો મને યકીન છે કે આખુ જમશેદપૂર દીન તથા સુન્નિયતનો ગહવારો બની જશે, હું તેમને આજે જ પત્ર લખીશ, જો તેમના માર્ગે કોઈ રુકાવટ ઊભી ન થઈ તો સમજી લે જો કે બારગાહે રબમાં તમારી દુઆઓ કબૂલ થઈ ગઈ.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીને પત્ર મળ્યો. વર્ષોની જાણીતી તેહરીર જોતાં જ સમજી લીધું કે મુબારક પત્ર જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લતનો છે. પત્રના લખાણમાં જો કે હાકિમાના તેવર ન હતું પરંતુ સમજદાર શાગિર્દને પોતાના ઉસ્તાદની દિલી મુરાદ સુધી પહોંચવામાં એક પળનો પણ વિલંબ ન થયો. લખાણનો ભાવાર્થ કાંઈ આ પ્રમાણે હતો કે હે મારા વિ□સનીય વિદ્યાર્થી ! મુબારક થજો ! કારસાઝે આલમે તમને એક ઘણી કઠિન દીની ખિદમતના માટે ચૂંટી કાઢયા છે, પત્ર મળતાં જ મદ્રસાથી છૂટા થવાની અખ્લાકી જિમ્મેદારીઓથી ફારિગ થઈ જાવ અને પહેલી ફુરસદે બિહારના સૌથી ખૂબસૂરત શહેર જમશેદપુર ચાલ્યા જાવ, ત્યાં તમારા જેવા મજબૂત ઈરાદાવાળા નવયુવાન મુબલ્લિગની સખત જરૂરત છે, પરંતું આવતા પહેલાં મદ્રસા શમ્સુલ ઉલૂમ નાગપૂરના તદરીસી તથા તર્બિયતી નિઝામને સંભાળવાના માટે તમારા સ્થાને કોઈ યોગ્ય વ્યવસ્થા જરૂરથી કરશો, એટલા માટે કે ચિરાગથી ચિરાગ જલાવવો ભલાઈનું કાર્ય છે **પરંતું એક ચિરાગ**





**બુઝાવીને બીજો ચિરાગ રોશન કરવો એક ઈસ્લામના દાઈ (નિમંત્રક)ના માટે શાણપણ ભર્યું કદમ નથી.** અલ્લામા અર્શદુલ કાદરી સાહબ એક સમજદાર આલિમે દીન હતા. તેઓ સતત આઠ વરસ સુધી હાફિઝે મિલ્લતની ખિદમતમાં રહીને તેમના ચિંતન તથા અમલની દરેકે દરેક અદાથી વાકેફ થઈ ચૂકયા હતા. હવે એક વફાદાર શાગિર્દના માટે એ સિવાય કોઈ માર્ગ ન હતો કે તે આવનારી સવાર સુધીમાં જમશેદપૂર જવાને માટે સફરનો સામાન બાંધી લે અને આજે જ મદ્રસાની જિમ્મેદારીઓથી ઉસૂલી તૌર પર મુકિત મેળવી લે.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ ઈદારાના જિમ્મેદારોને બોલાવીને જમશેદપૂરની ધાર્મિક સ્થિતિ વિશે સ્પષ્તા કરી અને પોતાના રાજીનામાનો ઉલ્લેખ કરતાં પહેલાં હુઝૂર હાફિઝે મિલ્લતનો મુબારક પત્ર ઈદારાના સભ્યો સમક્ષ રાખી દીધો. પત્ર વાંચ્યા બાદ વ્યવસ્થાપકોએ સારી પેઠે સમજી લીધું કે હઝરત અલ્લામા સાહબ અમને શું કહેવા ચાહે છે. એ પહેલાં કે અલ્લામા સાહબ પોતાનું રાજીનામુ રજુ કરે વ્યવસ્થા કમિટીના જિમ્મેદારોએ ઘણા જ દર્દનાક અને આશ્ચર્યભર્યા અંદાઝમાં અરજ કરી કે, હુઝૂર ! અમે તમારા માટે દરેક પ્રકારની કુર્બાની પેશ કરી શકીએ છીએ પણ ખૂદ તમને કોઈના હવાલે કરી દઈએ એ અમારાથી નથી થઈ શકતું ! કલાકો સુધીની ચર્ચાઓ પછી નિર્ણાયક અંદાજથી અલ્લામા સાહબે ઈર્શાદ ફર્માવ્યો કે, હું મારા ઉસ્તાદે ગિરામીની મરજી વિરૂધ્ધ એક કદમ પણ ચાલવા તૈયાર નથી ! આ પત્ર મારા ઉસ્તાદે ગિરામીનું હુકમનામુ છે જેમનાં એહસાનોના ભારે બોજથી આ જિંદગી તો શું પણ મારી કબ્રની માટી પણ ભારે રહેશે. મેનેજિંગ કમિટીએ અલ્લામા સાહબના આ અફળ નિશ્ચય સામે હથિયાર હેઠાં મૂકી દીધાં અને ઈદારાના નાઝિમે લાચારીથી દુ:ખ ભર્યા અવાજમાં એ મલચતી આરઝૂની સાથે રજા આપી કે જિંદગીના સંજોગો કોઈ મોડ પર ઈજાઝત આપી દે તો અમારી આંખો આપના માટે હમેશાં રાહ જોતી ફર્શ પર બિછાયેલી રહેશે અને અમારા દિલોના દરવાજા હમેશાં માટે તમારા માટે ઉઘાડા રહેશે.

હાફિઝે મિલ્લતના પત્રમાં ન કોઈ મસ્જિદ કે મદ્રસાનો ઉલ્લેખ હતો અને ન કોઈ સંસ્થાનો, પત્રનો સાર એટલો હતો કે તમારે જમશેદપુરમાં દીન તથા સુન્નિયતની ખિદમત કરવાની છે.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી એક ગરીબ પ્રદેશના મુસાફિરની જેમ જમશેદપુરની હદોમાં પ્રવેશ્યા તો સૂર્ય પશ્ચિમના આંચલમાં છુપાવાની કોશિશ કરી રહ્યો હતો. એક અજનબી મુસાફિરની શામે ગરીબાં કેટલી દર્દનાક હોય છે એ એહસાસને અમે શબ્દોનો પોશાક તો નથી પહેરાવી શકતા પણ એટલુ જરૂર જાણીએ છીએ કે એવા આલમમાં દૂરની ઓળખાણ પણ ઘણો જ મોટો સહારો બની જાય છે. જમશેદપૂરમાં અલ્લામા સાહબના એક ઓળખીતા મૌલાના ઈમામત તથા ખિતાબતનો ફરીઝો અંજામ આપી રહ્યા હતા. કોઈક રીતે તેમની મસ્જિદ સુધી પહોંચ્યા અને એક થાકેલા હારેલા મુસાફરની જેમ મસ્જિદની સહેનમાં એ ઈંતેઝારમાં બેસી ગયા કે જ્યારે ઈમામ સાહબ ઈશાની નમાઝ માટે તશરીફ લાવશે તો મુલાકાત થશે, જો ઓળખી લીધો તો કમસે કમ રાતભરનું ઠેકાણું મળી જશે ! આવનારી સવારનો ખુદા હાફિઝ છે.

મુલાકાત થઈ તો ઈમામ સાહબ ખૂબ જ ઉત્સાહ ભેર મળ્યા, તેમના ખુશ આમદિદ કહેતા મુસ્કુરાતા લબોએ માર્ગભરની તકલીફોનો ગમ અદ્રશ્ય કરી દીધો. રસમી વાતચીત પછી જ્યારે ઈમામ સાહબે જમશેદપુર તશરીફ લાવવાનો મકસદ પૂછયો તો અલ્લામા સાહબ કેવળ એટલુ કહીને ખામોશ થઈ ગયા કે ઉસ્તાદે ગિરામી હાફિઝે મિલ્લતે દીન તથા સુન્નિયતની ખિદમતના માટે મોકલ્યો છે. જ્યારે ઈમામ સાહબે વિગતવાર માહિતી જાણવાની કોશિશ કરી તો જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો કે, અત્યારે કાંઈ કહેવું સમયથી વહેલુ ગણાશે. હું પોતે હજી ખૂદ નથી જાણતો કે મારે મારી તબ્લીગી પ્રક્રિયાનો આરંભ ક્યાંથી કરવાનો છે. આજે રાત્રે બારગાહે ગૌષિયતમાં અરજ પેશ કરીશ, શક્ય છે કે આવનારી સવારનો સૂરજ મારી ઉમંગોના કાફલાના માટે કોઈ દિશા નિશ્ચિત કરી શકે.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબ ફજરની નમાઝ બાદ ઈમામ સાહબને સાથે લઈને મસ્જિદેથી નીકળી ગયા અને દિવસભર મુસ્લિમ મહોલ્લાઓનું નિરિક્ષણ કરતા રહ્યા. પગપાળા ચાલતાં ચાલતાં જ્યારે થાકી ગયા તો સૂરજ અસ્ત થતા અગાઉ પોતાના ઠેકાણે પાછા ફરી ગયા. દિવસભરની જદોજેહદ પછી જ્યારે કોઈ કામયાબી ન મળી શકી તો મોડી રાત સુધી મસ્જિદના એક ખૂણામાં પોતાના મૌલાને ફરિયાદ કરતા રહ્યા.





અને બીજા દિવસે ફરી જમશેદપુરના ગલી કૂચાઓમાં ફેરી ફરનારાઓની જેમ નીકળી પડયા. ખુદા જાણે આ દરવેશ સમા કલંદરને કોની તલાશ હતી ! તેનો ખુલાસો તો એ પોતે પણ નથી કરી શકતા.

મહોલ્લા ધતકીડીયાની એક ગલીમાંથી પસાર થતાં અચાનક આગેકૂચ કરતા કદમ અટકી પડયા અને આશ્ચર્યમાં ડૂબીને એક દરવાજા પર લખેલ લખાણને વાંચવા લાગ્યા અને ઉદાસ ચહેરો ગુલાબની જેમ ખીલી ઉઠયો, શુષ્ક ચહેરા પર એકદમ તાજગીની લહેર દોડવા લાગી, પેશાની પર ખુશીના નૂરની કિરણ જોઈને સાથીએ પ્રથમ દ્રષ્ટિએ સમજી લીધું કે અજનબી મુસાફિર બે દિવસથી જે મંઝિલની તલાશમાં પરેશાન હતો તે મંઝિલ શાયદ તેની નિગાહો સમક્ષ છે. દરવાજા પર કોતરેલ લખાણનું વાકય કેવળ આટલું હતું : **"યા સુલ્તાનુલ્ હિંદ ગરીબ નવાઝ.... અલ્ મદદ !"** ખુદા જાણે હઝરત સુલ્તાનુલ્ હિંદના નામમાં તે કયુ યકીન બોલી રહ્યું હતું કે અલ્લામા સાહબે કોઈ પણ ખચકાટ વિના એ રીતે ઘરના દરવાજે ટકોરા માર્યા કે ઘર માલિક વરસોનો ઓળખીતો હોય ! સાથીદારની ખુલાસો માંગતી નજરોનો જવાબ આપતાં અલ્લામા સાહબે ફર્માવ્યું : **અકીદા તથા અમલની એકરૂપતા લોહીની સગાઈ કરતાં પણ અધિક મજબૂત હોય છે. લોહીના સંબંધો તો વિચારોનો મતભેદ થતાં તૂટી જાય છે પણ ખ્વાજાના દરબારથી મદની તાજદારની ચોખટ સુધી આપણા જેવા અકીદતમંદોની વૈચારિક એકરૂપતા એટલી મજબૂત છે કે તેને આ સમયનું ચક્ર તો શું મૌતનો ફરિશ્તો પણ નથી તોડી શકતો.** હજી અલ્લામા સાહબ પોતાની વાત પૂરી પણ કરવા પામ્યા ન હતા એવામાં દરવાજો ખુલ્યો અને એક નવજવાનની સલામના અવાજે બંનેને પોતાની તરફ ધ્યાનિત કર્યા. નવજવાને આવવાનો સબબ પૂછતાં ખૂબ જ અદબભેર અર્ઝ કરી કે, હઝરત ! તમારે કોને મળવું છે ? અલ્લામા સાહબે કશીય પ્રાસ્તાવિકતા વગર કહ્યું, આ ઘરનો જિમ્મેદાર કોણ છે ? નવ જવાને પોતાના પિતાનું નામ દર્શાવતા કહ્યું કે તેઓ અત્યારે ઘરમાં નથી, ડયૂટી પર ગયા છે. અને સાંજે જરા મોડેથી ઘેર આવશે. સવારે નવ વાગ્યે જરૂર તેમની મુલાકાત થઈ શકશે. અલ્લામા સાહબે ચહેરાથી નજરો હટાવ્યા વિના જણાવ્યું, તમારા વાલિદ જનાબ ઝમીરુદ્દીન સાબરી સાહબને મારા સલામ કહેશો, અમે ઈન્શાઅલ્લાહ

કાલે હાજર થઈને તેમની સાથે જરૂર મુલાકત કરીશું.

સવારે નવ વાગ્યા પહેલાં જ અલ્લામા અર્શદુલ કાદરી સાહબ જનાબ ઝમીરુદ્દીન સાબરી સાહબના દરવાજા પર ઊભા હતા અને દરવાજે ટકોરા મારી તેમના આવવાની રાહ જોઈ રહ્યા હતા. જનાબ ઝમીરુદ્દીન સાબરી સાહબ પ્રથમ મુલાકાતમાં જ ખૂબ જ ભાવપૂર્વક મળ્યા. ઔપચારિક વાતો પછી આવવાનો હેતુ પૂછયો. હઝરત અલ્લામા સાહબે પોતાના આકર્ષક લહેજામાં સંક્ષિપ્ત પ્રાસ્તાવિકતા પછી કહ્યું કે અમે તમારા મહોલ્લામાં એક દીની મદ્રસો ચલાવવા ચાહીએ છીએ, આપના દરવાજા પર **"યા ગરીબ નવાઝ"**નું ઈમાન અફરોઝ લખાણ જોઈને દિલને સંપૂર્ણ સંતોષ થઈ ગયો હતો કે જમશેદપુરમાં સુલ્તાન સરકાર સુલ્તાનુલ હિંદના દા'વતથી તથા તબ્લીગી મિશનને આગળ વધારવા માટે આપની હૈસિયત એક મસીહા જેવા મર્દે મો'મિનની સાબિત થશે. આ ચર્ચા પછી સાબરી સાહબનાં દિલો દિમાગ સંપૂર્ણપણે અલ્લામા સાહબના હમખયાલ થઈ ગયાં હતાં. પરંતુ તેમણે આર્થિક ભીંસની મજબૂરી દર્શાવતાં અર્ઝ કરી, હઝરત! દીની મદ્રસાની તો બેશક! સખ્ત જરૂરત છે પણ અમારા માટે અફસોસનાક વાત એ છે કે અમારા મહોલ્લાની આર્થિક સ્થિતિ હાલમાં ખૂબ જ તંગ છે અમે સર્વ કોશિશો છતાં કદાચ આપની યોગ્ય ખિદમત કરી ન શકીએ. હજી સાબરી સાહબ પોતાની વાત પૂર્ણ કરવા પામ્યા ન હતા એવામાં અલ્લામા સાહબે તેમની મજબૂરી પર ઉત્સાહપ્રેરક અંદાઝમાં જણાવ્યું કે, સાબરી સાહબ! હું ખિદમત કરાવવાની નહીં ખિદમત કરવાની વાત કરું છું! ઈન્શાઅલ્લાહ! મદ્રસાને રસૂલ ﷺ ની બરકતથી દીની તથા ઈલ્મી પ્રગતિ પણ મળશે અને મહોલ્લાની આર્થિક સ્થિતિ પણ સુધરી જશે, અને સાક્ષી રૂપે હુઝૂર હાફિઝે મિલ્લત તથા મુબારકપુરવાસીઓની પૂરી દાસ્તાન ત્યાગવૃત્તિ તથા વફાની સંભળાવી કાઢી.

એટલીવારમાં મહોલ્લાના કેટલાક અન્ય લોકો પણ આવી ચૂક્યા હતા. અલ્લામા સાહબની જાદૂમય વાણી સાંભળ્યા બાદ સાબરી સાહબે એક ઠંડો □ાસ લીધો અને ખૂબ જ ગંભીરતાપૂર્વક જણાવ્યું કે, તો પછી અમારે શું કરવાનું છે ?! અલ્લામાએ મદ્રસાની સ્થાપનાનો સરળ માર્ગ કાઢતાં કહ્યું કે આપના દરવાજા પર જે આ વરંડો ખાલી પડયો છે એમાં દર્સગાહ ચાલુ





કરવાની રજા આપી દો! અલ્લાહ તઆલા કોઈ યોગ્ય બંદોબસ્ત કરી આપશે ત્યારે એની જગા બદલી નાખવામાં આવશે. સાબરી સાહબે અર્ઝ કરી, આ ઘર આપનું છે ! આ નેક કાર્યમાં મને શો વાંધો હોઈ શકે છે ? આટલું સાંભળતાં જ ખુશીના ઉમંગમાં અલ્લામા સાહબની પેશાની ચમકી ઉઠી અને એક પળની રાહ જોયા વિના પોતાના રૂમાલ વડે વરંડાને સાફ કરવા લાગ્યા. સાબરી સાહબે આગળ વધીને હાથ પકડી લીધો અને ઘણા જ શર્મિંદગીભર્યા અંદાજમાં અર્ઝ કરી કે તમે અમને શરમાવો નહીં ! અમે હમણાં એને સાફ કરી નાખીએ છીએ. અને પછી સવારથી બગદાદી કાયદાના અમુક બાળકોને લઈને દર્સગાહની શરૂઆત કરી નાખી.

## ★ દીની તાલીમની પ્રગતિ માટે એક અનોખો કદમ ★

જમશેદપુરમાં અલ્લામા સાહબની ચળવળ પર જે બાળકોએ સૌ પ્રથમ મકતબમાં દાખલો લીધો હતો એમાં જનાબ શરફુદ્દીન સાહબ પણ હતા. તેમણે અલ્લામા સાહબના એક અનોખા તથા શાણપણભર્યા પગલાંઓ વિશે માહિતી આપતાં જણાવ્યું કે, એક દિવસે અમારા ઉસ્તાદે ગિરામી હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબ ધકેડીમાં ઈદગાહની પાસે કબીર્યાડલ સ્કૂલ આવ્યા અને હેડમાસ્તર સાહબને કહ્યું કે તમારા કેટલાક બાળકોને ચાય નાશ્તા માટે બોલાવવા ચાહું છું. હેડ માસ્તરની રજા પછી સમય તથા સ્થળ દર્શાવતાં જણાવ્યું કે આપ અમારે ત્યાં મોકલવાના માટે એવા વિદ્યાર્થીઓની પસંદગી કરો જેઓ તેજસ્વી તથા અભ્યાસમાં મહેનતી હોય.

નિશ્ચિત સમયે જ્યારે વિદ્યાર્થીઓ ચાય પાર્ટીમાં પહોંચ્યા તો આપે નાશ્તા દરમ્યાન મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ તાલીમના મહત્વ પર પ્રકાશ વેર્યો અને વિદ્યાર્થીઓને કહ્યું કે જો આપને તકરીર કરવાનું શીખવાડવામાં આવે તો શું તમે લોકો એના માટે સમય આપી શકો છો ? વિદ્યાર્થીઓને આ મંતવ્ય ખૂબ જ પસંદ આવ્યું અને દરરોજ સ્કૂલ સિવાયના સમયમાં તકરીર શીખવાના માટે ખૂબ જ ઉત્સાહ તથા શોખપૂર્વક આવવા લાગ્યા. આપે ઈલ્મ તથા અખ્લાકના વિવિધ વિષયો પર ટૂંકી ટૂંકી તકરીરો બાળકોને યાદ કરાવી દીધી. જ્યારે અલ્લામાને એ સંતોષ થઈ ગયો કે આ વિદ્યાર્થીઓ હવે કોઈ જાહેર મજમામાં તકરીર કરી શકે છે તો આપે

મહોલ્લાના એક ખુલ્લા સ્થળે "જશ્ને તા'લીમી"નું એલાન કરી દીધું અને ખૂબ જ વ્યવસ્થાપૂર્વક વિદ્યાર્થીઓના વાલીઓને તથા મહોલ્લાના જિમ્મેદારોને ખાસ દા'વત આપી અને આમ એલાનના થકી જમશેદપૂરના મુસલમાનોને પણ નિમંત્ર્યા.

મહોલ્લાવાળાઓ માટે આ એક અનોખો પ્રોગ્રામ હતો. લોકો ખૂબ જ ઉત્સાહ તથા ઉમંગભેર જલસામાં શરીક થયા. આપે જલ્સાની શરૂઆત કુર્આને અઝીમની તિલાવતથી કરી અને જલસાના આયોજન પર સંક્ષિપ્ત રોશની નાખ્યા બાદ કબીરિયા મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓની તકરીરોનો સિલસિલો શરૂ કરાવ્યો. ધારણાની બહાર પોતાનાં જ બાળકો થકી ઈસ્લામિયાત તથા અખ્લાકિયાતના વિષય પર તકરીરો સાંભળીને મહોલ્લાવાસીઓ અચંબામાં ડૂબી ગયા. રાવીનું બયાન છે કે જ્યારે તલબા સંપૂર્ણ આશ્ચર્યમાં ડૂબીને એકબીજાનું મોઢું તાકી રહ્યા હતા અને માબાપોની હાલત તો જોવા જેવી હતી. તેમને ખૂદ પોતાની આંખો પર યકીન આવતુ ન હતું કે આ હકીકતમાં પ્રસંગ થઈ રહ્યો છે કે કોઈ ખૂબ સૂરત ખ્વાબ જોઈ રહ્યાં છીએ ! બાળકોની તકરીરનો ચિત્તાકર્ષક ક્રમ પૂરો થયો તો આખો મજમો કોઈ બાહ્ય આકર્ષણ વિના અલ્લામા સાહબની તકરીર સાંભળવા એકદમ વ્યાકૂળ હતો.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે એક ઉડતી નજરે ઈજલાસના ઉમંગ તથા ખુશીભર્યા મન્ઝરને જોયો તો આંખોમાં ખુશીઓનાં આંસૂ ઉલકાઈ ઉઠયાં બિલકુલ એ રીતે કે જેમ કોઈ જરૂરતમંદ મજૂરને પરસેવો સૂકાતાં પહેલાં જ તેની મજૂરી અદા કરી દેવામાં આવી હોય. હવે અલ્લામા સાહબને દિલી સુકૂન થઈ ગયું કે દિલોની જમીન પૂર્ણપણે નરમ થઈ ચૂકી છે, હવે ઈલ્મનો ગુલઝાર ઉછેરવા માટે કેવળ બીજ રોપવાની જરૂરત છે. આપે મસ્નૂન ખુત્બા પછી ઈર્શાદ ફર્માવ્યો :–

આજે મુસ્લિમ કૌમ પોતાની ઈલ્મી અધોગતિના કારણે રાજનૈતિક તથા આર્થિક ક્ષેત્રે ખૂબ જ પાછળ પડી રહી છે. મારે એ દર્શાવવાની જરૂરત નથી કે ક્યારેક આ દેશમાં આપણી સત્તાનો સૂરજ ચમકી રહ્યો હતો પણ સમયચક્રએ આપણને પડતીની એવી જગાએ પહોંચાડી દીધા છે કે સત્તાવાળાઓના મહેલોના પડછાયામાં ઉભા રહેવાનું પણ મયસ્સર નથી.





એમાં આપણી દીનથી બેપરવાહી તથા ઈલ્મથી એકદમ દૂરીએ પણ મોટો રોલ ભજવ્યો છે. હે લોકો ! નિરાશ થવાની જરૂરત નથી, જો સવારનો ભૂલ્યો સાંજે પાછો વળે તો તે ભૂલેલો કહેવાશે નહીં.

હઝરાત ! કદીક મોકો મળ્યો તો જણાવીશ કે સાત સમંદર પારથી જે "તનના ગોરા મનના કાળા" આપણા દેશમાં પ્રવેશ્યા હતા તો પ્રથમ તેમણે આપણી સત્તાને પાયમાલ કરી અને જ્યારે દેશ છોડીને ગયા તો ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામના ગદ્દારોના કેટલાંયે ગ્રૃપો આપણી વચ્ચે છોડીને ગયા હતા જેઓ ફરિશ્તા જેવા લાગતા ઈસ્લામના નિમંત્રકના પોશાકમાં આપણી ઈમાની દૌલત પર છાપા મારી રહ્યા છે. અલ્લામા સાહબે પછી પોતાના વિષય પર આવતાં ઈર્શાદ ફર્માવ્યો કે હિંદુસ્તાનની સત્તા આજે પણ સુલ્તાનુલ હિંદના શાહી દરબારથી વહેંચાય છે. બસ, જરૂરત એ ચીજની છે કે આપણે આપણને પોતાને એના લાયક બનાવી લઈએ.

આ જરૂરી તથા પ્રાસ્તાવિક ચર્ચા પછી અલ્લામા સાહબે પોતાના વકતવ્યના હેતુ પર આવતાં કહ્યું કે, મારી દિલી તમન્ના છે કે આપના મહોલ્લામાં એક એવો મદરસો ખોલવામાં આવે જેમાં આધુનિક તાલીમની સાથે સાથે દીની તાલીમની પણ ભરપૂર વ્યવસ્થા હોય. આપના ખાસ સહકારથી આ મનસૂબામાં જો સફળતા મળી ગઈ તો આપણો પૂરો સમાજ દીની દુનિયવી બરકતોથી માલામાલ થઈ જશે. અને આપણી નવી પેઢીના કદમો આસમાની બુલંદીઓને સ્પર્શતા જોવા મળશે. ગંભીર વાણીએ આપોઆપ જઝબાતનું સ્વરૂપ ધારણ કરી લીધું અને આખા મજમા પર વજદાની લહેર દોડી ગઈ અને દરેક બાજુથી એક શોર ઉઠયો કે મદ્રસો કાયમ થશે, મદ્રસો જરૂર સ્થપાશે ! અલ્લામાએ ગંભીરતા અપનાવતાં જણાવ્યું :–

"હઝરાત ! જઝબાતી નારાઓથી કોઈ કૌમનું મુકદ્દર નથી બદલાતુ. સાથો સાથ તમારે કેવળ એક કામ કરવાનું છે કે કાલે સવારે પોતપોતાનાં બાળકોને અમારા મદ્રસામાં દાખલ કરાવો. દાર્શનિક સાક્ષીઓનું બયાન છે કે માઓ જેવી રીતે ઈદના દિવસે પોતાનાં બાળકોને જલ્દી જલ્દી ઈદગાહ જવાને માટે તૈયાર કરે છે એ જ રીતે સવારે આખા મહોલ્લામાં તદ્દન એ જ મન્ઝર હતો. જ્યારે અલ્લામા સાહબ વરડામાં દાખલા માટેનું રજીસ્ટર લઈને બેઠા તો બપોર સુધી નવા દાખલ થનાર તલબાનું નામ જ નોંધતા રહ્યા અને

છેવટે કેવળ પ્રથમ દિવસે નવા દાખલ થનાર તલબાની સંખ્યા ગણવામાં આવી તો સંખ્યા ૩૬૦ થઈ.

હવે અલ્લામા સાહબને એક બીજી ફિકર ગળે વળગી કે આ તલબાને ક્યાં બેસાડવામાં આવે ! રાવીનું બયાન છે કે વરંડામાં, વરંડાથી લગોલગ મુખ્ય માર્ગના કિનારે અને ખુલ્લા સ્થળે એક ઝાડના છાંયડામાં જ્યાં જ્યાં યોગ્ય જગા જણાયી સૌ જગાએ દર્સગાહો લગાડી દીધી. હઝરત અલ્લામા સૈયદ રુકનુદ્દીન અસ્દક સાહબના કથનાનુસાર કે, "તે દિવસો અલ્લામા સાહબ કદી નથી ભૂલ્યા જ્યારે ઝાડના છાંયડામાં બાળકો બેસતાં હતાં અને ખૂદ એક હાથમાં છત્રી લઈને ચમચમાવે તેવા તાપમાં બાળકોને દર્સ આપતા હતા."

ચાર વરસો સડકોના કિનારે દીવાલોના સાયામાં ખુલ્લા આકાશ નીચે એક મોબાઈલ દર્સગાહની જેમ તાલીમનો ક્રમ ચાલુ રહ્યો. એ દરમ્યાન અલ્લામાની અથાગ મહેનતથી ટાટા સ્ટીલ કંપની ફયૂઝુલ ઉલૂમની ઈમારતના માટે જમીન આપવા તૈયાર થઈ ગઈ જેથી ફેબ્રુઆરી ૧૯૫૭ માં મશહૂર ઉલમા તથા મશાઈખના મુકદ્દસ હાથો વડે ફયૂઝુલ ઉલૂમની આલીશાન ઈમારતનો પાયો રાખવામાં આવ્યો. હવે શાનો શૌકતવાળી આકાશ સાથે વાતો કરતી ઈમારતને જોવા માટે લોકો દૂર દૂરથી આવે છે.

## ★ સીવાનથી પટણા સુધી ★

અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ ની આકાશને આંબતી શખ્સિયત મહેનત તથા કોશિશોથી શણગારેલ હતી. તેમના જિંદગીનો કારવાં જીવનભર બુલંદીઓની તરફ ગતિશીલ રહ્યો, એઓ કોઈ એક સ્થળે રોકાઈને પાછળ વળીને જોવાનું જાણતા જ ન હતા. ન તેઓ કોઈ માર્ગેથી ચુપચાપ પસાર થતા હતા અને ન કોઈ સ્થળે સુકૂનભેર બેસતા હતા. કહે છે કે તેમના માર્ગના પથ્થર પણ બોલતા હતા કે હમણા આ માર્ગે થઈને કોઈ ગયું છે ! તેઓ જે વિરાનામાં બેસી જતા હતા તેને ઈશ્કો ઈરફાનનો બગીચો બનાવી દેતા હતા. તેમની સક્રિય જિંદગીનું એક પાસુ એ પણ છે કે તેમણે દેશના મહત્વના સ્થળોએ દીની તથા કૌમી સમસ્યાઓ પર કુલ હિંદ કક્ષાની ઐતિહાસિક કોન્ફરન્સો પણ ગોઠવી. જે લોકોએ તેમના આયોજન હેઠળ થનારી કોન્ફરન્સોમાં હિસ્સો લીધો છે તેઓ તેમની સરસ વ્યવસ્થા, ઉચ્ચ ઈરાદાઓ





અને તેમની દીની તથા કૌમી દર્દમંદીના સાક્ષી છે. બિહારની રાજ્ય કક્ષાની સુન્ની કોન્ફરન્સ–સીવાન, કુલ હિંદ મુસ્લિમ પર્સનલ લો કોન્ફરન્સ–સીવાન, કુલ હિંદ સુન્ની કોન્ફરન્સ, રામલીલા મેદાન–નવી દિલ્હી, સુન્ની કોન્ફરન્સ–પટણા. હવે નીચેના લખાણમાં અમે કેવળ સુન્ની કોન્ફરન્સ–પટણાનો રિપોર્ટ રજુ કરીએ છીએ. યાદ રાખશો કે બિહાર રાજ્ય સુન્ની કોન્ફરન્સ–સીવાનના પ્રસંગે ૧૨–મે, ઈ.સ. ૧૯૬૮ માં ઈદારાએ શરઈય્યહ્ પટણા–બિહારનો પાયો રાખવામાં આવ્યો ત્યારબાદ તેની તરક્કીના માટે સુન્ની કોન્ફરન્સ–પટણાનું આયોજન કરવામાં આવ્યું.

ઈદારાએ શરઈય્યા બિહારના દસ્તૂરનું સંપાદન, રાજ્ય કક્ષાની કમિટીની રચના અને દારુલ કઝા, મદ્રસા શરઈય્યહ્ બૈતુલ માલની સ્થાપ્ના તથા ધ્યેયો તેમજ મકસદોથી આમ મુસલમાનોને માહિતગાર કરવાના માટે મુંબઈમાં નક્કી થયું હતું કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ દામત બરકાતુહુમની સરપરસ્તીમાં ૨૦, ૨૧ શાબાનુલ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૩૮૮ અંગ્રેજી તા. ૧૨, ૧૩, નવેમ્બર, ઈ.સ. ૧૯૬૮ માં અહલે સુન્નતની વિખ્યાત હસ્તીઓનો એક ઈજલાસ આયોજિત કરવામાં આવે. આ મંત્રણા પછી અલ્લામા અર્શદુલ કાદરી પટણા પહોંચ્યા. અંજુમને ઈસ્લામિયા હોલ પટણામાં બે દિવસીય આમ ઈજલાસનું સર્વ આયોજન સંપૂર્ણ કર્યું અને ઈદારાએ શરઈય્યહ્ બિહારની હેડ ઓફીસ ખૂબ જ સક્રિયપણે રાજ્યના તમામ જિલ્લાઓ સાથે સંપર્ક કરવામાં વ્યસ્ત થઈ ગયો. હવે હું (લેખક) વધુ વાર વચમાં આડ બનવા નથી માંગતો, લો ! આપની સેવામાં બે દિવસીય પટણાના ઈજલાસની કાર્યવાહી પર આધારિત રિપોર્ટ ઈજલાસના બાની અલ્લામા અર્શદુલ કાદરીની કલમથી જોઈ લો. વિષય છે : "સીવાનથી પટણા સુધી."

તે કેટલી શુભ સાંજ હતી જેની ઝુલ્ફોના સાયામાં બેસીને અમે સીવાન કોન્ફરન્સના આયોજનનો નિર્ણય લીધો હતો. જાણે કે અમે "ચિરાગે રુખે ઝૈબા" લઈને પોતાની ખોવાયેલી દૌલતની તલાશમાં નીકળી પડયા હતા અને હવે અમારા પગોમાં પડેલાં છાલકાંઓ વિશે અમને કોઈ ફરિયાદ નથી કેમ કે અમે મંઝિલે મકસૂદને પામી લીધી છે.

સીવાન કોન્ફરન્સની એ બરકત અમે કદી ભૂલી નહીં શકીએ કે તે અમને શિથિલ થઈ જવા પામેલ કક્ષાએથી જિંદગીની ઉષ્માની તરફ અચાનક

પાછી લઈ આવી અને તેણે આશ્ચર્યજનક રીતે અમને નિરાશા તથા સ્થિરતાના અંધકારથી કાઢીને ખુશી તથા ઉમ્મીદના અજવાળામાં લાવીને ઉભા કરી દીધા. વિચારસરણી તથા માન્યતાની એકરૂપતા તથા સમવિચારની ઉચ્ચતાનો એ નઝારો પણ કેટલો રૂહ પરવર તથા ચિત્તાકર્ષક હતો જ્યારે ગુંબદે ખદરાના પરચમ નીચે ત્રણ લાખ મુસ્લિમો દૂર દૂરથી ખેંચાઈ આવ્યા હતા.

માનવોના આ મોજાં મારતા સમુદ્રના કિનારે ઉભા રહીને અમારો એ અંદાઝો ગલત ન હતો કે સંજોગોની કૃપા પર જીવવાને બદલે હવે અમલના મેદાનમાં કૂદી પડવાનો સમય આવી ગયો છે.

લગભગ આ શુભ સંકેત આપતા ઈજતેમાની બરકતથી સીવાન પછી અમારી સફરનો ક્રમ તૂટવા નથી પામ્યો. દરેક નવી સવારનો સૂરજ તાજી ઉમંગોની સાથે અમારા પર ઉગ્યો જ્યારે કે દરેક સાંજનો સૂરજ અમારા નિશ્ચયો તથા ઈરાદાઓની એક નવી દુનિયાને સલામ કરતો અમારાથી ઓજલ થઈ ગયો.

મુબારકબાદ અમારી હિંમતે મર્દાનાને કે અમે અનિવાર્ય સંજોગોમાં પણ ચાલતા રહ્યા એટલે સુધી કે સીવાનથી ચાલીને અમે બિહારની રાજધાનીમાં પહોંચ્યા અને વીજળીઓના કડાકાઓ સામે એક આશિયાનાનો પાયો રાખી દીધો.

મઆઝલ્લાહ ! ઈશ્કના દીવાનાઓનો રુઆબ તથા દબદબો પણ કેટલો ધ્રુજાવી દેનારો હોય છે ? આ તરફ ખબર ઉડી કે સીવાનની તરફ આશિકોના કાફલા કૂચ કરી રહ્યા છે અને પેલી બીજી દુનિયામાં એક કિયામતનો શોર ખડો થઈ ગયો ! એવું જણાતુ હતું જાણે કાફલા નથી ચાલી રહ્યા પણ ચંદ્રનાં કિરણો ફૂટી રહ્યાં હતાં.

જે તોફાનો અને ફિત્નાઓની વણજાર સાથે અમારે સીવાનમાં ટકરાવું પડયું હતું બિલકુલ એ જ પ્રમાણેના સંજોગોનો પટણામાં પણ અમારે સામનો કરવો પડયો. ૧૨, ૧૩ નવેમ્બરના માટે ઈદારાએ શરઈય્યા બિહારના બે દિવસીય ઈજલાસનું એલાન થતાં જ પોલિટિકલ ખેલાડીઓ પર જંગલીપણાનો દૌરો શરૂ થઈ ગયો. શર તથા ઝર (બુરાઈ તથા પૈસા)ના ગુલામોએ ઈજલાસને નિષ્ફળ બનાવવા માટે નીચતા તથા શૈતાનિયત અને જૂઠ તથા આક્ષેપબાજીનાં એવાં એવાં તોફાનો ઉઠાવ્યાં કે આસ્માનેથી કાઢી





મૂકાયેલા શૈતાનને પણ પરસેવો છૂટી ગયો !

પરંતુ કુર્બાન જાવ ! એ રહમતે ખુદાવંદી પર કે જે દરેક નાઝુક ઘડીએ પોતાના મહબૂબના બેસરોસામાન ગદાઓની હિમાયત કરે છે તે વાદળોની ઓથેથી ઉતરી આવી અને તેણે અઝીમાબાદની સરઝમીન પર પોતાના મહબૂબના દીવાનાઓનો ભરમ રાખી લીધો. *(જામે નૂર–કલકત્તા, ડિસે. ૧૯૬૭)*

## ★ બે દિવસીય ઈજલાસની કાર્યવાહી ★

ખુદાનો શુક્ર છે કે હજાર અવરોધક કાર્યવાહીઓ છતાં ઈદારાએ શરઈય્યા બિહારનો બે દિવસીય ઈજલાસ પોતાની જાહેરી તથા આંત્રિક શાનની સાથે આશ્ચર્યમય રીતે કામયાબ થયો. ઈજલાસમાં શરીક થવા માટે બિહારના ૧૯ જિલ્લાઓમાંથી લગભગ ૧૫૦૦ ડેલીગેટ આવ્યા હતા. ઉલમા તથા મશાઈખની સંખ્યા એથીય વિશેષ હતી. આમ લોકોની સંખ્યા વીસથી પચીસ હજારની હતી. અંજુમને ઈસ્લામિયા હોલની અંદર, બહાર અને અશોક તાજ પથ પર ૯ વાગ્યે રાતથી લઈને અઢી વાગ્યા સુધી શ્રોતાઓની ભીડ જામેલી હતી. મેઈન રોડ પર દૂર દૂર સુધી શરીફો તથા હાકિમોની કારોની એક લાંબી લાઈન લાગેલી હતી.

રાતના સન્નાટામાં ઈમાન અફરોઝ અને હોસલાઅંગેઝ તકરીરોનો એવો માહોલ રચાયો હતો કે જે જ્યાં ઉભો હતો તે ત્યાં જ શોખપૂર્વક ઉભો થઈ રહ્યો. લોકો ઉપર કૈફ તથા ખુમારનો આલમ જોઈને એવું જણાતું હતું કે જાણે દરેક શખ્સ ઈશ્કો ઈર્ફાનની વર્ષાની બૌછારમાં ખૂબ તરબતર થઈ ગયો હોય.

આ પ્રસંગની લોકો પર પડેલી અસરોનો અજબનો પ્રત્યાઘાત જુઓ કે અંતિમ ઈજલાસની સવારે આખુ પટણા વર્તમાન સમયના તે મુનાફિકો પર ટીકાઓનો વરસાદ વરસાવી રહ્યું હતું જેઓ પોતાના આકાઓની નમક હલાલી અદા કરવા માટે આમ મુસલમાનોને ઈજલાસમાં શરીક થવાથી રોકી રહ્યા હતા.

તાજદારે અહલે સુન્નત શાહઝદાએ આ'લા હઝરત સરકાર મુફતીએ આ'ઝમે હિંદ દામત બરકાતુહુમુલ કુદ્સિયહની શિર્કતે ઈજલાસમાં ચાર ચાંદ લગાડી દીધા. તેમના ચેહરા પરનાં નૂરનાં કિરણોથી આખી બઝ્મ નૂરનો પુંજ જણાઈ રહી હતી. જે વખતે આપ પરવાનાઓની ભીડ સાથે

તશરીફ લાવ્યા તો ચો તરફ જાણે બહાર આવી ગઈ ! તે અહલે સુન્નતના મશહૂર ઉલમા જેમની કૈફપૂર્ણ તકરીરોથી દિલોની ભૂમી સર થઈ અને પોતાના ફતહ પામેલા ઈલાકાઓમાં જેમણે ઈશ્કે રિસાલતના ફયૂઝાનનો ઈલ્મ મજબૂત કર્યો તેમનાં નામો આ પ્રમાણે છે :–

સૈયદુલ ઉલમા હઝરત અકદસ અલ્લામા શાહ સૈયદ આ'લે મુસ્તફા સાહબ સદર ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમા–મુંબઈ, ઉસ્તાઝુલ ઉલમા હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ હાફિઝ અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા શૈખુલ હદીષ અશરફિયા મુબારકપુર, સુલ્તાનુલ મુનાઝિરીન હઝરત અલ્લામા શાહ રિફાકતહુસૈન સાહબ મુફતીએ આ'ઝમે કાનપુર, મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા શાહ મુહમ્મદ હબીબુર્રહ્‌માન સાહબ રઈસે આ'ઝમ ઓરિસ્સા, ઈમામુલ અઝકિય્યા હઝરત મૌલાના કાઝી શમ્સુદીન સાહબ જોનપૂરી, હસ્સાનુલ હિંદ હઝરત મૌલાના અબુલ વફા ફસીહી ગાઝીપૂરી, મુજાહિદે દૌરાં હઝરત મૌલાના સૈયદ મુઝફફર હુસૈન સાહબ કછોછવી, ખતીબે મશ્રિક હઝરત મૌલાના મુશ્તાક અહમદ સાહબ નિઝામી, બહરુલ ઉલૂમ હઝરત મૌલાના મુફતી અબ્દુલમન્નાન સાહબ આઝમી, શાઈરે નઅત હઝરત રાઝ ઈલાહાબાદી અને ઉન્દલીબે ગુલશને રિસાલત હઝરત કમર સુલૈમાની.

આ હઝરાત ઉપરાંત બિહારના ઘણા બધા મશ્હૂર આલિમોએ પોતાની હાજરી વડે ઈજલાસને રોનક બખ્શી, જેમાંથી શૈખે બિહાર હઝરત મૌલાના સૈયદ શાહ ફિદાહુસૈન સાહબ કિબ્લા સરકારે પટના, હઝરત સજ્જાદા નશીન સાહબ દરગાહે મતીનઘાટ, મોહસિને મિલ્લત હઝરત મૌલાના અનીસ આલમ સાહબ મુફતીએ નેપાલ વ સીવાન, હઝરત મૌલાના શાહ સિરાજુલ હુદા સાહબ શહર ગયા, હઝરત મૌલાના સૈયદુઝ્ઝમાં સાહબ હમ્દવી, હઝરત મૌલાના અબ્દુલ હમીદ સાહબ બસ્તા દવાંગી, મૌલાના મુહમ્મદ મિયાં કામિલ, મૌલાના મુહમ્મદ અહમદ સાહબ શાહિદી, મૌલાના અબૂ શમીમ સાહબ બરનપૂર, મૌલાના કાઝિમ અલી સાહબ બસ્તવી, મૌલાના સાજિદુલ્લાહ સાહબ ભાગલપુર, મૌલાના શાહજહાં સાહબ ભાગલપૂર, મૌલાના જૈદુલ કાદરી સાહબ મુઝફફરપૂરી, મૌલાના ઝફરુલ હુસૈન સાહબ પોખરીરવી તથા જનાબ મકબૂલ આલમ ખાં સાહબ એડવોકેટ





સેહ સરામનાં મુબારક નામો ખાસ કરીને નોંધપાત્ર છે.

## ★ દારુલ કઝાની સ્થાપ્ના ★

હિંદુસ્તાનમાં કેટલાયે લાખ સ્ત્રીઓ છે જેમનું દાંમ્પત્ય જીવન આફતોમાં અટવાયેલું છે, જેમના પતિઓ ન પત્નીઓના હક્કો અદા કરે છે ન ભરણ પોષણ પૂરું પાડે છે અને ન તો તેમને તલાક આપીને આઝાદ કરે છે કે જેથી તેણીઓ પોતાના સુખ ચૈન તથા સ્વમાનની રક્ષાનો કોઈ માર્ગ કાઢી શકે. પોતાના છૂટકારા માટે તેણીઓ ગૈર મુસ્લિમ હાકિમો પ્રતિ પણ રજુઆત નથી કરી શકતી કેમ કે ઈસ્લામ પોતાની ધાર્મિક બાબતોમાં કોઈ ગૈર મુસ્લિમને દલખગીરીનો હક્ક નથી આપતો.

એવી સ્ત્રીઓની પરેશાનીઓના ઉકેલને માટે થોડાક મહીનાઓ પહેલાં ઈદારાએ શરઈય્યહ્ બિહારે અહલે સુન્નતના મશ્હૂર ઉલમાથી એક પ્રશ્ન કર્યો હતો જેનો ખુલાસો એ છે કે :–

**(૧)** વર્તમાન સંજોગોમાં શું શરીઅતની રૂએ મુસલમાનોને એ હક્ક પહોંચે છે કે તેઓ પોતાના સામાજિક તથા દાંમ્પત્યજીવનના મામલાઓના ફૈંસલા કરવા માટે કાઝી ચૂંટી કાઢે ?

**(૨)** શું મુસલમાનોના ચૂંટી કાઢેલા કાઝીને શરીઅતની રૂએ એ હક્ક પ્રાપ્ય છે કે તે મઝલૂમ સ્ત્રીઓના કેસો સાંભળીને પોતાની ભલી તજવીઝને પ્રમાણે નિકાહ તોડવાનો હુકમ લગાડી શકે ?

જેથી જરૂરત તથા મસ્લેહતના હેઠળ ફિહકી લખાણોની રોશનીમાં હઝરત મૌલાના કાઝી શમ્સુદીન સાહબ જોનપૂરી, હઝરત મૌલાના અલ્હાજ મુફતી અબ્દુર્રશીદખાં સાહબ શૈખુલ જામિઆ–નાગપૂર, નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના શરીફુલ હક્ક સાહબ અમજદી, હઝરત મૌલાના મુફતી બદરુદીન સાહબ બ્રાઉન શરીફ અને હઝરત મૌલાના અબ્દુર્રહમાન સાહબ ઉસ્તાઝે જામિઆ ફૈઝુલ ઉલૂમ–જમશેદપૂરએ ખૂબ દલીલયુકત રીતે એવો ફત્વો બહાર પાડયો કે **આમ મુસલમાનોને તદ્દન એ હક્ક હાંસલ છે કે તેઓ પોતાના દાંમ્પત્ય જીવનના મામલાઓના ફૈંસલા કરાવવા માટે કોઈ સહીહુલ અકીદા સુન્ની આલિમે દીનને પોતાનો કાઝી ચૂંટી કાઢે કે જે કાઝીને જરૂરત તથા મસ્લહેત હેઠળ**

**શરીઅતની રૂએ નિશ્ચિત કરારની શરત સાથે નિકાહ તોડાવવાનો અધિકાર પ્રાપ્ય હોય.**

પટણાના ઈજતેમામાં આ પ્રાપ્ત થયેલા ફત્વાઓ પર વિચારણા તથા તહકીક કરવાના માટે સૈયદી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ دامت برکاتہم العالیہ ની સરપરસ્તીમાં આગળ પડતા ઉલમાની એક મજલિસે શૂરાનું આયોજન થયું. ખૂબ જ વિચાર વિમર્શ પછી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદે પ્રાપ્ત થયેલા ફત્વાને સમર્થન કરી આપ્યું. ત્યારબાદ હઝરત સૈયદુલ ઉલમા મૌલાના શાહ આલે મુસ્તફા સાહબ કિબ્લા બરકાતી, હઝરત ઉસ્તાઝુલ ઉલમા હાફિઝ અબ્દુલ અઝીઝ સાહબ શૈખુલ હદીષ અશ્રફિયા મુબારકપુર, સુલ્તાનુલ મુતકલ્લિમીન હઝરત મૌલાના રિફાકત હુસૈન સાહબ મુફતીએ આ'ઝમ કાનપૂર, મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના હબીબુર્રહમાન સાહબ કિબ્લાએ ફત્વાઓના સમર્થનમાં પોત પોતાની તસ્દીક કરી આપી, અને ઈદારાએ શરઈય્યહ્ બિહારની કેન્દ્રિય ઓફિસ (હેડ ઓફિસ)માં કાયદેસર રીતે દારુલ કઝાની સ્થાપ્ના કરવામાં આવી.

## ★ ચળવળો, સંસ્થાઓ (ઈદારા) તથા મસ્જિદો ★

પૂરા એશિયામાં અલ્લામા અર્શદુલ કાદરી જેવી સક્રિય અને આકાશ આંબતી (ઉચ્ચ) શખ્સિયત જોવા નથી મળતી જેણે એકલે હાથે **ખાનદાની વર્ચસ્વ તથા "પિદરમ સુલ્તાન બુવદ"ના ખૂબસૂરત સૂત્રો વિના** ડઝન બંધી ઈદારા, તેહરીકો (ચળવળો) અને મસ્જિદો બંધાવી હોય. ઈદારો બનાવવો અને ચલાવવો કેટલો મુશ્કેલ તથા કઠિન કામ છે તે કદાચ સામાન્ય લોકોને ખબર નહીં હોય, પરંતુ જે લોકો ઈદારા (મદ્રસા, દા.ઉ.) ચલાવે છે તેમને પૂછો કે કેવળ એક જ ઈદારાના મનસૂબાને જમીન પર ઉતારવા અને તેને ચાલુ રાખવા માટે કેટલી મગજમારી, દિલી ઠેસો ખાવી તથા જદ્દો જેહદની જરૂરત પડે છે. પછી ઈદારાને સંભાળવા તથા તેનાં ફળ ફૂલ પામવા માટે ફળદ્રુપ જમીનો અને વેરાન જમીનોમાં ઘણો ફર્ક હોય છે. દા.ત. ઉલમાએ અહલે સુન્નતને મુંબઈ તથા બરૈલી શરીફમાં ઈદારો બનાવવો તેમજ ચલાવવો કોઈ મુશ્કેલ કામ નથી પણ તેના બદલે દિલ્હી તથા સહારનપુર જેવી જમીનોમાં ઈદારાઓ તથા ચળવળોનો પાયો નાખવો અને તેને જીવંત તથા





સક્રિય રાખવી અતિ મુશ્કેલ કામ છે. અલ્લામા સાહબની શખ્સિયત આ ક્ષેત્રે પણ ઘણી જ ઉચ્ચ હોસલાવાળી અને અડગ નિશ્ચયી હતી. તેમણે એક તરફ તો ડઝનબંધી ઈદારાઓ તથા ચળવળો સ્થાપિત કરી અને તે પણ દાણા પાણી વિનાની જમીનોમાં. જે સ્થળોએથી ઉલમાએ એહલે સુન્નત પવનના ઝોકાની જેમ પસાર થઈ જતા હતા તે સ્થળોએ આપે સુન્નિયતના જબરદસ્ત અને અભેદ કિલ્લા બંધાવ્યા જેની ઊંચી દિવાલો અને શાનો શૌકતવાળા મિનારાઓ પર **"મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !"** નો આકાશને આંબતો પરચમ વિરોધીઓના તોફાનમાં પણ લેહરાવ્યો છે અને દીન તથા દાનિશના તે પુરનૂર ચિરાગો વડે નવા ચિરાગો જલાવવાનો ક્રમ પણ પ્રગતિ કરી રહ્યો છે. હવે અમે અલ્લામા સાહબે હિંદની ભૂમી પર સ્થાપિત કરેલા અમુક ઈદારાઓની યાદી રજુ કરીએ છીએ :–

૧. મુદર્રિસ ફૈઝુલ ઉલૂમ–જમશેદપૂર, બિહાર
૨. દારુલ ઉલૂમ ઝિયાઉલ ઈસ્લામ–હોળા, બંગાલ
૩. દારુલ ઉલૂમ મખ્દૂમિયા ગૌહટ્ટી–આસામ
૪. મદ્રસા મદીનતુલ ઉલૂમ–મૈસૂર રોડ, બેંગ્લોર
૫. મદ્રસા મુફતાહુલ ઉલૂમ–નાલારોડ રાવલ કીલા, ઓરિસ્સા
૬. મદ્રસા ઈસ્લામી મર્કઝે હિંદ–પીળીરાની, બિહાર
૭. દારુલ ઉલૂમ ગુલશને બગદાદ–હઝારી બાગ, બિહાર
૮. જામિઆ ગૌષિયા રઝવિય્યહ્, પીરવાલી ગલી, સહરાનપુર
૯. મદ્રસા મદીનતુર્રસૂલ–કોડરમા, બિહાર
૧૦. મદ્રસા મઝહરે હસનાત–રામગઢ, બિહાર
૧૧. ફલાહી મર્કઝ–આઝાદ નગર, બિહાર
૧૨. મદ્રસા તન્વીરુલ ઈસ્લામ–ટેલ્ગો, બિહાર
૧૩. દારુલ ઉલૂમ રશીદિયહ્ રઝવિય્યહ્–સૈયદપૂરા, બલ્યા, યુ.પી.
૧૪. જામિઆ હઝરત નિઝામુદ્દીન ઔલિયા–ઝાકિર નગર, ન્યુ દિલ્હી
૧૫. મદ્રસા અઝીઝુલ ઈસ્લામ–જગસલાઈ, બિહાર

૧૬. ફૈઝુલ ઉલૂમ મિડલ સ્કૂલ, જૌહર નગર–બિહાર

૧૭. ફૈઝુલ ઉલૂમ હાઈસ્કૂલ, ધતકેડિયા–બિહાર

૧૮. મદ્રસા અઝીઝિયા નીવરાની કુદર–બિહાર

આ ઉપરાંત અસંખ્ય ઈદારા એવા છે જેના બાંધકામ તથા તરક્કીમાં આપનો આંશિક પણ ખૂબ જ મહત્વનો રોલ રહ્યો છે. આપે દીની તથા સાંસ્કૃતિક સંસ્થાઓ પણ સ્થાપી અને તેના થકી ઘણા જ આશ્ચર્યજનક તથા મહામૂલ્ય કારનામાંઓ અંજામ આપ્યાં. ચળવળોનાં નામો નીચે પ્રમાણે છે :–

૧. ઈદારાએ શરઈય્યહ્ બિહાર–પટના

૨. કુલ હિંદ મુસ્લિમ પર્સનલ લો કોન્ફરન્સ–સીવાન

૩. કુલ હિંદ મુસ્લિમ મુત્તહિદા મહાઝ, રાયપૂર, એમ.પી.

આપે આઠ મસ્જિદો બંધાવી એમાંથી અમુકને જમીન ખરીદીને બંધાવી અને અમુકની ફક્ત બાંધકામની વ્યવસ્થા સાચવી. મસ્જિદોની યાદી આ પ્રમાણે છે :–

**(૧)** ફૈઝુલ ઉલૂમ મક્કા મસ્જિદ, જમશેદપૂર **(૨)** નૂરાની મસ્જિદ, ઝાકિર નગર–જમેશદપૂર **(૩)** કાદરી મસ્જિદ ટેલગુ **(૪)** મસ્જિદે મિફતાહુલ ઉલૂમ, રાવલકીલા ઓરિસ્સા **(૫)** મસ્જિદે ગૌષિયા, રાંચી **(૬)** મસ્જિદે અહલે સુન્નત, કોડરમા **(૭)** મદીના મસ્જિદ, આઝાદ નગર **(૮)** મદીના મસ્જિદ, મૂસા બસ્તી.

## ★ અશ્રફિયાની ચળવળના વિકાસમાં ઐતિહાસિક રોલ ★

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી عليه الرحمة والرضوان દારુલ ઉલૂમ અશ્રફિયાના ગર્વ લેવા જેવા ફરઝંદ હોવાની હેસિયતથી હમેશાં અશ્રફિયાની ચળવળના સક્રિય સહાયક અને પુર ખુલૂસ સલાહકાર રહ્યા. હાફિઝે મિલ્લતના સમયથી જ આપ જામિઆ અશ્રફિયાની સૌથી બાઈખ્તિયાર કમિટી મજલિસે શૂરાના ખાસ રુકન હતા. જ્યારે પણ કોઈ ગંભીર સમસ્યા ઉભી થતી તો અલ્લામા સાહબને યાદ કરવામાં આવતા. આપ આપના



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

નિખાલસતાપૂર્ણ અમલ અને ઉચ્ચ સોચ વડે અસરકારક રોલ અદા કરતા, હઝરત હાફિઝે મિલ્લત અને અશ્રફિયાની તેહરીકથી તેમનો લગાવ ઈશ્કની હદ સુધી હતો. આપ જયારે પણ અશ્રફિયાના સહનમાં કદમ રાખતા અશ્રફિયાની ભલાઈ તથા પ્રગતિ માટે કોઈ નવી યોજના રજુ કરતા અને તેને અમલી સ્વરૂપ આપવા માટે આગળ પણ પડી જતા.

જે દિવસોમાં હુઝૂર હાફિઝે મિલ્લત દારુલ ઉલૂમ અશ્રફિયાને જામિઆ અશ્રફિયા બનાવવાના માટે બેચૈન હતા ત્યારે તેમના એ મનસૂબાને નિષ્ફળ બનાવવા માટે મોટા મોટા જભ્ભા તથા દસ્તારધારીઓ મેદાનમાં ઉતરી પડયા હતા. **વિરોધનું કારણ એના સિવાય અન્ય કોઈ ન હોય શકતું હતું કે કેવળ એક દારુલ ઉલૂમના શૈખુલ હદીષના હાથે આ આકાશને અડે એવું ઊંચુ કારનામુ પાર પડી ગયું તો અમારે મોઢું ઢાંકવા માટે કયાં જગા રહેશે ! અને અમે જે અમારા બાપદાદાના નામ પર રોજી રોટીનો રૂહાની કારોબાર ફેલાવી રાખ્યો છે તે એકદમ ઠંડો પડી જશે. ખૈર !** તે સમયના દોસ્તોની દૂરંદેશી નિઃશંક ! મુબારકબાદને પાત્ર હતી પણ કદાચ તેઓને હુઝૂર હાફિઝે મિલ્લતના ઉચ્ચ હોસલા શાગિર્દોની શક્તિનો અંદાઝ ન હતો જેઓ ઈલ્મ તથા અડગતાના પહાડ બનીને દેશના દરેક ખૂણે ઉભેલ હતા અને ફિકો ફન (ચિંતન તથા વિદ્યા)ની વીજળીઓ બનીને દીન તથા દાનિશના દરેક ક્ષેત્રે સક્રિય હતા. હાફિઝે મિલ્લતની ખુદ્દાર તેહરીકનો એ સ્વભાવ રહ્યો છે કે :–

**યહ મહરેતાબાંસે કોઈ કહ દે વો અપની કિરનોંકો ચુનકે રખ લે**
**મૈં અપને સહરાકે ઝર્રે ઝર્રે કો ખૂદ ચમકના સિખા રહા હૂં**

હુઝૂર હાફિઝે મિલ્લતે પોતાના મનસૂબાના એલાનથી પહેલાં જ તેત્રીસ (૩૩) એકર જમીનનો એરીયા પ્રાપ્ત કરી લીધો હતો અને જયારે તેઓ આ તેહરીકને લઈને ઉઠયા તો અશ્રફિયાની મજલિસે આ'લા અને તેના શહ નશીન સિકંદરી દીવાલ બનીને ઉભા થઈ ગયા. અને મુબારકપુરમાં અલજામિઅતુલ અશ્રફિયાની સ્થાપ્નાની દરેક કોશિશ નિષ્ફળ બનાવવાના કામમાં લાગી ગયા. આ એ જ અવસર હતો કે હુઝૂર હાફિઝે મિલ્લતે સબ્ર તથા અડગતાનું દ્રષ્ટાંત પૂરું પાડી દીધું અને પોતાના શાગિર્દોમાં એ એલાન કરી આપ્યું કે **"દરેક વિરોધનો જવાબ કામ છે."** જો મારા કોઈ

રૂહાની ફરઝંદે અશરફિયા તેહરીકના વિરોધીઓને જવાબ આપવાની કોશિશ કરી તો તેની સખત નોંધ લેવામાં આવશે. આ નાઝુક મોડ પર અલ્લામા અર્શદુલ કાદરી એક દૂરંદેશ, જાગૃત દિમાગવાળા અને સક્રિય સિપાહીની હૈસિયતથી સાયાની જેમ હાફિઝે મિલ્લતની સાથે જોડાયેલા રહ્યા હતા, જો કે હાફિઝે મિલ્લતના અન્ય વફાદાર શાગિર્દોનો કિરદાર પણ ભૂલી શકાય તેવો નથી. પછી શું થયું ? તેની વિગત અલ્લામા અર્શદુલ કાદરીની કલમથી વાંચો :–

"જ્યારે હાફિઝે મિલ્લતને યકીન થઈ ગયું કે મુબારકપુરની ધરતી પર આપ પોતાના વિચારેલ મનસૂબાને અમલી સ્વરૂપ નથી આપી શકતા તો તેમણે ફૈંસલો કર્યો કે દેશના કોઈ પણ ભાગમાં આ કામ શરૂ કરવામાં આવે. હાફિઝે મિલ્લતની અડગતા તથા નિશ્ચિતતાના વહેતા પુરની સામે મુશ્કેલીઓની કોઈ દિવાલ ઉભી ન રહી શકી.

જેથી જગાની પસંદગીના બારામાં હઝરત મૌસૂફે મૌલાના હાફિઝ અબ્દુર્રઉફ બલ્યાવી علیہ الرحمۃ والرضوان ની સરદારીમાં એક ત્રણ સભ્યોનું પ્રતિનિધિમંડળ રચ્યું જેના સભ્યોમાં હું લખનાર (અર્શદુલ કાદરી) તથા હઝરત મૌલાના મુહમ્મદ શફીઅ સાહબ આ'ઝમી علیہ الرحمۃ والرضوان સામેલ હતા. ઉત્તર પ્રદેશના અુમક સ્થળોનો નિર્દેશ કરતાં હઝરતે પ્રતિનિધિમંડળને સ્પષ્ટપણે હિદાયત કરી કે કઈ કઈ દિશાએથી આ તમામ સ્થળોનું પરિક્ષણ કરવું જરૂરી છે.

પ્રતિનિધિમંડળ જે સ્થળોનું સર્વે કરવાનું હતું એમાં મોગલસરાય, સલીમપુર, ગોરખપુર, તથા બલરામપુર સામેલ હતાં. એક અઠવાડિયા પછી જ્યારે આ પ્રતિનિધિમંડળ પાછુ આવ્યું અને તેમની સામે નિરીક્ષણનો રિપોર્ટ રાખ્યો તો હઝરતે બલરામપુરને પોતાના મનસૂબાના પ્રારંભ માટે પસંદ કર્યું. કેમ કે ત્યાંના અમુક હિંમતવાન તથા ઉત્સાહી લોકોએ શરૂઆતના અરસામાં સો વીઘાં જમીનનો નિશ્ચિત કરેલો હિસ્સો તાલીમી મર્કઝના માટે વકફ કરવાની રજુઆત કરી હતી. જ્યારે મુબારકપુરવાળાઓને એની જાણ થઈ તો આખા મુબારકપુરમાં હંગામો મચી ગયો અને કામચલાઉ મિટિંગ બોલાવવામાં આવી જેમાં હઝરતે પોતાના ઈરાદાથી લોકોને માહિતગાર કરી આપ્યા. ત્યાર પછી શું થયું તે એક દાર્શનિક પુરાવાની હૈસિયતથી અલ્લામા અર્શદુલ કાદરી લખે છે :–





"એ સાંભળતાં જ હજારો વ્યક્તિઓનો જમા થયેલો મજમો ચીખી ઉઠયો કે હઝરતને કોઈ કિંમત પર અહીંથી જવા દેવામાં નહીં આવે. અમે એમના દરવાજા પર અમારાં બીવી બચ્ચાં સાથે ધરણા કરીશું, અને જ્યાં સુધી તે પોતાનો ઈરાદો નહીં બદલે ત્યાં સુધી અમે ત્યાંથી પાછા ફરીશું નહીં. એ જ મિટિંગમાં એ વાત પણ એકમતિએ નિશ્ચિત થઈ કે આપ આપના તાલીમી મનસૂબાની શરૂઆત મુબારકપુરની ભૂમિથી જ કરે, અને કાલે કરવા ચાહતા હોય તો આજે જ કરે. એ જ મજલિસમાં હાજરજનોની માંગણી પર દારુલ ઉલૂમની વ્યવસ્થાપક કમિટી બરખાસ્ત કરી દેવામાં આવી અને દારુલ ઉલૂમના સરબરાહની હૈસિયતથી ઈદારાની સંપૂર્ણ વ્યવસ્થા હઝરતના હાથોમાં તબદીલ કરી દેવાનો ઠરાવ એકમતિએ મંજૂર કરી લેવામાં આવ્યો. *(અન્વારે હાફિઝે મિલ્લત નંબર, અશરફિયા, ઈ.સ. ૧૯૯૨)*

૨૧–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૯૨, ઈ.સ. ૬–૫–૧૯૭૨ ના રોજ તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, સૈયદુલ ઉલમા હુઝૂર સૈયદ આ'લે મુસ્તફા મારહરવી તથા અન્ય અકાબિરે અહલે સુન્નતના હાથો વડે જામિઆ અશરફિયાની સંગે બુનિયાદ રાખવામાં આવી અને હુઝૂર હાફિઝે મિલ્લતે પોતાનો આકાશને આંબતો મન્સૂબો જમીન પર ઉતારી આપ્યો. યાદ રાખશો કે જામિઆની કુલ હિંદ તામીરી કોન્ફરન્સમાં અલ્લામા અર્શદુલ કાદરીની ખિદમતો ઘણી અણમોલ હતી. જામિઆની મર્કઝી દર્સગાહોનો નકશો પણ આપે જ તૈયાર કર્યો હતો. જામિઆ અશરફિયા આજે અહલે સુન્નત વ જમાઅતના સૌથી મહાન ઈલ્મી કિલ્લાની હૈસિયતથી આલમી દુનિયામાં પ્રખ્યાત છે અને સુન્ની દુનિયામાં નબવી ઈલ્મોના તાલિબોની ઈલ્મી પ્યાસ બુઝાવવાના માટે ઈલ્મનું અંતિમ ઝરણુ આ જ છે.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ જામિઆ અશરફિયાની તા'મીર તથા તરક્કીના માટે ઈ.સ. ૧૯૭૯ માં એક મન્સૂબો બનાવ્યો હતો કે તે વખતે જામિઆની તા'મીરના મન્સૂબાને પરિપૂર્ણતાએ પહોંચાડવા માટે એક કરોડ રૂપિયાનો અંદાઝ માંગ્યો હતો. તેમનું અનુમાન હતું કે જો વરસભરમાં એક લાખ સભ્યો પણ દેશભરમાંથી મળી ગયા તો આ પ્રમાણે નવ વરસમાં જામિઆ અશરફિયાનો મન્સૂબો પરિપૂર્ણતાએ પહોંચી જશે. પણ એ મન્સૂબો એના પરિણામના એતેબારથી જેટલો ખુશ કરનાર અને સહાયકોને માટે

જેટલો આસાન હતો એટલો એ રીતે મુશ્કેલ પણ હતો કે એક લાખ વ્યક્તિઓ સાથે સંપર્ક કઈ રીતે કરવામાં આવે. બસ ! આ જ પહાડને પાર પાડવા માટે હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ અંજુમને અબ્નાએ કદીમના સદરની હૈસિયતથી અશરફિયાના ફરઝંદોના નામે એક વલવલાઅંગેઝ પત્ર લખ્યો જેનું હેડીંગ હતું "ઈખ્લાસ તથા વફાની આજમાઈશનો ગંભીર સંજોગ !" આ પત્રમાં હુઝૂર હાફિઝે મિલ્લતની અશરફિયા માટેની ચળવળ પર જે ઈખ્લાસ તથા દર્દમંદીની સાથે રોશની નાખતાં અશરફિયાના ફરઝંદોની શાર્ગિદીની ગૈરતને લલકારી છે તેનું દ્રષ્ટાંત અશરફિયાના ઈતિહાસમાં મળતુ નથી. એ ઐતિહાસિક પત્રના અમુક લખાણોને નીચે રજુ કરવામાં આવે છે :–

## ★ અશરફિયાના ફરઝંદોના નામે એક વલવલાઅંગેઝ પત્ર ★

**મૌસમે ગુલ કોઈ આયા ન કહીં ફૂલ ખિલે**
**જબ ભી ખાલી હુઈ દુન્યા તેરે દીવાનોંસે**

اخی فی العلم و الدین زید احترامکم

السلام علیکم ورحمة الله وبرکاته

મિજાઝ મુબારક !

આપને એ જાણીને અત્યંત ખુશી થશે કે મેઅમારે ઈલ્મો હિકમત હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ની મુકદ્દસ અમાનત એટલે "નિશ્ચિત અરબી યુનિવર્સિટી" જેના ગમમાં તે આખી જિંદગી બેચેન રહ્યા અને જેની પરિપૂર્ણતાની દર્દનાક હસરત કબર સુધી તેમની સાથે ગઈ, તેની તામીરના માટે રાષ્ટ્રકક્ષાએ નજીકમાં એક ચળવળ શરૂ કરવામાં આવી રહી છે.

બિરાદરે ગિરામી ! કૌમની ભલાઈ તથા મિલ્લતની ભલાઈનાં કામો દુનિયામાં હજારો છે, પરંતું આવનારી પેઢીઓમાં દીનને મુન્તકિલ કરવાનું કામ એ દીનનું સૌથી મહાન કામ છે. જેને પણ કૌમની ચડતી પડતીના ઈતિહાસથી થોડી પણ વાકેફિયત છે તે એ હકીકતનો ઈન્કાર નથી કરી શકતો કે કાઈદ (સરદાર) વિના કૌમ જીવંત નથી રહી શકતી. એ જ કારણ છે કે ખાતિમે પયગંબરાં صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّم ના પછી ઉલમાને જાનશીનનો મન્સબ અતા





થયો જેથી કોઈ દૌરમાં પણ આ દુનિયા ઉમ્મતના કાઈદો (સરદારો)થી ખાલી ન રહી. અને એ પણ એક વાસ્તવિક હકીકત છે કે કાઈદ આપોઆપ પેદા નથી થતા બલ્કે વરસાદના ટીપાની જેમ તે ઈલ્મ તથા હિકમતના કોઈ શંખલામાં ઉછેર પામે છે અને તર્બિયત (કેળવણી–ઘડતર)ના અસંખ્ય વળાંકેએ પસાર થયા બાદ જ તે કયાદત તથા સરદારીના તાજનો હિરો બને છે.

હાફિઝે મિલ્લતના દિમાગમાં આ પ્રકારની એક અઝીમ દર્સગાહ હતી જ્યાં તેઓ ભાવિના ધાર્મિક નેતાઓ તથા ઈલ્મો હિકમતવાળાઓનું એક મજબૂત દળ તૈયાર કરવા ચાહતા હતા જેથી આવનારી પેઢીઓમાં દીની જિંદગીનો ક્રમ ચાલુ રહે. તેમના ખયાલમાં અરબી યુનિવર્સિટીના નામથી ઈલ્મો દાનિશનું એક ખૂબસૂરત શહેર હતું જે કિતાબ તથા સુન્નતની અસંખ્ય કંદીલો વડે ઝગમગી રહ્યું હતું, ચમન ચમન હિકમત તથા ઈર્ફાન અને ઈશ્ક તથા યકીનના રંગબેરંગી ફૂલો મહેકી રહ્યાં હતાં, સર્વ વાતાવરણ ખુશ્નુમા હતું, સઘળો માહોલ ઉજ્જવળ હતો. કાશ ! હાફિઝે મિલ્લતને જિંદગીની કાંઈ અધિક મોહલત મળી ગઈ હોત તો હકીકત તથા વાસ્તવિકતાનો તે બાગે ઈરમ જે હજી કલ્પનાની કેડી પર હતો આપણે તેને પાણી તથા જમીનની દુનિયામાં પણ જોઈ લેત.

ઘણા ઓછા લોકોને ખબર છે કે હાફિઝે મિલ્લતના ઝહનમાં અરબી યુનિવર્સિટીની સ્થાપ્નાની ચળવળ શાથી ઉભરી. જે દિવસોમાં તેઓ પોતાનામાં એક વિ□ કક્ષાએ તાલીમી મર્કઝની સ્થાપ્ના માટેની બેચૈની અનુભવી રહ્યા હતા તે દિવસોમાં તેમની માનસિક સ્થિતિથી હું ઘણો નિકટ હતો.

વરસો વરસના ઊંડા અભ્યાસ પછી તેમને સખત રીતે એ હકીકતનો એહસાસ થયો કે આપણે અહલે સુન્નત જે માઝી (ભૂતકાળ)થી તબદીલ થઈને વર્તમાનકાળમાં આવ્યા છીએ, હવે ક્રમે ક્રમે અજાણપણે સંકુચિત થતા જઈ રહ્યા છીએ અને આપણા મદ્રસાઓની ઉપજ હરીફોના મુકાબલામાં એટલી ઘટી ગઈ છે કે જો વિશાળ કક્ષાએ વધારવાની કોશિશ ન કરવામાં આવી તો થોડાક જ વરસોમાં શક્તિનું પલ્લુ ઘટી જશે, જેથી પોતાના અભ્યાસના હેઠળ જે ખતરાનો અંદેશો તેમને લાગ્યો હતો તે આજે આપણી સમક્ષ અનુભવના રૂપમાં છે.

એક બાજુ એહલે સુન્નતના તે મુકદસ અકાબિર જેઓ માજીથી આપણને વારસામાં મળ્યા હતા તેઓ એક એક કરીને ઉઠતા જઈ રહ્યા છે અને જેઓ બાકી બચ્યા છે તેઓ પણ ઉઠવાની તૈયારીમાં છે અને બીજી બાજુ આપણા મદ્રસાઓની વાર્ષિક ઉપજ સામુહિક રીતે પણ એટલી નથી કે હિંદુસ્તાન જેવા વિશાળ દેશમાં મઝહબી તથા જમાઅતી જરૂરિયાતને માટે પૂરતી હોય. જેથી માણસોની ઉણપના પરિણામે આજે આપણી મસ્જિદો, દર્સગાહો અને દીની જિંદગીના અસંખ્ય મર્કઝો સામે જે ગંભીર ખતરાઓ ખડા થઈ ગયા છે તે બાખબર હઝરાતથી છુપુ નથી.

મદ્રસાઓની ઉપજનું આ પરિક્ષણ સંખ્યાના લેહાઝથી છે પરંતું ઈલ્મી ક્ષમતા, તદરીસી કાબેલિયતથી, વિદ્યામય પહોંચ, ફિક્રી બસીરત તથા કાઈદાના કાબેલિયતોના એતેબારથી જો આજની ઉપજનું પ્રમાણિકપણે નિરીક્ષણ કરવામાં આવે તો દર્દનાક પ્રકારની ઉદાસીનો રંજ સહન કરવો પડશે.

આજકાલ આપણે ત્યાં ઘણી જ ઝડપભેર નવા નવા મદ્રસા ખુલી રહ્યા છે અને **તમાશો એ છે કે દરેક મદ્રસો પોતાના અસ્તિત્વના બેક ગ્રાઉન્ડમાં "અઝીમ દર્સગાહ"નો જ ખયાલ લઈને અસ્તિત્વમાં આવી રહ્યો છે. આર્થિક સધ્ધરતા હોવાથી મદ્રસાની શાનદારથી શાનદાર ઈમારત બની શકે છે, બેહતરથી બેહતર ઓફીસ વ્યવસ્થા સ્થાપિત કરી શકાય છે અને ઉમદાથી ઉમદા પ્રસિધ્ધી તથા તઆરુફના તરીકા કાઢી શકાય છે, પરંતું પાયાનો પ્રશ્ન એ છે કે તે "રિજાલે ઈલ્મો ફન" તથા તે માહિર ઉસ્તાદો ક્યાંથી લાવવામાં આવશે જેમના વિના કોઈ પણ સ્ટાન્ડર્ડ કક્ષાની દર્સગાહની કલ્પના પણ નથી કરી શકાતી.** અલ્બત્ત એ તો થઈ શકે છે અને થઈ રહ્યું છે કે અમુક તે મહશૂર ઉસ્તાદો જેઓ અત્યારે આપણી દર્સગાહોની આબરૂ તથા પૂર્વજ બુઝુર્ગો (સલફ)ના ઈલ્મી ખજાનાઓના સાચા વારસો છે તેમને અધિકથી અધિક બદલો આપીને કોઈ દૌલતમંદ દર્સગાહ પ્રાપ્ત કરી લે અને પોતાનું કામ ચલાવે, પરંતું આ ક્રમ પણ વધુ દિવસો સુધી ચાલુ નથી રહી શકતો, કેમ કે નવા કારીગરોની ઉપજ બંધ થઈ ગયા પછી એક ન એક દિવસે કારીગરોના અભાવથી આ ચાલી રહેલું આખુ કારખાનું બંધ થઈ શકે છે.

**આ છે આપણી જિંદગીની તે હકીકી તથા પાયાની સમસ્યાઓ**





**જેના પર આપણે અતિશય ગંભીરપણે તથા નિખાલસપણે વિચાર કરવાનો છે. જો આપણે સમયનો અવાજ સમજવામાં ગલતી કરી અને આપણી દર્સગાહોના ભાવિને ખતરાના સામે ન કાઢી તો આવનારી પેઢીઓમાં આપણી જમાઅતી જિંદગીનો ક્રમ બાકી રહી શક્શે નહીં** અને આપણે કેવળ ભૂતકાળનો એક પૂરાણો ઈતિહાસ બનીને રહી જાશું.

હજી સુધી ગનીમત છે કે આપણી મેહફિલોમાં ઈલ્મો હિકમત, ફિક્ર ફન તથા બસીરત તેમજ દ્રષ્ટિવાળા થોડાક ચિરાગ રોશન છે, જ્યોતથી જ્યોત મિલાવીને ચિરાગો જલાવી શકાય છે, નહીં તો ખુદા ન ખ્વાસ્તા એઓ પણ ગુલ થઈ ગયા તો આપણા અંધકારમય ભાવિનો તો બસ ! ખુદા જ હાફિઝ છે.

આટલી તફસીલ પછી હવે દિલોએ એ હકીકતની સમક્ષ ઝુકી જવું જોઈએ કે અરબી યુનિવર્સિટીની ચળવળની પાછળ હાફિઝે મિલ્લતે એક અઝીમ ભાવિનો પાયો રાખ્યો છે બલ્કે જો એવું કહેવામાં આવે તો વાત હકીકતથી અધિક નિકટ થઈ જશે કે જિંદગીની મૂડીને નહીં બલ્કે ખૂદ જિંદગીને તેમણે પોતાના વિશાળ કક્ષાના ચિંતનનો નિશાનો બનાવ્યો છે.

કાશ ! તેમને ખુદા તરફથી બે ચાર વરસની મોહલત ઓર મળી ગઈ હોત તો નિશ્ચિત અરબી યુનિવર્સિટીનો હેતુ અને તેના ફાયદા સમજાવવાના માટે અમારે આ લખાણ લખવાની જરૂરત ઉપસ્થિત ન થાત. માઈલોમાં ફેલાયેલુ ઈરફાન તથા હિકમત અને ઈલ્મ તથા નૂરનું એક મુકદસ શહેર ખૂદ પોતાની ઝબાને હાલ વડે પોતાની કહાની સંભળાવત.

## ★ દેવબંદી આલિમો સાથે મુનાઝરાઓની વિગત ★

રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી પોતાની આશ્ચર્યજનક ભરચક ખૂબીઓની સાથોસાથ અઝીમ ખતીબ અને ઉચ્ચ કક્ષાના મુનાઝિર પણ હતા. તેમને જો અહલે સુન્નતના "મુનાઝિરે આ'ઝમે હિંદ" કહેવામાં આવે તો ગલત નહીં ગણાશે. તે જો મુનાઝિરની હૈસિયતથી કોઈ શહેરમાં કદમ રાખી દેતા તો દેવબંદના કિલ્લામાં માતમની સફ બિછાઈ જતી હતી. "પેશાબ નીકળી જવો" એક કહેવતના રૂપે બોલવામાં આવે છે પરંતું "ઝરીયા"ના મુનાઝરામાં આ ભયાનક મન્ઝર હજારો મુસલમાનોએ

પોતાના માથાની આંખો વડે જોયો જ્યારે અલ્લામા અર્શદુલ કાદરીના મુકાબલામાં પોતાની ઈબ્રતનાક હારનો સદમો ન વેઠી શકતાં દેવબંદી મુનાઝિર મોલ્વી તાહિર ગયાવીનો પાયજામામાં પેશાબ નીકળી ગયો હતો ! ''ઝરીયા''ના મુનાઝરાની ચર્ચાઓ મુસલમાનોને યાદ હોય કે ન હોય પણ આ રમૂજી પ્રસંગ આજ સુધી ખાસ તથા આમ લોકોની જીભે છે.

એક કામયાબ મુનાઝિરના માટે કેવળ એટલુ જ પૂરતુ નથી કે જીભ તથા બયાન પર કાબૂ ધરાવતો હોય બલ્કે તેના માટે પાયાની રીત જરૂરી છે કે તે મઅકૂલાત તથા મન્કૂલાત પર ભરપૂર પકડ ધરાવતો હોય, ઈસ્લામી તથા અરબી વિદ્યાઓમાં પહોંચી ગયો હોય અને ચતુર તથા હાજર દિમાગવાળો હોય, વિશાળ અભ્યાસી અને મજબૂત યાદશક્તિવાળો હોય, ઈતિહાસ તથા સમયના અહવાલથી વાકેફ હોય, પોતાના ઉલમાની કિતાબો પર નજર હોય, પોતાના બુનિયાદી અકીદા તેમજ તેની દલીલોથી માહિર હોય. સ્વભાવે સંયમી તથા બુલંદ હોસલાવાળો હોય, હરીફોના અકીદા તથા તેમની ખામીઓથી માહિતગાર હોય, હરીફની પ્રપંચી ચાલો પર ચાબુક દ્રષ્ટિ ધરાવતો હોય, મુનાઝરાના વિષયની તમામ બહષોની યાદી હોય, તહકીકી તેમજ ઈસ્લામી જવાબ પર વર્ચસ્વવાળો હોય, હુમલો કરવાની તેમજ સામનો કરવાની એક સાથે કાબેલિયત ધરાવતો હોય.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની જિંદગીમાં આ તમામ અવસાફ (ખૂબીઓ) તથા કમાલો આકાશના તારાઓની જેમ ઝગમગતા જોવા મળે છે. એ જ કારણે તેમણે પોતાના યુગમાં અહલે સુન્નતના કારવાંની શાનો શૌકતથી ભરપૂર વકાલત કરી અને મુનાઝરાના દરેક મેદાન પર એહલે સુન્નતની હક્કાનિયત તથા ફતહયાબીના પરચમ લહેરાવ્યા અને મુનાઝરાના દરેક મેદાનથી પોતાની ઉચ્ચ નસીબવાળી પેશાની પર ફતહે મુબીનનો સેહરો સજાવીને પાછા ફરતા.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી ફર્માવતા હતા કે, ''મેં હુઝૂર હાફિઝે મિલ્લતની કૃતિ ''અલ્ અઝાબુશશદીદ''થી મુનાઝરાની વિદ્યા શીખી.'' તેમજ હાફિઝે મિલ્લતની સોહબત તથા તર્બિયતે પણ આપને આ વિદ્યા (ફન)ના રહસ્યો શીખવાડયાં. અને આ મેદાનમાં મુનાઝિરે આ'ઝમ હુઝૂર મુજાહિદે મિલ્લત અલ્લામા શાહ હબીબુર્રહમાન رحمۃ اللہ علیہ ની સોહબત તથા





તર્બિયતથી પણ ઘણો ફૈઝ ઉઠાવ્યો. અલ્લામા સાહબ તેમની બારગાહમાં આભારવશ થઈને અકીદતોનો ખિરાજ પેશ કરતાં લખે છે કે :–

''એ હકીકતનો ઈઝહાર કરતાં હું ગર્વ અનુભવું છું કે મારી જિંદગીનો એક લાંબો ગાળો મેં હઝરત મુજાહિદે મિલ્લતની ખિદમતમાં ગુજાર્યો છે. સફર તથા મુકામ પર તેમની સાથે રહેવાનો વારંવાર શરફ હાંસલ થયો છે.

ખાસ કરીને બાર મુનાઝરાઓમાં તેમની સાથે મેં સફર કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કર્યું છે. જેમાં આઠ સ્થળોએ મેં હુઝૂર મુજાહિદે મિલ્લતની સદારતમાં કામયાબ મુનાઝરા કર્યા. એ બિલકુલ સત્ય હકીકત છે કે મુનાઝરાના ઉસૂલ તથા ભેદો, બહષ તથા દલીલોના નિયમો અને ચર્ચાના કાયદા તથા નિયમોનો સરમાયો પણ મારી પાસે છે હુઝૂર મુજાહિદે મિલ્લતનો જ અતા કરેલો છે.'' *(મુજાહિદે મિલ્લત નંબર, પખવાડિક 'નવાએ હબીબ' કલકત્તા, ઈ.સ. ૧૯૮૬)*

આ સંક્ષિપ્ત પ્રસ્તાવના પછી તમારા દિલમાં એક ખામોશ આરઝૂ હિલોળા લઈ રહી હશે કે હે કાશ ! કે તેમના મુનાઝરાઓનો ચિતાર પણ વાંચવા મળી જાય ! તો લો ! અમુક મુનાઝરાઓની સંક્ષિપ્ત વિગત નકલ કરીએ છીએ. યાદ રાખશો કે આ સર્વ વિગત હઝરત અલ્લામાનાં જ બયાનો તથા લખાણો પર આધારિત છેઃ–

## ★ પ્રથમ મુનાઝરો ★

આ મુનાઝરો મોલ્વી અશરફઅલી થાનવીની કિતાબ 'હિફઝુલ ઈમાન'ની કુફ્રી ઈબારતો (લખાણો) પર થયો. અહલે સુન્નતની તરફથી જલસાના સદર હુઝૂર મુજાહિદે મિલ્લત અલ્લામા હબીબુર્રહમાન સાહબ કિબ્લા કાદરી علیہ الرحمۃ والرضوان હતા અને મુનાઝિરે અહલે સુન્નતની હૈસિયતથી રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان હતા. જ્યારે કે દેવબંદીઓ તરફથી જલસાના સદર મોલ્વી ઈસ્માઈલ કટકી હતા અને મોલ્વી મંઝૂર નોઅમાનીના ઉસ્તાદ મોલ્વી અબ્દુલ લતીફ નોઅમાની મુનાઝિર હતા.

મુનાઝરાના બીજા દિવસે બહષ દરમ્યાન દેવબંદી મુનાઝિરે સ્વીકાર કરવો પડયો કે 'હિફઝુલ ઈમાન'ના લખાણમાં શબ્દ ''ઐસા'' (આવો)

સરખામણી માટે છે અને આ શબ્દ થકી રસૂલે પાક ﷺ ના ઈલ્મે પાકની નીચ ચીજો સાથે સરખામણી કરવામાં આવી છે જે તૌહીનનો સબબ તથા કુફ્ર છે. આ કબૂલાતના પરિણામે આખા મજમા પર એ વાત જાહેર થઈ ગઈ કે મોલ્વી અશરફઅલી થાનવી અને તેની તરફદારી કરવાવાળા દેવબંદી મુનાઝિરો કબૂલાતની રીતે રસૂલે પાકની તૌહીનમાં સપડાયેલા અને ઈસ્લામથી ખારિજ થયેલા છે.

આ એલાન થતાં જ દેવબંદી મુનાઝિરો સ્ટેજ છોડીને ભાગી ગયા અને અહલે સુન્નતે ફતહે મુબીન ઝિંદાબાદના નારા લગાડયા.

## ★ બથવા બાઝાર જિ. છપરા બિહારનો મુનાઝરો ★

આ મુનાઝરો **કિયામ** તથા **સલામ**ના વિષય પર હતો. દેવબંદીઓની તરફથી મુનાઝિર મોલ્વી અબ્દુસ્સલામ લખનવી હતા. અને સદર મોલ્વી નૂર મુહમ્મદ ટાંડવીને બનાવવામાં આવ્યા હતા. જ્યારે કે અહલે સુન્નતની તરફથી સદારતના સ્થાને સુલ્તાનુલ મુતકલ્લેમીન હઝરત અલ્લામા રિફાકત હુસૈન સાહબ કિબ્લા કાનપૂરી બિરાજમાન હતા અને મુનાઝિરની હેસિયતથી મુનાઝિરે અહલે સુન્નત રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી મિસ્બાહી عليه الرحمة والرضوان ની પસંદગી થઈ.

આ મુનાઝરો એક જ દિવસમાં અહલે સુન્નતની જીતની સાથે ખત્મ થયો. આ મુનાઝરાનું બેક ગ્રાઉન્ડ આ પ્રમાણે હતું કે કેટલાયે મહીનાઓ પહેલાં મોલ્વી અબ્દુસ્સલામ લખનવી બથવા બાઝાર આવ્યા હતા અને તેમણે પોતાની તકરીરમાં **કિયામ** તથા **સલામ**ની બુરાઈમાં ચીખી ચીખીને એલાન કર્યુ હતું કે એ નાજાઈઝ તથા હરામ છે.

જ્યારે મુનાઝરો શરૂ થયો તો આ વિષય પર બહષ થતાં પહેલાં હઝરત મુનાઝિરે અહલે સુન્નતે તેમને સવાલ કર્યો કે **કિયામ** તથા **સલામ**ના બારામાં તમારો જમાઅતી અકીદો શું છે ? તમે તેને હરામ સમજો છો કે જાઈઝ સમજો છો ? સવાલના તેવર પરથી તેમણે સમજી લીધું કે જો હરામ કહું છું તો આ બહષ મને મુશ્કેલીમાં નાખી દેશે, એટલે તેમણે જવાબથી જાન છોડાવવા માટે જવાબ આપવાના બદલે મુનાઝિરે અહલે સુન્નતને સવાલ કરી નાખ્યો કે તમે બતાવો કે તમે **કિયામ** તથા **સલામ**ને શું સમજો



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

છો ? તો અલ્લામા અર્શદુલ કાદરી સાહબે જવાબ આપ્યો કે મારા સવાલ પછી તમારી હેસિયત કેવળ મુજીબ (જવાબ આપનારા)ની છે, તમે જવાબ આપી શકતા હોઉ તો જવાબ આપો, નહીં તો સાફ સાફ કહી આપો કે હું જવાબ નથી આપી શકતો. પછી તે ઉભા થયા અને જવાબ આપવાના બદલે ફરી તે જ સવાલને દોહરાવતા રહ્યા.

જ્યારે કેટલીયે વાર એવું થયું તો મજમામાંથી ઘણા લોકો ઉભા થઈ ગયા અને તેમણે બૂમો પાડી પાડીને કહેવાનુ શરૂ કર્યુ કે આજથી ત્રણ મહીના પહેલાં તમે જ અહીં આવ્યા હતા અને તમે જ જલસામાં ગળુ ફાડી ફાડીને ચીખતા રહ્યા કે **સલામ** તથા **કિયામ** હરામ છે ! **સલામ** તથા **કિયામ** હરામ છે ! પરંતુ આજે જ્યારે શેર આવ્યો છે તો તે જ વાત એની સામે કેમ નથી દોહરાવતા ! એનો સીધો અર્થ એ છે કે અમને લોકોને મૂરખ સમજીને તમે ધોકો આપ્યો. જ્યારે અમારા મુનાઝિરની સામે તમારો અકીદો નથી બયાન કરી શકતા તો પછી તમે બહષ શું કરશો ?! એ જલસામાં સર્વ લોકો સારી પેઠે સમજી ગયા કે જ્યારે તમે કિયામ તથા સલામને વારંવાર પૂછવા છતાં હરામ નથી કહી શકતા તો એને હરામ સાબિત શું કરશો ?! અવામના આ પ્રકારના વર્તનથી દેવબંદી જમાઅતની ઘણી બેઈજ્જતી થઈ અને પોતાના મુનાઝિરને સ્ટેજ પરથી ઉઠાડીને લઈ ગયા કેમ કે અવામનો શોર તથા હંગામો એટલો બેકાબૂ થઈ ગયો કે એ સિવાય કોઈ માર્ગ ન હતો. ત્યારબાદ અહલે સુન્નતે ફતહનો જુલૂસ કાઢયો અને પૂરો ઈલાકો તકબીર તથા રિસાલતના નારાઓથી ગુંજતુ રહ્યું. આ મુનાઝરા પછી તે ઈલાકાના કેટલાયે જલસાઓમાં દીની જાગૃતિની લહેરો દોડી ગઈ. ઠેક ઠેકાણે જલસા થયા અને સુન્ની મદ્રસાઓ સ્થપાયા.

## ★ અમરાવતીનો મુનાઝરો ★

નય્યર મુકામે જિ. અમરાવતી (મહારાષ્ટ્ર)નો આ મુનાઝરો રાતના સમયે એક કિલ્લાની અંદર થયો હતો. ત્યાંના ડી. એસ. પી. સાહબ બંને તરફથી મુનાઝરાના ખૂદ કંટ્રોલર હતા. પોલીસ તરફથી મુનાઝરાના માટે કેવળ ત્રણ કલાકનો સમય નિશ્ચિત થયો હતો. મુનાઝરાનો વિષય તબ્લીગી જમાઅત હતો. દેવબંદીઓની તરફથી મોલ્વી ઈર્શાદ અહમદ સાહબ

મુબલ્લિગે દારુલ ઉલૂમ–દેવબંદ મુનાઝિર નક્કી થયા હતા. જ્યારે કે અહલે સુન્નતના મુનાઝિરની હૈસિયતથી હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે મોરચો સંભાળ્યો હતો. પોતાની પ્રારંભિક તકરીરમાં હઝરત મુનાઝિરે અહલે સુન્નતે મોલ્વી મન્ઝૂર નોઅમાનીની સંપાદિત કરેલી કિતાબ 'મલ્ફૂઝાતે મોલ્વી ઈલ્યાસ'ના હવાલાથી દા'વો કર્યો કે તબ્લીગી જમાઅતની સ્થાપ્નાનો મકસદ કુર્આન હદીષની તા'લીમને ફેલાવવાનો નથી બલ્કે મોલ્વી અશરફ અલીની તા'લીમને અવામમાં ફેલાવવાનો છે.

એટલા માટે અહલે સુન્નતના જે આલિમો થાનવી સાહબની તા'લીમાતને કુર્આન તથા હદીષના વિરૂધ્ધ સમજે છે તેમના માટે ખરેખર યોગ્ય રીતે હક્ક છે કે તેઓ તબ્લીગી જમાઅતનો પોતે પણ બોયકોટ કરે અને પોતાની અવામને પણ તબ્લીગી જમાઅતથી અલગ રહેવાની તાકીદ કરે.

મોલ્વી ઈર્શાદ સાહબે પોતાની જવાબી તકરીરમાં મુનાઝિરે અહલે સુન્નતના આ આક્ષેપનો જવાબ આપતાં ફર્માવ્યું કે મૌલાના મંઝૂર નોઅમાનીની સંપાદિત કરેલી કિતાબ મૌલાના ઈલ્યાસની પોતાની લખેલી નથી બલ્કે તે એમનાં મલ્ફૂઝાત (મૌખિક વાતો) છે એટલા માટે તેના લખાણથી અમારી વિરૂધ્ધ કોઈ આક્ષેપ લાગુ નથી પાડી શક્તા.

હઝરત મુનાઝિરે અહલે સુન્નતે તેમના જવાબમાં કહ્યું કે આપની આ તકરીરથી બે વાતો સાબિત થાય છે : પ્રથમ વાત એ કે મલ્ફૂઝાતના સંપાદક મોલ્વી મંઝૂર નોઅમાની પર તમને વિ□ાસ નથી અને બીજી વાત એ સાબિત થઈ કે આપની નજરમાં થાનવી સાહબની તા'લીમાત એને પાત્ર નથી કે તેને તબ્લીગી જમાઅતના થકી મુસલમાનોમાં ફેલાવવામાં આવી શકે. કેમ કે આપની નજરમાં તેમની તા'લીમાત કુર્આન તથા હદીષના પ્રમાણે હોત અને તેના થકી ઉમ્મતને કોઈ ફાયદો પહોંચત તો તમે શર્મિંદા થવાને બદલે છાતી ઠોકીને કહેત કે તબ્લીગી જમાઅતની સ્થાપ્નાનો મકસદ જો તેમની તા'લીમાત આમ કરવું છે તો એમાં બુરુ શું છે ?!

હવે તમે સ્પષ્ટપણે જલસાનાં હાજરજનોને સંતૃષ્ઠ કરો કે મલ્ફૂઝાતના સંપાદક પર તમને વિ□ાસ કેમ નથી અને થાનવીની તા'લીમાતમાં બુરાઈ શું છે કે તમે તેના પ્રચારને તબ્લીગી જમાઅતનો મકસદ બનાવવાથી આનાકાની કરો છો ?! યાદ રાખશો ! એમની તા'લીમાતની બુરાઈઓ વર્ણન





કરવાથી જો તમે પાછી પાની કરી તો હું જરૂર તેમની ગુમરાહ કરનાર કાફિરાના તા'લીમાતનું સઘળુ દફતર ખોલીને રાખી દઈશ અને તમે શરમથી પાણી પાણી થઈ જશો. હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની આ તકરીરના જવાબમાં તેમના સવાલોના જવાબો આપવાના બદલે તેમણે થાનવી સાહબના ફઝાઈલ તથા મનાકિબ (વખાણો) વર્ણન કરવાનું શરૂ કરી દીધું. જ્યારે તેઓ પોતાની વાત ખત્મ કરી ચૂક્યા તો હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ કહ્યું કે જ્યારે તેઓ આટલા ફઝાઈલ તથા મનાકિબના સંગમ છે તો તેમની તા'લીમાતના પ્રચારના સવાલ પર તમે આટલી સુસ્તી શા માટે અનુભવી રહ્યા છો ?! આટલા મહાન બુઝુર્ગની તા'લીમાતને ડંકાની ચૌટ પર ફેલાવવાની જરૂરત છે. ત્યારબાદ જ્યારે હઝરત મુનાઝિરે અહલે સુન્નતે પોતાની વિવિધ બેઠકોમાં તેમના ગુમરાહકુન તથા કાફિરાના તા'લીમાતના દફતરને ખોલ્યાં તથા તેમના ''રિસાલા ઈમદાદ''થી **''લા ઈલાહ ઈલ્લલ્લાહ અશરફ અલી રસૂલુલ્લાહ''** અને **અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈય્યિદિના વનબિય્યિના અશરફ અલી''** પર તેમના તસલ્લી આપતાં દાદ આપતાં વાક્યોનો ખુલાસો રજુ કર્યો તો ડી. એસ. પી. સાહેબ ઉભા થઈ ગયા અને તેમણે કહ્યું કે બંને બાજુની ચર્ચા સાંભળ્યા બાદ હું એ પરિણામ પર પહોંચ્યો છું કે તબ્લીગી જમાઅત કરતાં સુન્ની બરેલ્વી આલિમોનું વિભાજીત થવું મજબૂત પાયાઓ પર છે અને તેમને સંપૂર્ણ હક્ક છે કે ખૂદ પણ તબ્લીગી જમાઅતથી અલગ રહે અને પોતાની અવામને પણ અલગ રહેવાની તાકીદ કરે. ત્યારબાદ તેમણે મુનાઝરાના પૂરા થવાનું એલાન કરી દીધું. ડી. એસ. પી. સાહબે જતાં જતાં અહલે સુન્નતના મુનાઝિરને ઉષ્માભેર કહ્યું કે તમે તમારી જમાઅતની વકાલતનો હક્ક અદા કરી આપ્યો. મુનાઝરાના અંતમાં અહલે સુન્નતના આલિમો સાથે મુસાફાના માટે અવામ તૂટી પડી અને મોલ્વી ઈર્શાદ હારેલા જૂગારીની જેમ એકલા મોઢુ વકાસીને બેઠેલા રહ્યા.

## ★ બુલ્યા મંદસુર રાજસ્થાનનો મુનાઝરો ★

આ મુનાઝરો 'હિફઝુલ ઈમાન''ના કુફ્રી લખાણ પર હતો. દેવબંદીઓના સદરે જલસા નૂર મુહમ્મદ ટાંડવી હતા અને મુનાઝિરની હૈસિયતથી મોલ્વી ઈર્શાદ અહમદ દેવબંદી નિયુક્ત થયા હતા. જ્યારે અહલે

સુન્નતની તરફથી સદારતની ફરજો મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા મુહમ્મદ હબીબુર્રહમાન સાહબ عليه الرحمة والرضوان એ અંજામ આપી અને મુનાઝિરની હૈસિયતે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી عليه الرحمة والرضوان ને રજુ કરવામાં આવ્યા.

આ મુનાઝરામાં જિલ્લા મેજિસ્ટ્રેટ કેટલાયે કલાકો સુધી જાતે પોતે હાજર રહ્યા. તે યુ.પી.ના રહેવાસી હતા અને તેમને ઉર્દૂ શેઅર શાઈરીથી પણ દિલચસ્પી હતી એટલા માટે બંને તરફની વાતચીત તે ખૂબ જ દિલચસ્પીની સાથે સાંભળતા હતા.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે 'હિફઝુલ ઈમાન'ના કુફ્રી લખાણ પર જેવી ચર્ચા શરૂ કરી તો દેવબંદી મુનાઝિર પસીનો પસીનો થઈ ગયો અને મુનાઝિરે અહલે સુન્નતના લાગુ પાડેલા આક્ષેપોનો કોઈ યોગ્ય જવાબ તેમની પાસે ન હતો. જ્યારે તે બિલ્કુલ તંગ આવી ગયા તો તેમણે કહેવાનું શરૂ કર્યું કે ''હિફઝુલ ઈમાન''નું લખાણ તદ્દન સાફ સુથરુ છે પણ તમારા આ'લા હઝરતે એની અંદર કુફ્રના અર્થો પેદા કર્યા છે. જો તે લખાણ સાફ સુથરુ ન હોત તો હરમૈન તૈયેબૈનના મુફતીઓએ તેને સહીહ શા માટે કહ્યું. જ્યારે તે પોતાની વાત પૂર્ણ કરી ચૂક્યા તો અલ્લામા સાહબ સિંહની જેમ ઉભા થયા અને તેમને લલકાર કરતાં કહ્યું :–

''આપે 'હિફઝુલ ઈમાન'ના બારામાં હરમૈન શરીફૈનના આલિમોનો ઉલ્લેખ કરીને મને મજબૂર કરી આપ્યો કે હું તમારી કિતાબ ''અલ મુહન્નદ''ના હવાલાથી તમારા લોકોના પ્રપંચોના પર્દાને છેદ આપું. સૌ પ્રથમ તમે એ બતાવો કે તમારા લોકોની દ્રષ્ટિમાં જો 'હિફઝુલ ઈમાન'નું લખાણ સાફ સુથરુ છે તો તમારા મોટેરાઓએ હરમૈન તૈયેબૈનના ઉલમા સમક્ષ 'હિફઝુલ ઈમાન'નું મૂળ લખાણ શા માટે રજુ ન કર્યું ? તેમાં ફેરફાર કેમ કર્યો ? અત્યારે મારા હાથમાં 'હિફઝુલ ઈમાન' પણ છે અને 'અલ મુહન્નદ' પણ છે. 'હિફઝુલ ઈમાન'નું મૂળ લખાણ આ છે :– ''જો અમુક ગયબી ઈલ્મો મુરાદ છે તો એમાં હુઝૂરની શું વિશિષ્ટતા છે ! એવો ઈલ્મે ગયબ તો દરેક ઝયદ તથા બકર બલ્કે દરેક **બાળક** તથા **પાગલ** બલ્કે તમામ **જાનવરો** તથા **ચોપગાંઓ**ને પણ છે.'' *(હિફઝુલ ઈમાન)*

અને જ્યારે 'હિફઝુલ ઈમાન'નું આ લખાણ હરમૈન તૈયેબેનના





આલિમો સામે રજુ કરવાની નોબત આવી તો તે આ પ્રમાણે બદલીને રજુ કરવામાં આવ્યું : ''જો અમુક ગયબના ઈલ્મો મુરાદ છે તો રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિશિષ્ટતા ન રહી કેમ કે અમુક ગયબનો ઈલ્મ ભલે થોડો સરખો હોય તે ઝયદ તથા અમર બલ્કે દરેક બાળક તથા પાગલ બલ્કે તમામ જાનવરો અને ચોપગાંઓને પણ છે.'' *(અલ્મુહન્નદ)*

એ વિચારીને દરેક ગૈરતમંદ (શરમવાળા) મુસલમાનની આંખોમાં ખૂન ઉતરી આવશે કે 'હિફઝુલ ઈમાન'નું મૂળ લખાણ બેદાગ હતું તો હૂબહૂ (આબેહૂબ) એ જ લખાણનો તર્જુમો હરમૈનના ઉલમાની સામે કેમ રજુ કરવામાં ન આવ્યો ?!

છેવટે દેવબંદના આલિમોને કોઈ જુર્મના એહસાસે મજબૂર કર્યા કે 'હિફઝુલ ઈમાન'ના લખાણમાં ફેરફાર કરવામાં આવે અને થાનવી સાહબનું મૂળ વાક્ય (એવો ગયબનો ઈલ્મ) કટ કરીને આ વાક્ય બનાવી ''અમુક ગયબનો ઈલ્મ'' રાખી દેવામાં આવે. જ્યારે કે આ ફેરફાર પછી તે 'હિફઝુલ ઈમાન'નું અસલ લખાણ નથી રહ્યું.

આપના મોટેરાઓને પણ યકીન હતું કે તેમની (હરમૈનના ઉલમા) સમક્ષ જો 'હિફઝુલ ઈમાન'નું અસલ લખાણ રજુ કરવામાં આવશે તો અમારું કુફ્ર સૌના સમક્ષ જાહેર થઈ જશે !

પોતાની વાત સમાપ્ત કરતાં હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, ''મારી તકરીર પછી મુનાઝરાનો સમય પૂરો થઈ જશે એટલા માટે કાલે સવારે તમે પૂરી તૈયારીની સાથે આવશો અને અમારા આ આક્ષેપનો યોગ્ય જવાબ આપશો કે તમારા મોટેરાઓએ 'હિફઝુલ ઈમાન'ના લખાણમાં છેતરપિંડી કેમ કરી ?! જુર્મના એહસાસની આનાથી પણ વિશેષ કોઈ સાબિતી ઈચ્છતા હોઉ તો કાલની સવારનો ઈન્તેઝાર કરો. બીજા દિવસે જ્યારે અહલે સુન્નતના ઉલમા જલ્સાગાહમાં પહોંચ્યા તો દેવબંદી સ્ટેજ ખાલી હતું ! જાણવા મળ્યું કે સ્થાનિક સત્તાવાળાઓ સમક્ષ તેમણે શાંતિ જોખમાવાનો ભય પ્રદર્શિત કરીને ભાગી છૂટવાનો માર્ગ અપનાવી લીધો.

ઘણીવાર સુધી રાહ જોયા બાદ જ્યારે દેવબંદી આલિમો આવ્યા નહીં તો મુનાઝરાનો જલ્સો જીતના જશ્નમાં ફેરવાઈ ગયો અને અહલે સુન્નતના ઉલમાની જીતની હિંદુસ્તાનભરમાં ખ્યાતિ થઈ ગઈ.

## ★ ઝરયા જિ. ધનબાદ-બિહારનો મુનાઝરો ★

આ મુનાઝરાની વિશિષ્ટતા એ હતી કે એનાથી અગાઉ જેટલા પણ મુનાઝરા થયા તેમાં મુનાઝરાનો વિષય કેવળ એ હોતો કે દેવબંદી મુનાઝિર પોતાના મોટેરાઓનું મુસલમાન હોવાનું સાબિત કરશે, પરંતુ આ મુનાઝરામાં શર્તો નક્કી કરતી વખતે દેવબંદીઓએ આગ્રહ કર્યો કે બરેલ્વી મુનાઝિર પણ પોતાના મોટેરાઓનું મુસલમાન હોવું સાબિત કરશે.

આ મુનાઝરામાં અહલે સુન્નતની તરફથી મુનાઝરાના જલસાના સદર મુજાહિદે મિલ્લત મૌલાના શાહ હબીબુર્રહ્‌માન સાહબ કિબ્લા હતા. અને મુનાઝિરની હૈસિયતથી હુઝૂર મુજાહિદે મિલ્લતે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان ને નિયુક્ત કર્યા. અને દેવબંદીઓના સ્ટેજના સદર મોલ્વી ઈર્શાદ અહમદને બનાવવામાં આવ્યા હતા જ્યારે કે મુનાઝિરની હૈસિયતથી મોલ્વી તાહિર ગયાવીનું નામ રજુ કરવામાં આવ્યું હતું.

મુનાઝરાની પ્રારંભિક તકરીરમાં મુનાઝિરે અહલે સુન્નતે 'હિફઝુલ ઈમાન'ના કુફ્રી લખાણને રજુ કરતાં માંગણી કરી કે આ લખાણમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મ શરીફની નીચ કક્ષાની ચીજોના ઈલ્મ સાથે સરખામણી કરવામાં આવી છે. એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સ્પષ્ટ તૌહીન છે અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીનના ઈલ્ઝામ હેઠળ મોલ્વી થાનવી સાહબ કાફિર તથા મુર્તદ અને ઈસ્લામથી ખારિજ છે. જો તમે તેમને મુસલમાન સમજો છો તો આ લખાણનું કુફ્ર ઉઠાવીને તેમનું મુસલમાન હોવાનું સાબિત કરો.

મોલ્વી તાહિર ગયાવીએ પોતાની જવાબી તકરીરમાં કહ્યું કે આ લખાણ બાબતે અમારી અને તમારી વચ્ચે વારંવાર મુનાઝરા થઈ ચૂક્યા છે અને અમારા આલિમોએ દલીલોની સાથે આ લખાણનું બેદાગ હોવું વારંવાર સાબિત કરીને અમારા વડીલ આલિમોનું મુસલમાન હોવું સ્પષ્ટ કરી આપ્યું છે. એટલા માટે આજે આપની વારી છે કે તમે તમારા વડીલ આલિમોનું મુસલમાન હોવું સાબિત કરો. ત્યારબાદ તેમણે 'અલ્મલ્ફૂઝ'ના હવાલાથી કેટલાક લખાણો રજુ કરીને કહ્યું કે આ લખાણોથી કુફ્ર સાબિત થાય છે એટલા માટે તમે મલ્ફૂઝના લેખકનું મુસલમાન હોવું સાબિત કરો. મુનાઝિરે અહલે સુન્નતે પોતાની જવાબી તકરીરમાં દેવબંદી મુનાઝિરને લલકારીને કહ્યું :–



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

''સૌ પ્રથમ તમે તમારી એ હૈસિયત ઓળખો કે તમે તમારી જમાઅતના પ્રતિનિધિ તથા વકીલ હોવાની હૈસિયતથી અમારા શ્રોતા છો, તમારી અંગત હૈસિયતમાં તમે તદ્દન અમારા શ્રોતા નથી (કે જેને સંબોધન કરવામાં આવે). એટલા માટે તમે સૌ પ્રથમ તમારા વડીલો તરફથી અમારા વિરૂધ્ધ કુફ્રનો ફત્વો બતાવો, જો તમારા વડીલ આલિમોએ અમારા વિરૂધ્ધ કુફ્રનો ફત્વો બહાર નથી પાડયો તો અમારા પાસે એ માંગણી કરવી કે અમે અમારો ઈસ્લામ સાબિત કરીએ એને જેહાલત તથા મૂર્ખાઈના સિવાય બીજુ શું કહી શકાય છે !

તેમ છતાં ફતાવા દારુલ ઉલૂમ દેવબંદ અને થાનવી સાહબની કિતાબોમાં આ બાબતની સ્પષ્ટતા મૌજૂદ છે કે, ''અમે બરેલ્વીવાળાઓને મુસલમાન સમજીએ છીએ, તેમને કાફિર નથી કહેતા, તેમની પાછળ અમારી નમાઝ થઈ જાય છે.'' ચર્ચા દરમ્યાન દેવબંદી સાહિત્યમાંથી આ પ્રકારનાં સર્વ લખાણો વાંચીને સંભળાવવામાં આવ્યાં.

હવે રહી ગયું 'અલ્મલ્ફૂઝ'ના લખાણો પર તમારો વાંધો, તો એનો જવાબ અમારા તરફથી તમને લોકોને વારંવાર આપવામાં આવી ચૂક્યો છે તેમ છતાં જો ખરેખર તમારા લોકોની દ્રષ્ટિએ એમાં કુફ્ર છે તો તમારે અમારી સાથે લડવાને બદલે તમારા વડીલ આલિમો સાથે લડવું જોઈએ કે આટલી કુફ્રિયાત છતાં અમને મુસલમાન શા માટે સમજે છે ? અમારા પાછળ તેમની નમાઝ શાથી દુરૂસ્ત છે ?!''

વારંવાર માંગણી કરવાથી દેવબંદી મુનાઝિરે એક કિતાબ કાઢી અને કહ્યું કે આ મૌલાના ગંગોહીની કિતાબ છે એમાં તેમણે તમારા આ'લા હઝરતની વિરૂધ્ધ કુફ્રનો ફત્વો બહાર પાડયો છે. તેમણે તે ફત્વો મજમા સમક્ષ વાંચી પણ સંભળાવ્યો. જ્યારે હવાલાનું લખાણ જોવાના માટે એ કિતાબ માંગવામાં આવી તો તેમણે કિતાબ બતાવવાથી ઈન્કાર કરી દીધો જે મુનાઝરાના નિયમોની તદ્દન વિરૂધ્ધ છે. આ સંજોગોમાં અહલે સુન્નતની તરફથી જલ્સાના કન્ટ્રોલર જનાબ વાહિદ હુસૈન સાહબ રઝવી તેમના સ્ટેજ પર પહોંચી ગયા અને દેવબંદી મુનાઝિરના હાથમાંથી કિતાબ છીનવી લઈને જોયું કે કિતાબની અંદર અલગથી એક સફેદ કાગળ રાખવામાં આવ્યો છે અને દેવબંદી મુનાઝિર એને વાંચીને સંભળાવી રહેલ છે ! વાહિદ હુસૈન

રઝવી સાહબે દેવબંદી મુનાઝિરની અય્યારી (પ્રપંચ) મક્કારી (ધોકો) તથા ચોરીને બંને પક્ષની અવામ સામે પણ રજુ કરી દીધી તેના પરિણામે દરેક તરફથી દેવબંદી મુનાઝિરની એવી થૂ થૂ થઈ કે શરમના માર્યા સર્વ દેવબંદીઓના માથાં ઝુકી ગયાં. કેટલાક જઝબાતી પ્રકારના દેવબંદી નવયુવાન મોલ્વી તાહિર ગયાવીને મસ્જિદની અંદર લઈ ગયા અને ત્યાં તેને એટલો ઝલીલ કર્યો કે ડરના માર્યા તેણે પેશાબ કરી દીધો !

ત્યારબાદ મુનાઝરાના જલસામાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને સલાતો સલામની સાથે જલસાની પૂર્ણાહુતી થઈ. આ શર્મનાક બેઈજ્જતીથી દેવબંદી મોલ્વી એટલા હેબતાઈ ગયા કે સલાતો સલામના માટે તેઓ પણ હાથ બાંધીને ઉભા થઈ ગયા ! જલ્સાના અંતે કન્ટ્રોલર હઝરાતના તરફથી એલાન થયું કે મુનાઝરાની પ્રથમ બેઠક આજે બાર વાગ્યે દિવસે ખત્મ કરવામાં આવે છે, હવે બીજી બેઠક મસ્જિદમાં ઈશાની નમાઝ બાદ થશે. જ્યારે ઈશાની નમાઝ બાદ અહલે સુન્નતના ઉલમા મસ્જિદમાં તશરીફ લાવ્યા તો દેવબંદી સ્ટેજ બિલકુલ ખાલી હતું. જ્યારે કેટલાયે કલાકો સુધી ઈંતેઝાર બાદ દેવબંદી મુનાઝિરો આવ્યા નહીં તો ઉલમાએ અહલે સુન્નત તકબીર તથા રિસાલત અને ફતહે મુબીન ઝિંદાબાદના નારાની ગુંજમાં એક ઘણા જ મોટા જુલૂસની સાથે એક મેદાનમાં તશરીફ લાવ્યા અને ત્યાં મોજાં મારતા સમુદ્ર જેવા મજમાને મુનાઝરાનો પૂરો ચિતાર સંભળાવવામાં આવ્યો. ફતહના જશ્નના આ જલ્સાને અહલે સુન્નતના જે વિખ્યાત બુઝુર્ગોએ સંબોધ્યો એમાં મુનાઝરાના જલ્સાના સદર હઝરત મુજાહિદે મિલ્લત મૌલાના શાહ હબીબુર્રહ્‌માન સાહબ, અલ્લામા મુફતી રિફાકત હુસૈન સાહબ, જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી, ખતીબે મશ્રિક અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી, હઝરત મૌલાના સૈયદ મુઝફફર હુસૈન કછોછવી, હઝરત મૌલાના મુહમ્મદ હુસૈન સંભલી, હઝરત મૌલાના શાહ સિરાજુલહુદા ગયાવી, હઝરત મૌલાના અબ્દુલ હક્ક ચિશ્તી, હઝરત મૌલાના શાહ અસ્રારુલ હક્ક સાહબ શાહજહાંપૂરી અને હઝરત મૌલાના ષનાઉલ મુસ્તફા અમજદીનાં મુબારક નામો ખાસ કરીને ઉલ્લેખનીય છે.





## ★ કટક ઓરિસ્સાનો મુનાઝરો ★

આ મુનાઝરાની વિશિષ્ટતા એ હતી કે દેવબંદીઓના મુનાઝિર ત્રણવાર બદલવામાં આવ્યા તેમ છતાં પણ તેમની ઈબ્રતનાક હાર થઈ. આ મુનાઝરાનો સંક્ષિપ્ત ચિતાર ખૂદ મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અર્શદુલ કાદરી લખે છે :–

કેટલાક વર્ષો પર ઓરિસ્સાના કેપિટલ કટકમાં દેવબંદીઓ સાથે એક ઐતિહાસિક મુનાઝરો થયો હતો. મારી યાદ શક્તિ ગલતી ન કરતી હોય તો આ બનાવ હિ.સ. ૧૩૯૯ નો છે. ઈમામુલ આશિકીન હઝરત મુજાહિદે મિલ્લત અલ્લામા શાહ મુહમ્મદ હબીબુર્રહ્‌માન કાદરી علیہ الرحمۃ والرضوان સરપરસ્ત અને બાનીએ મુનાઝરાની હૈસિયતથી અહલે સુન્નતના સ્ટેજ પર પોતે બિરાજમાન હતા. અહલે સુન્નતની તરફથી મુનાઝરાના જલસાના સદર ફીકહુન્નફ્સ, નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીકુલ હક્ક સાહબ અમજદી નિયુક્ત થયા હતા. જ્યારે કે મુનાઝિરની હેસિયતથી મુજાહિદે મિલ્લતે મુઝ ફકીરને નિયુક્ત કર્યો હતો. અને બીજી બાજુ દેવબંદી ફિર્કાએ પોતાના મુનાઝિરની હેસિયતથી મોલ્વી ઈર્શાદ અહમદ ફૈઝાબાદી મુબલ્લિગ દા.ઉ. દેવબંદને રજુ કર્યા હતા.

મુનાઝરા દરમ્યાન દેવબંદી મુનાઝિરે **આ'લા હઝરત**ના શબ્દ પર વાંધો પ્રદર્શિત કરતાં કહ્યું કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને તો કેવળ **'હઝરત'** કહેવામાં આવે છે અને આપ લોકો અહમદ રઝા સાહેબને ''આલા હઝરત'' કહો ! તેનો મતલબ એ છે કે, તમે લોકોએ પોતાના પેશ્વાને હુઝૂરથી પણ વધારી દીધા છે !

તેના જવાબમાં અલ્લામા અર્શદુલ કાદરી સાહબે એવો જડબાતોડ જવાબ આપ્યો કે દેવબંદીઓના સ્ટેજ પર સ્તબ્ધતા છવાઈ ગઈ.

અલ્લામાએ કહયું : ગુસ્તાખીએ રસૂલની નાપાક ભાવનામાં આપ લોકોના દિલો એટલી હદે બગડી ચૂકેલાં છે કે ગુસ્તાખીનો કોઈ મોકો આપ લોકો હાથથી જવા દેતા નથી. આ વાતની શિકાયત તો પોતાની જગ્યા પર છે કે જેની દસેય આંગળીઓ ગુસ્તાખીએ રસૂલના રક્તમાં ડૂબેલી છે તેઓ

અન્યોના સફેદ સ્વચ્છ પાલવ પર લાલ ધાબા શોધી રહ્યા છે ! અત્યારે આપથી શિકાયત એ છે કે આ બનાવથી તમે પણ બેખબર નથી કે પૂર્વજ બુઝુર્ગોથી લઈને અત્યાર સુધીના ઉમ્મતના મશ્હૂર હઝરાતને જે ઈલકાબોથી યાદ કરેલ છે તેની વચ્ચે સરખામણી તેઓના કેવળ સમકાલીનની સાથે હતી, કોઈએ પણ ઈમામે આઝમના શબ્દથી એ અર્થ નથી તારવ્યો કે તેઓને ઈમામે આઝમ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم અથવા સહાબાએ કિરામની સરખામણીમાં બોલવામાં આવી રહેલ છે. પણ આપ લોકોના રોગી દિલની કારીગરી છે કે આપ લોકો પૂર્વજ પ્રણાલિકાગત અને ઉર્ફના અનુસાર **આ'લા હઝરત**ના શબ્દાર્થને તેમના સમકાલીન હઝરાત સુધી મર્યાદિત ન સમજતાં બળજબરીપૂર્વક ખેંચી તાણીને આ શબ્દોને રિસાલત કાળ સુધી વિસ્તૃત કરી દીધો, જેથી શબ્દ પોતાના ભાવાર્થને કારણે ગુસ્તાખીભર્યો ન પણ હોય તો પણ સરખામણીની દ્રષ્ટિએ ગુસ્તાખીનો અર્થ ઉત્પન્ન કરી દેવામાં આવે.

ત્યારબાદ અલ્લામાએ ગરજદાર અવાજમાં દેવબંદી મુનાઝિરને સંબોધતાં કહયું...કે જયારે આપ લોકોને ત્યાં ઈલ્કાબોના અર્થનું વર્તુળ એટલુ વિશાળ છે કે રિસાલતકાળ સુધીને આવરી લે છે ! તો હવે તમો દેવબંદથી બરેલી આવો અને પોતાની બદબખ્તીની એ ભયાનક તસ્વીર જુઓ કે સ્વંય આપના ઘરમાં ગુસ્તાખીએ શાને રિસાલતની કેવી કેવી સાધન સામગ્રી મૌજૂદ છે.

જુઓ ! આ ''મર્ષિયા રશીદ અહમદ ગંગોહી'' છે, જે આપના શયખુલ હિન્દ મૌલ્વી મહમૂદ હસન સાહેબની રચના છે. તેમણે મર્ષિયાના મથાળે ગંગોહી સાહબને આ ઈલ્કાબો આપેલ છે :–

''મખ્દૂમ કુલ, મુતાઉલ આલમ અર્થાત સર્વેના મખ્દૂમ અને સમસ્ત જગતના મુતાઅ તથા મુક્તદા (સરદાર, પેશ્વા) જેની ફર્માંબરદારી કરવામાં આવે, અનુકરણ કરવામાં આવે.''

હવે તમો તમારા જ કાયદાના આધારે આ આરોપ સ્વીકારો કે તમો ગંગોહી સાહેબને હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم લઈને સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી અને આપના બાદ કયામત સુધી થનારા સમગ્ર ઈન્સાનોના ''મખ્દૂમ'' સમજો છો.

અલ્લામાએ કહયું, ''મખ્દૂમુલ કુલ''નો અર્થ આપની પેઠે મેં ખેંચી





તાણીને બનાવ્યો નથી, બલ્કે ''કુલ'' શબ્દનો પારિભાષિક અર્થ એ છે કે, તેના વર્તુળથી એક પણ મનુષ્ય બહાર ન હોય. આ અર્થ મેં પોતે બનાવેલ નથી બલ્કે તેના અર્થના વર્તુળની વિસ્તૃતતા સ્વંય તે શબ્દની અંદર મૌજૂદ છે. જયારે કે ''આ'લા હઝરત'' નો શબ્દ અર્થઘટનમાં વિસ્તૃત વર્તુળ ધરાવતો અર્થ રાખતો નથી. આપ લોકોએ બળજબરીપૂર્વક અર્થઘટન ખોટુ કર્યું છે એ આપની બદનિય્યતીનો પુરાવો છે.

એ જ પ્રમાણે ''મતાઉલ આલમ''માં ''આલમ'' નો શબ્દ એટલો વિશાળ અર્થસૂચક છે જેમાં ન તો કોઈ એક પણ વ્યક્તિ મૂકી દેવામાં આવેલ છે ન તો સમય, કાળને મૂકી દેવામાં આવેલ છે. જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે, સૈયદના આદમ علیہ الصلوٰۃ والتسلیم થી લઈને હુઝૂર મતાઉલ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી સર્વને મઆઝલ્લાહ ગંગોહી સાહેબના સેવક અને અનુયાયી સમજો છો.

ત્યારબાદ અલ્લામાએ દેવબંદી મુનાઝિરને લલકારતાં કહ્યું કે, આ'લા હઝરત શબ્દ માટે આપના વાંધા પર મેં જવાબ સ્વરૂપે આટલી લાંબી ચર્ચા એટલા માટે કરી કે આપની ગંદી વિચારસરણી અને ગંદી સમજનું આપને ભાન થઈ જાય.

હવે સ્વસ્થ થઈ જાઓ ! આપે કરેલ વાંધો આપના પર જ પલ્ટી રહ્યો છે. હવે પોતાની જ તલ્વારથી તમે પોતે લોહી લોહાણ થઈ જાવ તો મારા પર નાહક ખૂનનો આરોપ નહીં આવે !

બરેલીના એક ''આ'લા હઝરત'' પર તો આપને ત્યાં માતમ કરવામાં આવે છે પણ સ્વંય દેવબંદીના બુતખાનામાં કેટલાયે ''આ'લા હઝરત''આપ લોકોએ ઘડેલા છે, કદાચ તેનો અંદાજો આપ લોકોને નહીં હોય ! જો સહન કરવાની શક્તિ આપનામાં જો હોય તો કપાળેથી પસીનો લૂછી પોતાની બુઝુર્ગપરસ્તીની આ ઈબ્રતનાક દાસ્તાન સાંભળો :–

આ જુઓ ! મારા હાથમાં આપની મુસ્તનદ કિતાબ "તઝકેરતુર્રશીદ" છે. જેના લેખક આપની જમાઅતના મહાન પેશ્વા મોલ્વી આશિક ઈલાહી મેરઠી છે. તેના ભાગ બીજાના ચોથા પાનામાં પોતાના ખાનદાનના મુર્શિદે આઝમ હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબને અગિયાર જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે ! પેજ નં.૨૩૭ ઉપર ૪ જગ્યાએ, પેજ નં. ૨૩૮ ઉપર ૪ જગ્યાએ, પેજ નં. ૨૩૯ ઉપર ૧ જગ્યાએ અને પેજ નં. ૨૪૧ ઉપર ૨ જગ્યાએ.

સ્વંય ગંગોહી સાહેબે પોતાના એક પત્રમાં જે ''તઝકેરતુર્રશીદ'' ભાગ પ્રથમના પેજ નં. ૧૨૮ ઉપર છપાયેલ છે, પોતાના પીરો મુર્શિદ હાજી સાહેબને બે જગ્યાએ ''આ'લા હઝરત'' લખેલ છે. અને એ જ પ્રથમ ભાગના પેજ નં.૧૩૦, ૧૩૨ અને ૧૩૬ ઉપર આપના હકીમુલ ઉમ્મત જનાબ થાનવી સાહબે ખાસ પોતાની કલમે હાજી સાહબને ત્રણ જગ્યાએ ''આ'લા હઝરત'' લખેલ છે.

હવે બીજી કિતાબ જુઓ જે દેવબંદથી પ્રસિધ્ધ થઈ છે અને જેના લેખક મોલવી સૈફુલ્લાહ સાહેબ મુબલ્લિગ દારુલ ઉલૂમ દેવબંદ છે, તે કિતાબનું નામ ''તોહફતુલ કાદયાન'' છે, તેના પાના નં. ૯ ઉપર લખેલ છે :–

''બહુકમે સૈયદી વ મૌલાઈ કુતુબે રબ્બાની હકીમુલ ઉમ્મત **આ'લા હઝરત** કારી તૈયબ સાહબ મુદીરે દારુલ ઉલૂમ દેવબંદ.''

દેવબંદી મુનાઝિરને સંબોધતાં અલ્લામા અર્શદુલ સાહેબે કહ્યું,..... આપે આપના ઘરના ''આ'લા હઝરત'' વિષે સાંભળ્યું, હવે જો કષ્ટ ન હોય તો જરા એ જ વાક્યો અને એ જ શબ્દો ઉચ્ચારો કે ''રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને આશિક ઈલાહી મેરઠી, મૌલાના સૈફુલ્લાહ તથા મૌલાના થાનવીએ પોતાના પીરો મુર્શિદને તથા પેશ્વાને આ'લા હઝરત કહેલ છે ! તેનો મતલબ એ છે કે તેમણે પોતાના પેશ્વાઓને હુઝૂરથી વધારી દીધા છે !''

રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને દારુલ ઉલૂમ દેવબંદના લોકો તેના સંચાલક સાહબને આ'લા હઝરત કહેલ છે તેનો મતલબ એ છે કે......

**હમ ન કહતે થે કે એ 'દાગ' તૂ ઝુલ્ફોં કો ન છેળ**
**અબ વો બરહમ હૈ તો તુઝકો કલક યા હમ કો !**

## ★ મુનાઝરા અર્થેના નિયમોમાં એક નવીન શૈલીના શોધક ★

ઉર્દૂ ભાષા તથા સાહિત્યમાં મુનાઝરાના અદબ (મુનાઝરાને લગતા



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

નિયમો) તથા ધાર્મિક વિવેચનનો ઈતિહાસ ઘણો જ પૂરાણો છે. ઈસ્લામ અને ઈસ્લામના નામે અન્ય ફિર્કાઓ વચ્ચે રદ તથા મુનાઝરાના વિષય પર ભારત ખંડમાં હજારો કિતાબો લખવામાં આવી, પણ સામાન્યતઃ આ વિષય પર આવનારાં લખાણોમાં ભાષા તેમ જ વર્ણનનું સાહિત્યિક તથા અખ્લાકી સ્તર અસમતોલ જોવા મળે છે. નામૂસે રિસાલત (રસૂલની ઈજ્જત) પર હુમ્લો કરનારાઓની વિરૂધ્ધ કલમના ગઝબનાક તેવરથી લઈને તલ્વાર ઉઠાવવા સુધીની રિવાયત તો જરૂર મળે છે પણ આશ્ચર્ય તથા દુઃખ ત્યારે થાય છે જ્યારે હક્ક પરસ્તોની વિરૂધ્ધ બદ્‌મઝહબોના કલમ ઝહેર ઓકતા જોવા મળે છે. અહલે સુન્નત વ જમાઅતના રદમાં વિવેચકોના કલમના ખજાના પર દૃષ્ટિ ગુમાવો તો લીટી લીટીએ બજારુ લબો લેહજાથી લઈને અપશબ્દો (ગાળો) સુધી અતિશય દર્દનાક તથા અસભ્ય ક્રમ જોવા મળે છે.

અલ્લામા અર્શદુલ કાદરી અખંડ ભારતમાં મુનાઝિરાના અદબના તે કલમકાર પ્રતિનિધિ છે જેમણે ધાર્મિક વિવેચનોમાં એક નવીન શૈલીને જન્મ આપ્યો અને પછી દરેક વર્ગના ચિંતકોમાં તેમની વર્ણન શૈલીની નકલ કરવામાં આવી. તેઓ કલમી જંગમાં પણ અસભ્ય વાણી તથા અપશબ્દોના સામે ખૂબ જ સભ્ય તથા સંયમી જોવા મળે છે. અને હજાર ગમ તથા ગુસ્સાના વાતાવરણમાં પણ જઝબાતથી ઘેરાતા નથી. અને અખાડાના એટલા માહિર ઉસ્તાદ હતા કે તેમના હરીફ તેમના કલમના વારને સહન ન કરી શકતાં પાણી વિહોણી માછલી જેમ તડપતા રહ્યા પણ તેમના કલમ પર ઉગ્રતાનો આક્ષેપ આજ સુધી લાગુ નથી કરી શકાતો. તેમના દા'વાની પાછળ અક્લ તથા નક્લની (કુર્આન તથા હદીષની) એટલી મજબૂત દલીલો રહેતી હતી કે બાતિલોને મોઢુ વકાસવા તથા ભાગવાનો માર્ગ શોધવા સિવાય કોઈ આરો જ નજર આવતો ન હતો.

તાજદારે મારેહરા હઝરત સૈયદ શાહ હૈદર હસન મિયાં બરકાતી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :–

''જામે નૂર''ની લેખન શૈલી અને દલીલો આપવાની પદ્ધતિની સૌથી મોટી ખૂબી એ છે કે તે કુફ્રને તડપાવી તડપાવીને કત્લ કરે છે, પરંતુ કલમની તલ્વાર પર લોહીનો એક ધબ્બો પણ જોવા નથી મળતો.'' *(અહલે સુન્નતકી આવાઝ, પેજ–૫૭, ઈ.સ. ૧૯૯૫)*

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી "તઅઝીરાતે કલમ"ના બે બોલમાં લખે છે :–

"તઅઝીરાતે કલમ"ના વિષયથી એક નવી પદ્ધતિમાં ધાર્મિક આલોચનાનો મેં ક્રમ શરૂ કર્યો હતો જેની સભ્ય શૈલી, ભાષાની સરળતા અને દલીલ શક્તિથી આપણા તો આપણા પણ ગૈર પણ ઘણા પ્રભાવિત હતા."

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ પોતાના અનોખા અંદાઝમાં બદ્‌મહઝબોના રદમાં વિવિધ કિતાબો તથા ડઝનબંધી લેખો કલમબંદ કર્યા છે. દરેક લખાણ તેના વિષયને એટલું અનુરૂપ દલીલબદ્ધ અને મનોહર છે કે હક્ક જોનાર તથા હક્ક પસંદ વાંચક પ્રભાવિત થયા વિના નથી રહેતો. તેમના જાદૂઈ કલમની અસરકારક્તાએ હજારો તૌહીદને માનવાવાળાઓને ઠીક એ સમયે કુફ્રના ખાડામાં પડવાથી બચાવી લીધા જ્યારે તેમનું માનસિક સંતુલન ગુમરાહિયત તરફ ગબડી ચૂક્યું હતું અથવા બદ્‌મઝહબિયતના દબાણે તેમને હક્ક તથા નાહક્કના કમ્બાઈન બે માર્ગો પર લાવીને ખડા કરી દીધા હતા. અલ્લામા સાહબે દેવબંદિયત, ગૈર મુકલ્લિદિયત, મૌદૂદિયત અને કાદયાનિયતના રદમાં જે કિતાબો લખી છે તેમનાં નામો આ પ્રમાણે છે :–

**(૧)** ઝલ્‌ઝલા **(૨)** ઝેરો ઝબર **(૩)** તબ્લીગી જમાઅત **(૪)** જમાઅતે ઈસ્લામી **(૫)** મુન્કરીને રિસાલત કે બેનકાબ ચેહરે **(૬)** અકીદાએ તૌહીદ પર અક્લી દલાઈલ **(૭)** જલ્વાએ હક્ક **(૮)** શરીઅત **(૯)** નક્શે ખાતિમ **(૧૦)** એક સફર દેહલીસે સહારનપુર તક **(૧૧)** સરકારકા જિસ્મ બેસાયા **(૧૨)** તા'ઝીરાતે કલમ **(૧૩)** દઅવતે ઈન્સાફ **(૧૪)** અકીદાએ ઈલ્મે ગયબ પર કુર્આની દલાઈલ.

દરેક કિતાબ પોતાના વિષય પર અક્લ તથા નક્લ અને દલીલોની સુરૂપતાનું ચમકતુ કારનામુ છે અને ફસાહત તથા બલાગતનું વહેતું ઝરણું છે. આ કિતાબોમાં ઝલ્‌ઝલાની હૈસિયત એવી છે જેવી તારાઓમાં ૧૪ મીના ચાંદની હોય છે. અલ્લામા સાહબે પોતાની કલમની અણી વડે દેવબંદના કિલ્લામાં જે ધરતીકંપ સર્જયો હતો દેવબંદની સહનમાં આજ સુધી તેની ધૂળ ઉડી રહી છે. દેવબંદી મકતબે ફિક્ર (વિચારશ્રેણી)ના આલિમો તથા મુબલ્લિગો "ઝલ્‌ઝલા"નું નામ સાંભળીને બિલકુલ એવા સહમી જાય છે જેવી રીતે





વરસાદની કાળી રાતોમાં તોફાનની આહટ સાંભળીને બાળકો સહમી જાય છે ! હવે જરા થોડીક પળો અટકીને એ ગુજરી ગયેલ કહાની સાંભળો કે ઝલ્‌ઝલાની પ્રસિદ્ધિ પર દેવબંદી વિચારશ્રેણીના ટોચના આલિમો તથા કલમકારો અને પત્રકારો પર શું ગુજરી ? :–

"બરેલ્વી ફિત્ના"ના લેખક પોતાની જમાઅતના નાખુદા મોલ્વી મન્ઝૂર નોઅમાનીની બારગાહમાં "ઝલ્‌ઝલા"ની વિરૂદ્ધ દલીલો પેશ કરતાં લખે છે :–

"અત્યારે જ એક ભાઈના હાથમાં "ઝલ્‌ઝલા" નામની એક કિતાબ પર નજર પડી તેનાં પાનાં ઉલટયાં તો જાણવા મળ્યું કે બરેલ્વી જમાઅતની તરફથી આ કોઈ નવી કિતાબ લખવામાં આવી છે અને તેની શૈલી તે નથી જે અત્યાર સુધીની કિતાબોની રહી છે. મેં તે ભાઈ પાસેથી એ કિતાબને એકાદ બે દિવસ માટે લીધી અને તેને વાંચી."

આગળ લખે છે :–

"તેના લેખક કોઈ અર્શદુલ કાદરી છે. એ કિતાબની એ પણ વિશિષ્ટતા છે કે તેમાં તે બદ્‌ઝબાની તથા બદ્‌તમીઝી બિલકુલ નથી જે સામાન્યતઃ બરેલ્વીઓમાં હોય છે, જબરદસ્તી કાફિર કહેવાપણુ પણ નથી છતાં ઘણી જ પુરફરેબ (ધોકો આપનારી) છે.

મારો અંદાજો છે કે જે લોકો આ ચર્ચાઓથી સંપૂર્ણપણે વાકેફ નથી તેઓ તેના ધોકાને બિલકુલ નથી સમજી શક્તા. બલ્કે મારો ખયાલ છે કે આપણા દારુલ ઉલૂમ દેવબંદ અને દારુન્ નદવતુલ્ ઉલમા જેવા દીની મદ્રસાના ઘણા ખરા ફાઝિલો પણ તેના નિફાક તથા ધોકાને સમજી શકશે નહીં." *(બરેલ્વી ફિત્નાકા નયા રૂપ, પેજ–૮)*

'ફારાન' કરાચીના તંત્રી જનાબ માહિરુલ્ કાદરીના પ્રતિભાવ આ પ્રમાણે છે :–

"મૌલાના અર્શદુલ કાદરીએ "ઝલ્‌ઝલા" નામની કિતાબ સંપાદિત કરી છે જેમાં લેખનવૃત્તિનો તથા દલીલ પદ્ધતિનો ઘણો સભ્ય તરીકો જોવા મળે છે. ભાષા તથા રજુઆત પણ ખૂબ જ સાહિત્યિક છે." *(ફારાન, ફેબ્રુ–૧૯૭૭, પેજ–૩૨)*

"તજલ્લી" માસિક દેવબંદના તંત્રી જનાબ આમિર ઉષ્માની હારનો સ્વીકાર કરતાં લખે છે :–

"અમને એ સ્વીકારવામાં કોઈ ખચકાટ નથી કે અમારા જ બુઝુર્ગોના બારામાં અમારી જાણકારીમાં આ કિતાબે ઉમેરો કર્યો અને અમે આશ્ચર્યમાં પડી ગયા કે સામનો કરીએ તો કઈ રીતે ? સામનાનો સવાલ જ નથી પેદા થતો ! કોઈ મોટામાં મોટો તત્વચિંતક અને અલ્લામતુદહર (સમયનો અજોડ ઈલ્મવાળો) પણ આ આક્ષેપોને હટાવી નથી શક્તો જે આ કિતાબમાં દર્શાવેલ વસ્તુઓને વિવિધ દેવબંદી બુઝુર્ગો પર લાગુ પાડે છે." *(તજલ્લી, ડાક નંબર)*

"જામે નૂર" માસિક મે ૧૯૬૭ ઈ.સ.થી અલ્લામા અર્શદુલ કાદરીએ નામૂસે રિસાલત અને ઈસ્લામી નિશાનીઓ વિરૂદ્ધ વિવિધ ગૃપોએથી પ્રકાશિત થનારા લખાણો પર એક વિવેચનાત્મક લેખોનો ક્રમ "તઅઝીરાતે કલમ"ના નામથી શરૂ કર્યો હતો. તે વિવેચનકર્તા લેખોનો સંગ્રહ એ જ નામથી પ્રસિદ્ધ થઈ ચૂકેલ છે.

## ★ "બઝ્મે દાનિશ"ના થોડાક નમૂના ★

"જામે નૂર"માં "બઝ્મે દાનિશ"ના નામથી એક સળંગ કોલમ હતી. તેના હેઠળ અલ્લામા સાહબ દેશના વિવિધ ક્ષેત્રોએથી આવેલા સવાલોના અત્યંત તહકીકી જવાબો લખતા હતા. લગભગ ચાલીસ વરસો પૂરાણો દીન તથા દાનિશનો આ માલૂમાતમાં વૃદ્ધિ કરનાર ક્રમ અત્યાર સુધી કિતાબી રૂપમાં પ્રકાશિત નથી થઈ શક્યો. આપના સાહિત્યમય કલમથી જ્યારે દીની તથા ફિક્હી જ્ઞાનનાં ઝરણાં ઉભરાવા લાગે છે તો રોનક છવાઈ જાય છે અને પોતાના દાવા પર અક્લ તથા નક્લ (કુર્આન તથા હદીષ)ની હારમાળાઓથી એટલી મજબૂત દલીલો રજુ કરે છે કે ચર્ચા હેઠળનો મસ્અલો સાફ સ્વચ્છ આઈનાની જેમ ઝગમગવા માંડે છે અને લબો લેહજાની આશ્ચર્યજનક સમજુતીથી હક્કની તલાશ કરનારાઓ પોતાના સ્થાને એટલા મજબૂત થઈ જાય છે કે તેમના મુકાબલે મોટામાં મોટો દુશ્મન તથા મુન્કિર પણ ઉભો થવાની શક્તિ નથી ધરાવતો. જો દિમાગ અભ્યાસ માટે તૈયાર થઈ ચૂક્યુ હોય તો નીચે એ ચિંતનમય તહકીકી સિલસિલાના અમુક નમૂના જોઈ લો :–





## ★ નમાઝમાં રસૂલનો ખયાલ ★

*(અઝ : જનાબ અબ્દુલ હક્ક સાહબ, બેંગ્લોર)*

મુકર્રમી જનાબ એડીટર સાહબ, જામે નૂર, કલકત્તા–

અમે સાંભળ્યું છે કે દેવબંદી ફિર્કાના ઈમામ જનાબ મોલ્વી ઈસ્માઈલ સાહબ દહેલ્વીએ પોતાની કોઈ કિતાબમાં લખ્યું છે કે, "નમાઝમાં હુઝૂર ﷺનો ખયાલ આવવો ગધેડા તથા બળદના ખયાલમાં ડૂબી જવાથી પણ અનંતગણુ બદ્તર છે." જો આ ખરું છે તો દેવબંદી હઝરાતની નમાઝ કઈ રીતે થતી હશે ! જ્યારે કે અત્તહિય્યાત પઢતી વખતે હુઝૂરનો ખયાલ અનિવાર્ય રીતે આવે છે. તો મહેરબાની કરીને એના વિશે જવાબ આપશો.

## ★ જવાબનામુ ★

આપે ખોટુ નથી સાંભળ્યું ! "સિરાતે મુસ્તકીમ" નામની કિતાબમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાના આ અકીદાની સ્પષ્ટતા કરી છે. તેમણે એટલું જ નથી લખ્યું પણ એ પણ લખ્યું છે કે, "કેમ કે હુઝૂરનો ખયાલ તા'ઝીમની સાથે આવશે એટલા માટે નમાઝની હાલતમાં ગૈરે ખુદાની તા'ઝીમનો ખયાલ કરતાં જ નમાઝી મુશ્રિક થઈ જશે." અરસો થયો તે પોતાને ઠેકાણે પહોંચી ગયા, પરંતુ હવે દેવબંદી ફિર્કાના લોકો ખૂબ સીનાઝોરીની સાથે એ નાપાક અકીદાનો પ્રચાર કરી રહ્યા છે !

એ પ્રશ્ન તો કોઈ દેવબંદીને પૂછો કે તેમની નમાઝ કઈ રીતે દુરુસ્ત થાય છે ?! એટલા માટે કે નમાઝની હાલતમાં જો હુઝૂરનો ખયાલ આવી ગયો તો બે સ્થિતિથી પર હશે નહીં, કે ક્યાં તો તા'ઝીમની સાથે અથવા તો તૌહીનની સાથે. જો તા'ઝીમની સાથે આવ્યો તો મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની સ્પષ્ટતા પ્રમાણે તે મુશ્રિક થઈ ગયો અને જો તૌહીનની સાથે આવ્યો તો કુર્આન તથા હદીષના નિયમો અનુસાર રસૂલની તૌહીન ઉઘાડુ કુફ્ર છે.

સારાંશ કે કોઈ પણ સંજોગોમાં કોઈ દેવબંદી નમાઝી સલામ ફેરવતાં સુધી પોતાનું ઈમાન નથી બચાવી શકતો. અને જો આ મુસીબતથી છૂટકારો પામવા માટે એ હલ કાઢવામાં આવે કે નમાઝમાં હુઝૂરનો ખયાલ જ ન આવવા દેવામાં આવે ! તો પ્રથમ તો એ કે કોઈના વિચાર તથા ખયાલ પર

કોઈ પ્રતિબંધ નથી લગાડી શકાતો. બીજુ એ કે ઈસ્લામના બુઝુર્ગોએ એ બાબતની સ્પષ્ટતા કરી છે કે, **"નમાઝીએ જોઈએ કે નમાઝમાં ઈરાદાપૂર્વક હુઝૂરનો ખયાલ લાવે."** જેમ કે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ નમાઝીને સંબોધીને લખ્યું છે :–

**احضر فی قلبك النبی فقل السلام علیك ایها النبی و رحمة الله وبرکاته**

"અત્તહિય્યાત પઢતી વખતે પ્રથમ હુઝૂરનો તસવ્વુર કરો (ખયાલ લાવો) ત્યારબાદ કહો **અસ્સલામુ અલૈક ઐયુહન્નબી.**

હવે આના પછી બીજી સ્થિતિ એ રહી જાય છે કે નમાઝમાં અત્તહિય્યાત જ પઢવાનું છોડી દેવામાં આવે ! પરંતુ મુશ્કેલી એ છે કે અત્તહિય્યાત પઢવી વાજિબ છે ! તેના વિના તો નમાઝ નથી થઈ શક્તી. જેથી ઈમાનની સાથે નમાઝ પૂર્ણ કરવા માટે હવે એના સિવાય કોઈ સ્થિતિ નથી કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો અકીદો સ્વીકાર કરવાથી ઈન્કાર કરી દેવામાં આવે અને અલલ એલાન તેના તથા સમર્થકોની વિરૂદ્ધ નફરત તથા બેઝારી પ્રદર્શિત કરવામાં આવે. *(જામે નૂર, ફેબ્રુ–૧૯૬૮)*

## ★ સહબા સ્થળે સૂરજ પલટવાનો પ્રસંગ ★

*(**અઝ** : જનાબ ગુલામ મુહમ્મદ સાહબ અશરફી, હૈદ્રાબાદ)*

મોહતરમ તંત્રી સાહબ ! મહેરબાનીથી નીચેના સવાલોના સંતોષકારક જવાબો આપીને આભારી થશો :–

**(૧)** તે પ્રસંગ જેમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમથી સૂર્યનું પલટીને આવવું દર્શાવવામાં આવે છે તે કેટલે અંશે સત્ય છે ? અમુક લોકોનો ખયાલ છે કે જો સૂરજ પલટીને આવી પણ ગયો તો અસ્રનો જે સમય ફૌત થઈ ચૂક્યો તે પાછો નથી આવ્યો બલ્કે એક નવી અસ્રનો ઝહૂર થયો. એટલા માટે હઝરત અલીની ફૌત થયેલી અસ્ર ફૌત જ રહી.

**(૨)** જો કોઈ એ હાલતમાં મરી જાય કે તેના પર ગુસ્લ વાજિબ કે ફર્ઝ હતું તે મૈયતના ગુસ્લ સિવાય બીજુ ગુસ્લ પણ આપવામાં આવે કે એક જ ગુસ્લ પૂરતુ છે ?





## ★ જવાબનામુ ★

**પ્રથમ પ્રશ્નનો જવાબ :** આ પ્રસંગ સહબા સ્થળે ઉપસ્થિત થયો હતો. જેની સાબિતીમાં વિવિધ હદીષો આવેલી છે જેમાંથી અમુક હદીષો નીચે દર્શાવવામાં આવે છે :–

**عن اسماء بنت عمیس من طریقین انه صلی الله تعالیٰ علیه وسلم کان یوحیٰ الیه وراسه فی حجر علی فلم یصل العصر حتی غربت الشمس فقال رسول الله اصلیت یا علی قال لافقال الیهم انه کان فی طاعتك و تاعة رسولك فارددعلیه الشمس. قالت اسماء فرأیتها غربت ثم رأیتها طلعت بعد ماغربت ووقفت علی الجبال والارض وذالك بالصهباء.**

*(પેજ. ૫૯૦, કિતાબ શરહુશ્શિફા, ભાગ–૧, મુલ્લા અલી કારી علیہ الرحمۃ والرضوان)*

**તર્જુમો:** "પ્રસંગના દાર્શનિક રાવી હઝરત અસ્મા બિન્તે અમીસ વર્ણન કરે છે કે એક દિવસે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم પર વહીના ઉતરાણની કૈફિયત છવાયેલી હતી અને આપ આલમે ઈસ્તેગરાકમાં હઝરત અલીની જાંગો પર માથુ રાખીને સૂઈ રહ્યા હતા અને હઝરત અલીએ અસ્રની નમાઝ અદા કરી ન હતી અને એ જ સ્થિતિમાં સૂર્યાસ્ત થઈ ગયો. હુઝૂરને જ્યારે રાહત થઈ તો હઝરત અલીને પૂછયું કે તમે અસ્રની નમાઝ અદા કરી લીધી ? તો તેમણે જવાબ આપ્યો, નહીં ! ત્યારબાદ હુઝૂરે આ શબ્દોમાં દુઆ ફર્માવી :–

"હે અલ્લાહ ! હઝરત અલી તારી અને તારા રસૂલની ફર્માંબરદારીમાં હતા, તું એમના માટે સૂરજ પલટાવી દે ! વર્ણન કરે છે કે મેં જોયું કે સૂરજ ડૂબી ચૂક્યો હતો, પછી જોયું કે અચાનક તેનાં કિરણો જમીન તથા પહાડ પર ફેલાઈ ગયાં. અને આ પ્રસંગ મકામે સહાબામાં બન્યો હતો."

આ જ હદીષ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી પણ રિવાયત પામેલી છે. તેમની રિવાયતમાં વહીની કૈફિયતને બદલે આરામ માટેની નીંદનો ઉલ્લેખ છે. હઝરત અસ્માથી આ હદીષ બીજા તરીકાથી પણ રિવાયત પામેલી છે. આ બંને હદીષોના બારામાં ઈમામ તહાવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **وهذان هدیثان ثا بتان وروا تهما ثقات** આ બંને હદીષો સહીહ તથા સાબિત

છે અને તેના રાવીઓ ષિકહ તથા વિ□સનીય છે.

عن اسماء بنت عميس ان رسول الله صلى الله عليه وسلم صلى الظهر بالصهباء ثم ارسل عليا فى حا جة فر جع وقد صلى النبى صلى الله عليه وسلم العصر فو ضع عليه السلاة وسلام راسه فى حجر على فقال له النبى صلى الله عليه وسلم صليت العصر فقال لا يارسول الله فدعا الله تعالىٰ فرد عليه الشمس حتى صلى العصر قالت فرأيت الشمس تلعت بعد ماغابت حين ردت حتى صلى العصر۔

**તર્જુમો** : "પ્રસંગના દાર્શનિક રાવી હઝરત અસ્મા બિન્તે અમીસ વર્ણન કરે છે કે સહબા સ્થળે રસૂલે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝહોરની નમાઝ અદા કરી પછી હઝરત અલીને કોઈ જરૂરત હેઠળ ક્યાંક મોકલ્યા. જયારે તે પલ્ટીને પાછા આવ્યા તો હુઝૂર અસ્રની નમાઝ અદા કરી ચૂક્યા હતા. એટલે સુધી કે પોતાનું મુબારક સર હઝરત અલીના ખોળા પર રાખીને સૂઈ ગયા. (જયારે આંખ ખુલી અથવા હાલતે ઈસ્તેગરાક એટલે ખુદાની યાદમાં ગુમ થયાની હાલત કે વહીની હાલત દૂર થઈ) તો હઝરત અલીને પૂછયું કે અસ્રની નમાઝ અદા કરી લીધી ? તેમણે નકારમાં જવાબ આપ્યો ત્યારે હુઝૂરે દુઆ ફર્માવી એટલે સુધી કે સૂર્ય પાછો આવી ગયો અને હઝરત અલીએ અસ્રની નમાઝ અદા કરી." *(રિવાયત કરી, તિર્મિઝીએ મોઅજમે કબીરમાં હસન અસ્નાદથી, શરહુશ્શિફા, ભાગ–૧, પેજ–૫૯૨)*

ઉપરોક્ત હદીષોથી મૂળ પ્રસંગ સાબિત થઈ ગયો. હવે રહી ગઈ એ વાત કે અસ્રનો જે સમય પલ્ટીને આવ્યો હતો એ તે જ જતો રહેલો અસ્રનો સમય હતો કે બીજો ? તો એના સંબંધે નીચેની થોડીક ચર્ચા જોઈ લો :–

**પ્રથમ** વાત એ છે કે પ્રસંગની સાબિતી રિવાયતોના ક્રમની સેહત પર આધારિત હોય છે.... એટલા માટે ધારો કે એ વિગત ન પણ મળે કે સૂરજના પાછા આવ્યા બાદ વહી ગયેલી અસ્ર જ પાછી ફરી હતી કે તે કોઈ બીજો અસ્રનો સમય હતો, તો પણ બનાવને બનાવ થવાથી ઈન્કાર નથી કરી શકાતો ત્યાં સુધી કે રિવાયતના ક્રમની સેહતથી જ ઈન્કાર ન કરી દેવામાં આવે તો એ આપણા ઈખ્તિયારની ચીજ નથી, એનો તઅલ્લુક નકલ સાથે છે.





**બીજી** વાત એ છે કે જો એ ખયાલને સહીહ માની લેવામાં આવે કે ફરી પાછો આવનાર અસ્ર વહી ગયેલો અસ્રનો સમય ન હતો બલ્કે કોઈ બીજો અસ્ર હતો તો લા'ઝમી રીતે સૌના માટે બીજો અસ્ર થશે, કેવળ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે ખાસ કરવાનું કોઈ યોગ્ય કારણ નથી, ફરી લાઝિમ થશે કે સૌ લોકો પર તે નવી અસ્ર પણ ફર્ઝ થાય અને સમય મુજબની નમાઝોની જેમ એને પણ સૌ અદા કરે.

જો કે રિવાયતમાં ક્યાંય એનો ઉલ્લેખ નથી મળતો કે સમય મુજબની નમાઝોની જેમ એને પણ અલગ અલગ રીતે કે જમાઅતથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તથા સહાબાએ કિરામે અદા કરી હોય. તો આવા સંજોગોમાં શું એવું કહેવાની હિંમત કરી શકાય છે કે તે દિવસે તે નવી અસ્રને સર્વેએ જાણી જોઈને જવા દીધી ?! મને યકીન છે કે કોઈ મુસલમાન એવું કહેવાની હિંમત કદાપી કરશે નહીં !

**ત્રીજી** વાત એ છે કે છૂટી ગયેલી નમાઝની કઝા કોઈ પણ ગૈર મકરૂહ સમયમાં કરી શકાય છે. તો હઝરત અલીની છૂટી ગયેલી નમાઝને અદાના રૂપમાં અદા કરવાનો હેતુ ન હતો તો તેના માટે સૂરજ પલટાવવાની તદન જરૂરત હતી નહીં. એટલા માટે એ અસ્રને જો છૂટી ગયેલી અસ્ર ન માનવામાં આવે તો મઆઝલ્લાહ લા'ઝિમ થશે કે પયગંબરે સૂરજની વાપસીના માટે વિના કારણે દુઆ કરી અને ખુદાએ નિરર્થક તેને કબૂલ કરી ! જયારે કે ખુદા તથા રસૂલનું કોઈ પણ કામ હિકમતથી ખાલી નથી.

બીજા શબ્દોમાં સૂરજ પાછા ફર્યા બાદ પણ જો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની છૂટેલી અસ્ર છૂટેલી જ રહી તો સૂર્યના ફરવાની વ્યવસ્થામાં એક બુદ્ધિને દંગ કરી દેનારો ફેરફાર જાહેરી રીતે બેકાર જણાય છે.

**ચોથી** વાત એ કે બોલી તથા શબ્દકોષમાં પાછા ફરવું કોઈ નવી ચીજને નથી કહેતા બલ્કે કોઈ એવી ચીજની ફરી હાજરીને કહે છે જે અદશ્ય થઈ ચૂકી હતી. એટલા માટે માનવું પડશે કે અસ્રનો જે સમય ફૌત થઈ ચૂક્યો (વહી ગયો) હતો એ જ હઝરત અલી رضی اللہ عنہ ના હક્કમાં સૂરજના પાછા ફરવાની સાથે થયો. કેમ કે સમયનું પાછા ફરવું અને સૂર્યનું પાછા

ફરવું બંને આપસમાં એક બીજાના પૂરક છે, અને એ ખુદાની કુદરતથી કાંઈ અશક્ય નથી. છેવટે ફના થઈ ગયા બાદ જે મખ્લૂક કિયામતના દિવસે ફરીથી ઉઠાડવામાં આવશે તે પોતાના ઢાંચાના હિસાબથી તદન એ જ મખ્લૂક તો હશે ! નહીં તો લા'ઝિમ થશે કે ગુનોહ કોઈએ કર્યો અને સજા કોઈ અન્ય ભોગવી રહ્યું છે. નેક અમલોની તકલીફ બીજાએ ઉઠાવી અને અજરો સવાબનો હક્કદાર કોઈ અન્ય ઠર્યું.

## ★ બીજા સવાલનો જવાબ ★

જણાવેલ સ્થિતિમાં મૈયતનું જ ગુસ્લ સૌના માટે પૂરતુ છે. અલગથી બીજા ગુસ્લની તદ્દન જરૂરત નથી. *(દુર્રે મુખ્તાર કિતાબુલ્ જનાઈઝ)*

## ★ લખનૌમાં આઝાદ ખયાલ અધર્મીઓની એક શૈક્ષણિક સંસ્થા ★

*(**અઝ** : જનાબ અઝીઝુલ હક્ક સાહબ શ્રીનગર, કાશ્મિર)*

જનાબ એડિટર સાહબ, જામે નૂર, કલકત્તા,

અમારે ત્યાં મીલાદની મેહફિલો પુષ્કળ પ્રમાણમાં થાય છે. હાલમાં જ એક ભાઈ નદવાથી પઢીને આવ્યા છે. એક દિવસે તેમને કહેવામાં આવ્યું કે મીલાદની મેહફિલ પઢી દો ! તો તેમણે જવાબ આપ્યો કે આ જાહિલિયતના યુગની યાદગાર છે. અમારા નદવામાં આ પ્રકારની ગૈર શરઈ યાદગારોને સમર્થિત કરવાની સિસ્ટમ નથી.

તમારાથી પૂછવા ચાહું છું કે શું સાચે જ મેહફિલે મીલાદ જાહિલિયતના દૌરની યાદગાર છે ?

## ★ જવાબનામા ★

જાહિલિયતના યુગનો ભાવાર્થ સમજી લીધા પછી તમે તમારું કલેજુ પીટી લેશો કે પઢેલા (ભણેલા ગણેલા) લોકો છેવટે પોતાની દર્સગાહોમાં શું પઢે છે ! સરકારે દો આલમ ﷺ ની પેદાઈશથી પહેલાંનો સમય જાહિલિયતનો યુગ કહેવાય છે. જયારે કે મેહફિલે મીલાદ શરીફ હુઝૂરે અકરમ ﷺ ની પેદાઈશની પછીની યાદગાર છે, તેને જાહિલિયતના



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

યુગની યાદગાર તે જ કહી શકે છે જે બદ્મસ્ત શરાબીની જેમ નશામાં ચૂર હોય અથવા પાગલપણાની બીમારીમાં સપડાયેલો હોય. બુદ્ધિ તથા હોશની સલામતીની સાથે કોઈ પણ આ પ્રકારની ઉઘાડી ભૂલ નથી કરી શકતો.

લખનૌની નદવતુલ ઉલમા જો કે કહેવાતા બુદ્ધિજીવી એવા અધર્મીઓની એક શૈક્ષણિક સંસ્થા છે જે કુફ્ર તથા ઈસ્લામની વચ્ચે મેળાપ કરવાનો મુદ્દો તલાશ કરવાના માટે અસ્તિત્વમાં આવી હતી પરંતુ તેમ છતાં પણ નદવાની રીત રસમોની વાતોમાં ન કેવળ મેહફિલે મીલાદની હિમાયતની ભાળ મળે છે બલ્કે નદવાની ઈમારતમાં મેહફિલે મીલાદની ગોઠવણ પણ અમને જોવા મળે છે.

મૌલાના શિબ્લીનું એક લખાણ જે એપ્રિલ ઈ.સ. ૧૯૧૪ ના અખ્બાર હમદર્દ દિલ્હીમાં પ્રસિદ્ધ થયું છે અને જેને "મકાલાતે શિબ્લી"ના ભાગ–૬ માં પણ સ્થાન આપવામાં આવેલ છે જે એક અતિશય દિલચશ્પ બનાવ પર આધારિત છે :–

આ તે સમયની વાત છે જયારે મૌલાના શિબ્લી સાથે નદવાના નાઝિમને ચકમક ઝરી હતી. ક્રમે ક્રમે મતભેદ એટલે સુધી વધ્યો કે મૌલાનાના ફેવરમાં નદવાના વિદ્યાર્થીઓએ સ્ટ્રાઈક પાડી દીધી. હવે એના પછીની દાસ્તાન ખૂદ મૌલાનાની કલમથી સાંભળો. લખે છે :–

"બરાબર એ જ સંજોગોમાં મૌલૂદ શરીફનો જમાનો આવ્યો અને તલબાએ જેવો કે હમેશાંનો નિયમ હતો મૌલૂદ શરીફ કરવા ચાહ્યું પરંતું એ ખયાલથી કે મૌલૂદ શરીફમાં બયાન કરીશ તેથી તેમને મૌલૂદથી રોકવામાં આવ્યા અને ત્રણ દિવસ સુધી આ સ્થિતિ રહી. છેવટે લોકોએ સમજાવ્યું કે મૌલૂદને રોકવાથી શહેરમાં આમ ઉશ્કેરાટ ફેલાઈ જશે, તો મજબૂર થઈને અમુક શરતો તથા પાબંદીઓની સાથે મંજૂરી આપવામાં આવી." *(મકાલાતે શિબ્લી, ભાગ–૬, પેજ–૧૩૧)*

શું આટલી ઉઘાડી સ્પષ્ટતા પછી એવું કહેવું સહીહ છે કે મેહફિલે મીલાદ જાહિલિયતના યુગની યાદગાર છે ?! અને નદવામાં આ પ્રકારની યાદગારોના સમર્થનની સિસ્ટમ નથી ?! જ્યાં નદવાના સ્થાપક મૌલાના શિબ્લી મીલાદખાનીની ફરજો અંજામ આપે, સાલાના મેહફિલે મીલાદની ગોઠવણનો તલબાનો નિયમ રહી ચૂકયો હોય ત્યાં હવે

તબ્લીગી જમાઅતની બરકતથી જે પણ ડ્રામો સ્ટેજ પરથી કરવામાં આવે તે કમ છે.

## ★ ઉર્દૂની દુનિયાનો અનોખો સાહિત્યકાર ★

ઉર્દૂ તબકામાં હવે એ હકીકત ઢાંકેલી છુપાયેલી નથી કે અલ્લામા અર્શદુલ કાદરી રઈસુલ કલમ હતા. તેમની લેખન શૈલી આપણી જમાઅતમાં જ અજોડ ન હતી પણ સમયના સાહિત્યકારોમાં પણ તેમની કક્ષાનો કોઈ કલમકાર જોવા નથી મળતો. તેમનું કોઈ પણ લખાણ ઉઠાવીને જુઓ લીટી લીટી બોલતી જોવા મળશે. તેમણે હિકાયતના અંદાઝમાં "ઈશ્કો ઈર્ફાન" તથા "ઝુલ્ફો ઝંજીર"ની જે કહાનીઓની રચના કરી છે તેને ઉર્દૂ દુનિયાનું અનોખુ કારનામુ કહી શકાય છે. **તે જો અફસાના લખત તો પોતાના યુગમાં ઉર્દૂ ભાષાના સૌથી શ્રેષ્ઠ વાર્તાકાર હોત, પણ અલ્લાહ તઆલાએ તેમના કલમની હિફાઝત ફર્માવી અને જિંદગીભર નામૂસે રસૂલ (રસૂલની ઈજ્જત)ની રખેવાળી કરતા રહ્યા અને પોતાના બુઝુર્ગોના રૂહાની હુસ્નો જમાલ અને વિ□વ્યાપી ફઝ્લો કમાલની દાસ્તાનો લખતા રહ્યા.** તેમનું કહાની લેખન કેવળ કિસ્સા દર્શાવવા માટે ન હતું બલ્કે એમાં પણ આપનો નિમંત્રક કિરદાર અને ચિંતન તથા વર્તનની સુધારણાનું પાસુ કોઈ પર્દાનશીન મહઝબીંના જામે હુસ્નની જેમ છલકતું જોવા મળે છે. અલ્લામા અર્શદુલ કાદરી કહાની લેખનના મકસદનો નિર્દેશ કરતાં લખે છે :–

"જામે નૂરમાં આ ઐતિહાસિક કહાનીઓની પ્રસિદ્ધિથી મારા બે હેતુઓ હતા : પ્રથમ હેતુ તો એ હતો કે હાથોમાં ઈમાન અફરોઝ, રૂહ પરવર તથા પાકીઝા કહાનીઓનું સાહિત્ય આપીને નવયુવાનોનું ઝહન (માનસ) બદલવામાં આવે જે ગંદી નોવેલો તથા વાસનામય કહાનીઓને વાંચીને પોતાનો સમય પણ બર્બાદ કરે છે અને પોતાની કિંમતી કાબેલિયત પણ ગુમાવે છે તેમજ જિંદગી ગલત દિશામાં વળી ગયા પછી ભાવિની તબાહીનો જે ભયાનક અંજામ છે તે એના સિવાય છે.

અને બીજો મકસદ એ હતો કે જે મુસલમાનોને દીની કિતાબોથી કોઈ દિલચસ્પી નથી અને તેઓ પોતાની અરૂચીના કારણે મઝહબી કિતાબોના





અભ્યાસથી મેહરૂમ છે તેમને હિકાયતની ભાષામાં દીનની ઓળખ આપવામાં આવે.

ખુદાનો શુક્ર છે કે મને મારા આ બંને મકસદોમાં ધાર્યા કરતાંય કેટલીયે અધિક કામયાબી હાંસલ થઈ. ઓફીસ પર મળેલી માહિતીના પ્રમાણે અમને એ જાણીને પુષ્કળ પ્રમાણમાં ખુશી થઈ કે "જામે નૂર"ની ઐતિહાસિક વાર્તાઓને વાંચીને ઘણા નવયુવાનોનો મિજાઝ બદલાઈ ગયો, રૂહોમાં તહારત તથા પાકીઝગીની તરફ વધવાની તમન્ના પેદા થઈ એટલે સુધી કે ઈશ્કો ઈમાનના દર્દે એમનામાંથી કેટલાક લોકોને એટલા બદલી નાખ્યા કે જોનારા આશ્ચર્યમાં ડૂબી ગયા." *(લાલાઝાર, પેજ : ૮, ૯)*

તેમના હિકાયતના લેખનમાં અલંકારિક્તા તથા મધૂરતાનો મોજાં મારતો સમુદ્ર અને મન્ઝરકશીની દિલકશી જોવી હોય તો કહાની "જલ્વાએ ઝૈબા"નું એક લખાણ વાંચો :–

"અંગ્રેજ કમિશ્નરની એક નવયુવાન છોકરી હજારો લાલારુખોં અને ઝહરા જમાલીઓની કહાનીઓ તેની એક અદામાં સમેટાઈ ગઈ હતી. નશીલી આંખોએથી શરાબના જામ છલકાતા હતા, ચંદ્રની જેમ ચમકતી પેશાની દરેક સમયે નૂરનાં મોજાઓમાં ડૂબેલી રહેતી હતી, ચાલતી તો હશ્રનો ફિત્નો જાગી ઉઠતો, વાતો કરતી તો ફૂલો ઝરતાં, જમાલ તથા સુંદરતા અને હુસ્ન તથા હૃદયાકર્ષકતાનું એવું પૂતળુ હતી કે પશ્ચિમી સંસ્કૃતિના ઘરાનામાં પણ દરેક સમયે તે પર્દામાં રહેતી હતી. એક માલદાર બાપની એકની એક પુત્રી એમાંય સ્વભાવમાં ઉમદાપણુ, તબીઅતમાં નઝાકત અને નાઝ તથા નેઅમતની જિંદગી સર્વ ખાનદાનની દુલારી બની ગઈ હતી. સીરત તથા ખાસિયતોના એતબારથી પણ તે અતિશય પાક આદતવાળી નેકવૃત્તિવાળી તથા શરીફ સ્વભાવની છોકરી હતી."

"પાકદામન નવજવાન"નું એક લખાણ વાંચો :–

"રાત ઢળી ચૂકી હતી, આખો મહેલ નીંદની ખામોશીમાં ડૂબેલો હતો. એવા આલમમાં રોમની સૌથી હસીન અને ઝહરા જમાલ યુવતી વિવિધ અદાઓના નમૂનાથી સજ્જ જાદૂગરણી વઝીરની શાહઝાદી ઉઠી, સોનેરી ભરતવાળો ડ્રેસ શરીર પર સજાવ્યો, વાળ સંવાર્યા, નજરની તલ્વાર પણ પાણી ચઢાવ્યું અને કત્લના શસ્ત્રસરંજામ વડે સંપૂર્ણપણે સજી ધજીને તેણીએ

તે કમરાની દિશા પકડી જ્યાં નવયુવાન રોકાયેલો હતો. જેવી અંદર પ્રવેશી તો નવયુવાન જમીન પર પેશાની રાખીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડી રહ્યો હતો, પેશાની જમીન પર લાગેલી રહી, તે રડતો રહ્યો, રાત ઢળતી રહી, તે રડતો રહ્યો, નજરના સંગમ કરવાની ઉમ્મીદમાં બેઠાં બેઠાં સવાર પડી ગઈ. પોતાની નાઝ નખરાવાળી ચાલ વડે કિયામત ખડી કરી દેનારી શાહઝાદી જાત જાતનાં મારકણાં હથિયારોથી સજ્જ હોવા છતાં એ નવયુવાનની પેશાની સજદાથી ન ઉઠાવી શકી.''

હઝરત અલ્લામા સાહબનો કલમ શબ્દો નહીં મોતી વણે છે ! વાક્યોની ખૂબીભરી રચના જોઈને લાગે છે કે કાગળના સીના પર કલમની અણી વડે આકાશગંગા ઉતારીને સજાવી દીધી હોય ! વર્ણનની શૈલીના ગીતના અવાજ પર કશ્મીરની વાદીના કોઈ મનોહર ઝરણાનો ભાસ થાય છે.

## ★ કલમની પવિત્રતા દરેક ડગલે સલામત રહી ★

સામાન્યત : જોવા મળે છે કે શાયરો તથા સાહિત્યકારો માલદારો તથા રાજાઓની પ્રશંસામાં કલમનાં જૌહર દેખાડે છે અથવા તો રોમેન્ટિક વેપારીઓના ખનકતા સિક્કઓની આસપાસ ચક્કર મારતા જોવા મળે છે. કહેવાય છે કે નાના તથા મોટા પડદાના માટે વાર્તા લેખકોની મંડીમાં કેવળ કલમકારોની સરકશ કલાનો જ સોદો થાય છે એવું નથી, બલ્કે આ ગુનાખોરીના માહોલમાં કલમકારોના ઝમીર તથા પ્રતિષ્ઠાની પણ બોલીઓ બોલાય છે અને વળી ભાષા તથા કલમની સામાન્ય લાયકાતવાળા લોકો દૌલત તથા મીડિયાનો સહારો લઈને રાતોરાત ખ્યાતિના ક્ષિતિજ પર પહોંચી જાય છે. સામાન્યતઃ જેમનામાં ઉઠવા બેસવાની તમીઝ નથી તેઓ પ્રથમ હરોળના કલમકારોમાં ગણત્રી પામે છે અને તેમનાં સન્માનોની લિસ્ટ પર દષ્ટિ કરશો તો લાગે છે કે જેટલા પેજો લખ્યાં છે એટલી સંખ્યામાં એવોર્ડ મેળવી ચૂક્યા છે. પરંતુ તેમની પોલ ત્યારે ખુલે છે જયારે માર્કેટમાં તેમની કલાના નમૂના આવે છે, કે કોઈ પણ કિતાબની છસો કોપીઓ કાઢવામાં અડધી જિંદગી વહી જાય છે.

કદાચ ! હું આપણા વિષયથી દૂર નીકળી ગયો. અલ્લામા અર્શદુલ





કાદરીનો કલમ ઉર્દૂ આલમની નમૂનારૂપ (Master Piece) બોલી લખતો હતો. તે સાહિત્યિક ચિંતન તથા કલાની નઝાકતો પર કમાલની પકડની સાથોસાથ ખૂબસૂરતીને લગતા એહસાસની અદાના પણ માહિર હતા. આ તમામ ગુણો ઉપરાંત તેમનો કલમ ન કદી સત્તાના મહેલોની ચોખટ પર ઝુક્યો અને ન તેમના કલમે કદી ઈશ્કિયા ક્ષેત્રની ગલી તરફ ઝાંકીને જોયું. તેઓ જીવનભર પોતાના આ'લા હઝરતની આ રવિશ પર ચાલતા રહ્યા કે :–

**કરૂં મદહે અહ્‌લે દોવલ 'રઝા' પળે ઈસ બલામેં મેરી બલા**
**મૈં ગદા હૂં અપને કરીમ કા મેરા દીન પારાએ નાં નહીં**

નિઃશંક ! અલ્લામા અર્શદુલ કાદરીનો કલમ ઈમાની તહારતથી હમેશાં ખુશ્બોદાર રહ્યો, તેમના જાદૂભર્યા કલમની તેજી તથા વહેણની ખૂબીઓ એ વખતે ખુલતી હતી જયારે તેઓ મદની તાજદારની સીરતના કોઈ પાસાને લખતા હતા અથવા કોઈ આરિફ બિલ્લાહ તથા રૂહાની તાજદારની પુર શૌકત દેહલીઝ પર એક ગદાએ બેનવાંની હૈસિયતથી પોતાની અકીદતનો ખિરાજ પેશ કરતા હતા. એવા પ્રસંગોએ તેમના કલમથી વાણીની મધૂરતા તથા સુંદરતાના ઝરણાં ઉભરાતાં હતાં, તેમના કલમની ટોચેથી કોઈ ખૂબસૂરત કુંવરી કન્યાના હોટોની જેમ શબ્દોને બદલે ફૂલો વેરાતાં હતાં ! તે પોતાના મોઅઝ્ઝઝ્ પેશ્વાઓની જિંદગીના જે પાસા પર પ્રકાશ વેરતા હતા ઈશ્કો ઈર્ફાનની દૂધ જેવી ચાંદની વિખેરાઈ જતી હતી અને લીટી લીટી અકીદત તથા નિયાઝમંદીની ખુશ્બુઓથી મહેકી ઉઠતી હતી અને લખાણની લીટીઓની વચ્ચેથી શોખની આરઝૂઓની દિલી સદાઓ કાનોમાં રસ ભરી દેતી હતી.

હવે નીચેના લખાણમાં વાંચકોની તસ્કીનના ખાતર અમુક નમૂના નકલ કરું છું :–

## ★ બગદાદનો તાજદાર ★

કૌનૈનનો તે મહાન દસ્તગીર જેની શાનની જલાલતનો ડંકો કાયનાતની હસ્તીની ચારે દિશાઓમાં વાગી રહ્યો છે અને જેની ખુદાદાદ શૌકતના પરચમ પહાડની ચોટીઓ પર લહેરાઈ રહ્યા છે, તેના પ્રશંસકો

તથા મન્કબત ખ્વાનોની હજારો માઈલ લાંબી સફરમાં ક્યાંય પણ જગા મેળવી લેવાને હું સૌથી મોટુ બહુમાન સમજુ છું.

સરકાર ગૌષુલ્ વરાની અઝમતના મકામનું શું પૂછવું ? કહે છે કે હજી જમીન તેમના કદમોની ઠોકરોથી પાવન પણ ન થઈ હતી તે પહેલાં તેમના કલામના સૂરજની સફેદી દિલોના ક્ષિતિજો પર ચમકી રહી હતી. રહમત તથા નૂરનાં કેટલાયે ઝરણાઓએ આ અસીમ સમંદરથી જિંદગીની ખૈરાત માંગી અને સમયના મહાન મહાન મસ્નદ નશીનોએ પોતાના વિલાયતના સરદારના આગમનનો શોર બુલંદ કર્યો. સરકાર ગૌષુલ વરાની જિંદગીની કિતાબનું આ જ તે પ્રકરણ છે જેને વાંચીને વિલાયતની દુનિયામાં તેમની શહનશાહીનું યકીન ચમકવા લાગે છે.

આગલા અંબિયાએ હજારો વર્ષો અગાઉ રિસાલતના આકાશમાં એક સૂરજ ઉગવાની ખબર આપી હતી તો અહીં તેમના મઝહરે કામિલની શાન એ રીતે જલ્વાગર થઈ કે ઝહૂરના સેંકડો વરસ અગાઉ પૃથ્વીના પટ પરના કામિલ ઔલિયાએ વિલાયતના ક્ષિતિજ પર એક સૂરજના ચમકવાની બશારતો આપી. તેમની ખૂબીઓ તથા પ્રશંસાઓના ખુત્બા પઢયા અને વરસાદના પ્રથમ આગમનની જેમ સંવારવામાં આવતી જમીનની જેમ દિલોની ભૂમીને તે શહેનશાહને સ્વાગત માટે સંવારી લીધી.

છેવટે તે સવાર પણ ઉગી જ્યારે કે બગદાદની સરઝમીન પર જલાલતે શાહાનાનો તખ્ત બિછાયો અને મુબારક માથા પર ગૌષિયતે કુબરાનો તાજ પહેરીને તખ્તનશીન થયા તો ખુદાદાદ અઝમતથી પહાડો, રણો, સમુદ્રોનાં દિલ કાંપી ઉઠયાં. વિલાયતની દુનિયાના સુલ્તાનોના સર્વ સરદારોની ગરદનો ઝુકી ગઈ.

ત્યારથી લઈને આજ સુધી બગદાદનું પવિત્ર શહેર ગૌષુલ વરાની રાજધાનીની હૈસિયતથી સર્વ તંદુરસ્ત દિલો (ઈમાનવાળાઓ)નું મર્કઝે અકીદત છે. ભલે તે આજે નજરોથી ઓજલ છે પરંતુ ઈશ્કો ઈમાનની દરેક અંજુમનમાં તેમના જલ્વાઓની સવારનું તેજ ફેલાયેલું છે. તેમની નાદીદા ચારાગીરી, તેમની રૂહાની દસ્તગીરી અને તેમના ગયબી તસર્રુફોના અકીદા પર મુશાહેદા તથા તજર્બાઓ (અનુભવો)ની એવી તેજ ધૂપ પડી રહી છે કે





બુદ્ધિ તથા હોશની સલામતીની સાથે તેનો ઈન્કાર શક્ય નથી. *(જામે નૂર, ઓગસ્ટ, ઈ.સ. ૧૯૬૭)*

## ★ કલિયરના પીરોનો ફયૂઝાન ★

બાદશાહે દો જહાં, મઝહરે તજલ્લિયાતે લામકાં મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલિયરી رضي الله عنه ખ્વાજગાને ચિશ્તમાં જે જલાલતે શાનના માલિક છે તે વર્ણનની મોહતાજ નથી. આખા વિ□માં તેમની અઝમત તથા સયાદતના ડંકા વાગી રહ્યા છે. ઈસ્લામની તબ્લીગ તથા પ્રચાર, જલાલે કિબ્રિયાઈના ઝહૂર અને કુફ્ર તથા બેદીનીની શક્તિઓની સાથે ટકરાવનો એક મહાન ઈતિહાસ ફાતેહે કલિયરની ખૂબીઓવાળી ઝાત સાથે સંકળાયેલો છે.

હિંદુસ્તાનના ખૂણે ખૂણે કલિયરનો ફયૂઝાન આસ્માનના વાદળની જેમ વરસતો રહ્યો છે અને આજે પણ વરસી રહ્યો છે. સાબરી સિલસિલાની બરકતોથી અગણિત માનવો કુફ્ર તથા શિર્કના અંધકારોએથી નીકળીને ઈસ્લામ તથા ઈમાનના ઉજાસમાં આવી ગયા અને હજારો નેક બખ્ત અને પાક તબીયત વ્યક્તિઓ ખુદા સુધી પહોંચવાની લાઝવાલ દૌલતથી સરફરાઝ થયા. અને બેશુમાર કુદ્સીઓને એ મન્સબ અતા થયો કે દિલ પર હાથ રાખી દીધો તો સાહિબે દિલ બનાવી દીધા, આંખોમાં આંખો પરોવી દીધી તો રૂહોને ઈશ્કો સરમસ્તીની કૈફમાં તરબોળ કરી દીધી, જે સર તેમનાં કદમોને સ્પર્શી ગયું તેને વિલાયતની દુનિયાનો તાજદાર બનાવી દીધો અને હાથ પકડી લીધો તો જલાલતે કિબ્રિયાઈની દેહલીઝ પર લાવીને ઉભો કરી દીધો.

સાબિર પાકના ગહવારાએ કુદ્સથી નૂરનું ઝરણુ ફૂટયું તે આગળ ચાલીને કેટલીયે દિશાઓમાં ફેલાઈ ગયું. એ નૂરનો જેને પણ અમીન બનાવવામાં આવ્યો તેની જાતથી સેંકડો ચિરાગ સળગ્યા અને દરેક ચિરાગની રોશની વિવિધ નામો સાથે જોડાતી આગળ વધતી ચાલી. આ રીતે સાબરી સિલસિલાનો રૂહાની ફૈઝ હિંદુસ્તાનની હદોને પાર કરીને આગળ વધ્યો અને પૃથ્વીના પટના વિવિધ ભાગોમાં ફેલાઈ ગયો અને ફેલાતો રહેશે. *(તકદીમ, ગુલઝારે સાબરી, પેજ–૧)*

## ★ ક્યૂં રઝા આજ ગલી સુની હૈ ! ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વીની બારગાહમાં હાજરીના સમયે આશિકે પુરસોઝ અલ્લામા અર્શદુલ કાદરી પર શું ગુજરી એ ઈશ્ક અંગેઝ દિલી દાસ્તાન તેમની જ ખૂબસૂરત વર્ણન શૈલીમાં વાંચો. અલ્લામા અર્શદુલ કાદરી લખે છે :–

"ફજરની નમાઝ બાદ ઈમામે અહલે સુન્નતના આસ્તાના પર જ્યારે મારી હાજરી થઈ તો દિલની ભાવનાઓના ચઢાવ ઉતારનો અજીબ આલમ હતો. એક સરાપા ઈશ્ક, એક વફાના પયકર, એક ઈખ્લાસના પૂતળા અને એક ઈલ્મો ફઝ્લના સમુદ્રની આરામગાહ નજરોની સમક્ષ હતી. અકીદતના જોશમાં આંખો અશ્રુમય થઈ ગઈ, અચાનક આ શેઅર યાદ આવી ગયા :–

**ક્યૂં રઝા આજ ગલી સુની હૈ–ઉઠ મેરે ધૂમ મચાનેવાલે !**

ન જાણે ક્યા સંજોગોમાં આ'લા હઝરતે આ શેઅર કહ્યો હતો ! કલાકો સુધી વિચારતો રહ્યો કે આ તે જ પાકબાઝ આશિકની કબ્ર છે જે કબ્રવાળાઓના મહાન રુત્બાવાળાઓની તા'ઝીમ તથા અદબના ખાતર જીવનભર બેચૈન રહ્યો, તેના કલમની ટોચેથી રોશનાઈ ટપકતી ન હતી પણ ઈશ્કો ઈર્ફાનનું ઝરણુ ફૂટતું હતું, તેના લખાણમાં અજબનું આકર્ષણ હતું કે બરેલીની સરઝમીન પર બેઠાં બેઠાં તેણે આખી દુનિયાને પોતાની આસપાસ સમેટી લીધી.

આશ્ચર્યની હાલતમાં આમ વિચારી રહ્યો હતો કે અચાનક દિલની ઝબાનેથી દુઆ નીકળી અને દરો દીવારે આમીન કહ્યું.

અહમદ રઝા ! તમારી તુર્બત પર સવાર સાંજ રહમત તથા નૂરનો સાવન વરસે, તમારા કલમની રોશનાઈએ શહીદોના લોહીની જેમ ઈસ્લામના બગીચાને હર્યો ભર્યો કરી આપ્યો. તમે આંધીઓની સામે ઈશ્કનો ચિરાગ જલાવ્યો અને લોહીના એક એક બુંદથી મહોબ્બતનો ખિરાજ વસૂલ કર્યો.

ઈસ્લામી દુનિયાના મોહસિન ! તમે હક્ક તથા બાતિલની વચ્ચે આટલી સ્પષ્ટ લકીર (રેખા) જો ન તાણી દીધી હોત તો આજે ઉભરાઈ રહેલા આ સિયાહ ફિત્નાઓની ભીડમાં મુસ્લિમ ઉમ્મતનો શો હાલ થાત ?! શું





ખબર કે અમે ગાફિલો અમારી કુબુદ્ધિની રહનુમાઈમાં ક્યાં ભટકતા હોત ?!

હે અહલે સુન્નતના ઈમામ ! ખુદાએ ગાફિરો કદીર તમારી ખ્વાબગાહને રહમતોના ફૂલો વડે ભરી દે, તમારું એ એહસાન અમે કદી નથી ભૂલી શકતા કે તમે ઘણા જ ગંભીર સંજોગોમાં ઈમાનની સાથે અમારી રૂહોનો રિશ્તો તૂટવાથી બચાવી લીધો.

આમ તો કહેવા માટે તો આખુ જગત મુજતબાના પરવાનાઓથી ભરેલું પડયું હતું, પરંતુ નજદના ગુસ્તાખોના મોઢામાં લગામ દેવા માટે તમારા સિવાય કોણ ઉભો થયો ? કોણે પોતાની હસ્તીની સર્વ કાબેલિયતોને હક્કની હિમાયતના મોરચે લગાડીને ઈસ્લામની ફસીલને કુફ્રો ઈલ્હાદના તોફાનથી હમેશાંના માટે મહફૂઝ કરી દીધી ! મઝારોના વારસો અને ખાનકાહોના સજ્જાદાઓ ક્યાં ન હતા ! પરંતુ કોને હિંમત થઈ કે ઈબ્લીસના ઉભરાઈ રહેલા લશ્કરને સખ્ત હાર આપવાના માટે લોહીનું અંતિમ ટીપુ સુદ્ધાં ન્યોછાવર કરી આપે ! દરેક મેહફિલનો ચિરાગ બનવું અને દરેક તબકામાં નેક નામ બનવું કોણ નથી પસંદ કરતું ? પરંતુ પ્યારા ! એ તમારું જિગર હતું કે હક્કની રઝામંદીની સમક્ષ તમે ન કોઈના નારાજ થવાની પરવા કરી ન કોઈની ટીકા ટીપ્પણથી રંજમય થયા અને એક પોતાના મહબૂબને રાજી કરીને તમે આખા વિ□થી બેપરવા થઈ ગયા.

અહલે હક્કની દુનિયા આજે પણ સ્વીકાર કરે છે કે તમે ગૈરતે ઈશ્કની આ ભટ્ટી ન સળગાવી હોત તો આ નિફાકથી ખરડાયેલા યુગમાં યકીન તથા ઈર્ફાનનું આ નિખરી ચૂકેલુ સોનુ કોને મયસ્સર થાત ?!

તો હે ઈખ્લાસની દુનિયાના સરદાર ! હક્કના દુશ્મનોએ પોતાના મઝહબી ગુસ્સાની આગમાં સળગી સળગીને તને જેટલાં ટોણા માર્યા છે, તો કોનૈનનો પરવરદિગાર એ સર્વ તકલીફોનો તને બેહદ અજર આપે." *(જામે નૂર, ઓકટો.–નવે. ઈ.સ. ૧૯૬૮)*

## ★ હાફિઝે મિલ્લતના ઈશ્કની ફતેહ મુબીન ★

**લો તબસ્સુમ ભી શરીકે નાઝ હુવા**
**આજ કુછ ઔર બળ્હા દી ગઈ કીમત મેરી**

કાલ સુધી લોકો એ અકીદાની હાંસી ઉડાડતા હતા કે કૌનેનનું

પાટનગર ગુંબદે ખદરાની છાંવમાં છે પરંતુ હવે જ્યારે કે દિલોને આ અકીદો પયકરે મેહસૂસ બનીને સામે આવી ગયો છે તો કોના બુરા દિવસો આવ્યા છે કે તે આંખોના આ અનુભવને જૂઠલાવે. આમ તો જૂઠલાવવા માટે આંખોમાં ધૂળ ઝોંકીને પણ જૂઠલાવી શકાય છે પણ પોતાની જ નજરને જૂઠલાવવું આસાન નથી !

આ આશ્ચર્ય ફેલાવતી દાસ્તાનની વિગત એવી છે કે સરગિરોહે અતકિય્યા, અમીરે લશ્કરે આશિકાં હઝરત ઉસ્તાઝુલ ઉલમા શૈખુલ હદીષ અશ્રફિયા મુબારકપુર એક લાંબાકાળથી દયારે હબીબની ઝિયારતના માટે બેતાબ હતા પરંતુ સાથોસાથ દિલોનો એ પણ આગ્રહ હતો કે ત્યાં જવાની પરવાનગી વિના ફોટોએ હાંસલ થઈ જાય !

ચાહનારાઓએ હજાર વિનવણી કરી કે આંતરરાષ્ટ્રિય કાનૂનથી કોઈ ખાસ વ્યક્તિને અપવાદ રાખવું અશક્યની હદ સુધી મુશ્કેલ છે. પ્રથમ તો એ કે શરૂથી જ ચાલ્યું આવ્યું છે કે અહલે સુન્નતના અકાબિરોનો દુનિયાની કોઈ પણ હુકૂમત સાથે નિયાઝમંદાના સંબંધ નથી. ધારો કે હિંદની ગવર્નમેન્ટે ફોટો વિના જવાની ઈજાઝત આપી પણ દીધી તો સઊદી અરબ પર આપણે કઈ રીતે દબાણ કરી શકીશું ? જ્યારે કે ત્યાંની ગવર્નમેન્ટ અકીદાની રૂએ આપણને પોતાનો હરીફ પણ સમજે છે. પરંતુ ઈશ્કનો દીવાનગીભર્યો હોસ્લો જુઓ કે માર્ગની એ સર્વ રુકાવટો છતાં "દીવાનું થયેલ દિલ" પોતાની જીદ પર અટલ રહ્યું. ખૈર, છેવટે કેટલાક દિવસો પછી આ સમસ્યાના નિવારણના માટે એક અજાણ્યા યકીનની રોશનીમાં સબબો પ્રતિ કદમ કાગળ વધારવામાં આવ્યા.

હસ્સાનુલ હિંદ હઝરત 'બેકલ ઉત્સાહી' જેમની દિલ આવેઝ સહર તરાઝ શખ્સિયતની અસર ફકીરની ઝુપડીથી લઈને રાષ્ટ્રપતિના મહેલ સુધી સમાન રીતે દરેક જગાએ છવાયેલી હતી, તેમણે આ ખિદમતની જિમ્મેદારી માથે ઉપાડી લીધી.

કોશિશોનો ક્રમ આંજહાની પંડિત નેહરૂથી શરૂ થઈને લાલબહાદુર શાસ્ત્રી સુધી પહોંચ્યો એટલે સુધી કે ઈંદિરાગાંધીના સત્તાકાળમાં હિંદુસ્તાનના વિદેશ ખાતાએ આ સમસ્યા સંબંધે સઊદી અરબ સાથે સંપર્ક કર્યો. વિવિધ મંઝિલોએથી પસાર થઈને દરખાસ્તની ફાઈલ સઊદી ગવર્નમેન્ટના સત્તાધીશ





શાહ ફૈસલની સામે રજુ કરવામાં આવી તો તેમણે પોતાની ખાસ સહી સાથે જવાબ મોકલ્યો કે "અમારી ગવર્નમેન્ટ શૈખુલ હદીષને વિના ફોટોએ હજ્જ તથા ઝિયારતના માટે હિજાઝમાં પ્રવેશ કરવાની ઈજાઝત આપે છે." આ ઈજાઝતનામુ તદ્દન પહેલુ તથા અંતિમ છે. સઊદી અરબનો જવાબ મળ્યા પછી હિંદની ગવર્નમેન્ટે પણ ઈજાઝત આપી દીધી અને મુગલ લાઈને સીટ રિઝર્વ કરી લીધી. કાર્યવાહીના અંતિમ ચરણમાં પહોંચતાં જ આખા દેશમાં આ ખબર વીજળીવેગે ફેલાઈ ગઈ.

મુગલ લાઈનની આપેલી તારીખ પર જ્યારે હઝરત ઉસ્તાઝુલ ઉલમા તૈયાર થઈને મુંબઈ પહોંચ્યા તો અચાનક એ ખબર જાણવા મળી કે સઊદી ગવર્નમેન્ટનો મુંબઈ સ્થિત કાઉન્સિલર વિના ફોટોએ વિઝા આપવા તૈયાર નથી, તો દિલો પર જાણે વિજળી પડી ! અરમાનોનું ખૂન થઈને રહી ગયું. દાસ્તાનનો આ જ તે હિસ્સો છે જેને અમે "ફતહે મુબીન"થી તા'બીર કરેલ છે.

ઊંડાણથી તપાસ કરતાં ભાળ મળી કે દેવબંદી ગૃપના તમામ વર્ચસ્વવાળા માણસોએ એક થઈને સઊદી હુકૂમતની કાઉન્સિલને દરખાસ્ત કરી કે સઊદી ગવર્નમેન્ટ સાથે અમારી જમાઅતનો લાંબા કાળથી નિયાઝમંદાના હાલ તમારાથી છુપો નથી પરંતુ આ અસામાન્ય સંબંધ છતાં અમારી જમાઅતના અમુક અસર ધરાવતા વડીલોની અતિશય જદ્દો જેહદ પછી પણ હજ્જની સફર માટે ફોટો વિના પરવાનગી ન આપવામાં આવી. હવે આ બહુમાન એક "બિદઅતી મોલ્વી"ને આપવામાં આવી રહ્યું છે ! જે નજદી અકીદાઓનો સૌથી મોટો હરીફ છે. જો આ બહુમાન પાછુ લેવામાં ન આવ્યું તો અમે ક્યાંય મોઢું દેખાડવાને લાયક રહીશું નહીં !

કાઉન્સિલ પર દેવબંદી પ્રપંચીઓની એટલી ભારે અસર પડી હતી કે તેણે પોતાની તરફથી વીઝા ન આપવાનો પાકો નિર્ધાર કરી લીધો. કેટલાયે દિવસો સુધી બહાનાંઓ બનાવીને ટાળતો રહ્યો એટલે સુધી કે તે તારીખ આવી ગઈ કે જે દિવસે જહાઝ છૂટવાનું છે. હવે અંતરની ગણત્રી કલાકોમાં રહી ગઈ પરંતુ હજી સુધી વીઝા ન મળી.

આ જ તે નાઝુક ઘડી હતી કે જ્યારે મુંબઈવાસીઓએ ખુલી આંખો

વડે એક સાચા નાઈબે રસૂલની રૂહાની ઉચ્ચતાનો તમાશો જોયો. જ્યારે બે કલાક બાકી રહી ગયા તો અમુક ભોળા નિયાઝમંદોએ મશ્વરો આપ્યો કે હવે ફોટો પડાવી લો ! કામ બને એમ જણાતુ નથી ! એ સાંભળીને જલાલના આવેશમાં હઝરતની આંખો લાલ થઈ ગઈ ! કાચી નીંદમાંથી જાગનાર ઉમંગોના તોફાનને ફરીથી સૂવડાવી દેવું હવે શક્ય ન હતું. હવે ભૌતિક કોશિશોનો સમય ખત્મ થઈ ચૂક્યો હતો. દિલદ્રાવક બેચૈનીઓના આલમમાં હઝરતે પોતાનો કમરો ખાલી કરાવીને અંદરથી દરવાજો બંધ કરી લીધો.

પલક ઝપકતાં જ આહોનો કાફલો મદીના પહોંચી ગયો, હવે દીવાનું દિલ કૌનૈનના સુલ્તાનની ચૌખટ પર હતું. પુરસોઝ આશિકે શું ફરિયાદ કરી અને સરકારે વરસતી આંખો પર કેવી રહમતથી આસ્તીન રાખી ?! આ સર્વ માજરો રહસ્યના કિલ્લામાં છે. બહાર ઉભી રહેલી ભીડને કેવળ એટલું જ માલૂમ થઈ શક્યું કે જ્યારે કમરાનો દરવાજો ખુલ્યો તો હઝરત બેકલ ઉત્સાહી વીઝા લઈને ઉભા હતા !

લાગણીઓના આવેશમાં તે કેવળ એટલુ કહી શક્યા કે, "નવી દિલ્હીથી સઊદી સફીરનો ટેલીફોન આવ્યો કે શૈખુલ હદીષને તાત્કાલિક વિઝા આપી દો." એકદમ કદમોમાં પડી ગયા. હઝરતે તેમને ઉઠાવીને સીનાથી લગાડયા. દોસ્ત તો દોસ્ત પણ દુશ્મનોએ પણ એ હકીકતનો સ્વીકાર કરી લીધો કે **જે ખાકનશીનોના તરફદાર ગુંબદે ખદરાના તાજદાર છે તેમના પર વિજય પામવો મુશ્કેલ છે.**

**નિગાહે યાસ મેરી કામ કર ગઈ આખિર**
**રુલાકે ઉઠે થે વો મુસ્કુરા કે બૈઠ ગયે**

ઉર્દૂ જગત પર શહનશાહે કલમની બાદશાહીના આ થોડાક નમૂના હતા જેને અમે કશાય વિવેચન વગર નકલ કરી આપ્યા. અમને યકીન છે કે આ લખાણોમાં સુમધુર વર્ણન શૈલી તથા આબેહૂબ મુહાવરાઓનાં ફૂટતાં ઝરણાઓથી આપનાં દિલો દિમાગ તાજાં થઈ ચૂક્યાં હશે. અને એની સાથોસાથ તમને એનો પણ અંદાજો ગયો હશે કે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી પોતાના બુઝુર્ગોની બારગાહોની અદબનો ખયાલકર્તા શયદાઈ તેમના ઈશ્કો ઈર્ફાનથી તરબોળ તથા તેમની ફિક્રો નઝરના ઊંચી કક્ષાના નિમંત્રક તથા તર્જુમાન હતા.





## ★ વિદેશોમાં દા'વતી ખિદમતો ★

**જિધર પહૂંચા નઈ દુન્યા બસા લી**
**યે દીવાના તો દીવાના નહીં હૈ**

અલ્લામા અર્શદુલ કાદરી સરાપા ફિક્રો અમલ અને નિશ્ચય તથા હોસલાની હરાવી ન શકાય તેવી ચટ્ટાનનું નામ હતું. ખલ્લાકે દો આલમે તેમને ઝબાન તથા કલમની એટલી મહાન અને આકર્ષક કાબેલિયતો અતા કરી કે તેમની શખ્સિયતમાં લોહ ચુંબક જેવું આકર્ષણ પેદા થઈ ગયું હતું. તેમનાં ઉચ્ચ કક્ષાનાં કારનામાંઓના કારણે દેશ વિદેશમાં તેમના લાખો દીવાનાઓ છે, તેમણે યૂરોપ તથા એશિયા અને અરબ તથા અમેરિકાના વિવિધ પ્રદેશોનો દૌરો કર્યો છે અને એકવાર લગભગ બે વરસ સુધી દા'વત તથા તબ્લીગના માટે બ્રિટનમાં રોકાણ પણ કર્યું. આપ વિદેશોની નિમ્ન લિખિત કોન્ફરસોમાં પ્રતિનિધિ તરીકે હાજર રહ્યા :–

૧. મોઅ્તમર જમઈય્યાતુ જમાઆત–તેહરાન (ઈરાન)
૨. મોઅ્તરુદઅ્વતિલ્ ઈસ્લામિયતિલ આલમિયાતિ–તરાબુલ્સ (લીબિયા)
૩. હિજાઝ કોન્ફરન્સ–લંડન (બ્રિટન)
૪. ઈમામ અહમદ રઝા કોન્ફરન્સ–કરાચી (પાકિસ્તાન)
૫. મોઅ્તમર મુબલ્લિગે આ'ઝમ અબ્દુલ અલીમ સિદ્દીકી–એમ્સટરડમ (હોલેન્ડ)
૬. મોઅ્તમર આલમે ઈસ્લામ–બગદાદ શરીફ (ઈરાક)
૭. મીલાદ કોન્ફરન્સ–કરાચી (પાકિસ્તાન)

**★ આપે વિદેશોમાં નીચે પ્રમાણે ઈદારાઓ સ્થાપ્યા :–**

૧. જામિઆ મદીનતુલ ઈસ્લામ–ડેનહોગ (હોલેન્ડ)
૨. ઈસ્લામિક મિશનરી કોલેજ–બ્રેડ ફોર્ડ (બ્રિટન)
૩. દારુલ ઉલૂમ અલીમિયહ્–સૂરીનામ (અમેરિકા)

આપે અહલે સુન્નતની મશહૂર તેહરીક "દાવતે ઈસ્લામી"નો

કરાચીમાં પાયો રાખ્યો અને મૌલાના ઈલ્યાસ કાદરીને એ તેહરીકના અમીર નક્કી કર્યા જે આજે વિ□ના ડઝનબંધી દેશોમાં કામ કરી રહી છે. અને બીજો મહત્વનો તબ્લીગી ઈદારો ''વર્લ્ડ ઈસ્લામિક મિશન''નો પાયો મક્કા મુઅઝ્ઝમાના દારુલ અરકમમાં રાખ્યો, તેનું મર્કઝ બ્રેડફોર્ડમાં છે. તેની શાખાઓ પણ એશિયા, અમેરિકા, બ્રિટનના વિવિધ શહેરોમાં ફેલાયેલી છે. અલ્લામા અર્શદુલ કાદરી આ તેહરીકના બેકગ્રાઉન્ડ તથા તેના હેતુઓ પર પ્રકાશ રેલાવતાં લખે છે :–

''મજલિસે સર્વ સંમતિથી એ નક્કી કર્યું કે અધર્મી ચળવળો અને ભૌતિકતા પસંદ જીવન શૈલીના પરિણામે ઉમ્મત પોતાના રસૂલથી દૂર થતી જઈ રહી છે, એટલા માટે વિ□કક્ષાએ એક એવી સંસ્થાની સ્થાપ્ના હવે અનિવાર્ય થઈ ગઈ છે કે જેના થકી ઉમ્મતના લોકોને ઈશ્કો યકીન અને ઈતાઅત તથા તકવાની જિંદગી પ્રતિ પાછા લાવવામાં આવે. મજલિસના સભ્યોએ એ વિ□ કક્ષાની ચળવળને **''દઅ્વતુલ્ ઈસ્લામિયતિલ્ આલમિય્યહ્''** **The world Islamic Mission** ના નામથી ઓળખ આપી અને વિવિધ સરળતાઓને લક્ષમાં રાખી એ તેહરીકના મર્કઝ તરીકે ઈંગ્લેન્ડના પ્રખ્યાત શહેર બ્રેડફોર્ડનું નામ સૂચવ્યું.''

આ સંસ્થાની સ્થાપ્ના ઈ.સ. ૧૯૭૨ માં થઈ હતી. અલ્લામા સાહબ આ ચળવળના નિશ્ચિત થયેલા હેતુઓ તથા મકસદો વર્ણન કરતાં લખે છે :–

**૧.** વિ□ કક્ષાએ એક તબ્લીગી નિઝામ (પ્રચારનું બંધારણ) સ્થાપવો.

**૨.** મુસ્લિમ સમાજમાં દીની જિંદગીનો ફેલાવો કરવો.

**૩.** ગૈર મુસ્લિમ કૌમોમાં ઈસ્લામની પ્રભાવશાળી ઓળખ આપવી.

**૪.** વિ□ના મુસ્લિમો વચ્ચે ઈસ્લામી ભાઈચારાની મજબૂતી.

**૫.** ગુમરાહ કરનાર વિચારો તથા ચળવળોથી ઈસ્લામી પેઢીની રક્ષા.

**૬.** ઈસ્લામી તબ્લીગની લીડરશીપની લાયકાતો પેદા કરવાના માટે એક તેહકીકાતી તર્બિયતી મર્કઝની સ્થાપ્ના.

૨૧, એપ્રિલ ૧૯૭૪ ના રોજ તેની પ્રથમ તન્ઝીમી કોન્ફરન્સ બ્રેડફોર્ડના સેન્ટ જ્યોર્જ હોલમાં ગોઠવવામાં આવી, તે કોન્ફરન્સમાં જે ત્રીવર્ષિય બંધારણ ઘડવામાં આવ્યું એનો સાર નીચે પ્રમાણે છે :–





**૧.** ઈસ્લામિક મિશનરી કોલેજ (**Islamic Mishnari College**)ના નામથી એક શૈક્ષિણક સંસ્થાની સ્થાપ્ના કરવી જેમાં ફારિગ થનાર નવયુવાન આલિમોને અંગ્રેજી, આધુનિક અરબી અને ફ્રેન્ચ ત્રણેવ ભાષાઓમાંથી કોઈ એક ભાષામાં મઝહબી સરદારીની તા'લીમ આપવામાં આવે.

**૨.** વિવિધ ભાષાઓમાં ઈસ્લામનું તબ્લીગી લિટરેચર તૈયાર કરવાના માટે એક દારુત્તસ્નીફની સ્થાપ્ના કરવી.

**૩.** ઉર્દૂ, અરબી તથા અંગ્રેજી ભાષાઓમાં એક માસિક અંક ચાલુ કરવો જેનું ઉર્દૂ નામ દા'વતે ઈસ્લામી, અરબી નામ દઅ્વતુલ્ ઈસ્લામિયહ્ અને ઈંગ્લિશ નામ **Voice of Islam** નક્કી કરવામાં આવ્યું.

**૪.** વિ□ના વિવિધ પ્રદેશોમાં રહેનારા મુસલમાનો સાથે દીની સંબંધ સ્થાપવાના માટે રાબિતુલ ઈખ્વાતિલ ઈસ્લામિયહ્ના નામથી એક તન્ઝીમી ઈદારો કાયમ કરવો.

આ કોન્ફરન્સની કામયાબીના સંબંધે અઠવાડિક વર્તમાન પત્ર ''અશ્શરકુલ જદીદ'' લખે છે :–

''લોકોની સંખ્યા, લાભ થવાની દષ્ટિએ તથા જોશ તેમજ ઉમંગના હિસાબે બ્રિટનના ઈતિહાસમાં આ તદન પહેલી ધાર્મિક કોન્ફરન્સ હતી.''

## ★ મસ્લકી મતભેદના લીધે પક્ષપાતથી હિજાઝને મહફૂઝ રાખવા બાબતે વિચારણા ★

વર્લ્ડ ઈસ્લામિક મિશને પોતાના નિયત કરેલા ચીલા પર દીન તથા દાનિશના વિકાસ અને જમાઅતી તથા મિલ્લી સમસ્યાઓના હલના માટે અમલી મેદાનોમાં ઉતરીને આગેકૂચ કરી અને એક આલમે તેમની કાર્યવાહીઓ તથા કામયાબીઓને મેહસૂસ કરી. જ્યારે તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી دامت برکاتہم القدسیہ ને અકીદાના મતભેદોના આધારે સઊદી હુકૂમતે હજ્જના અરકાનની અદાયગી વિના પાછા મોકલી આપ્યા હતા. (આ દિલને ઠેસ પહોંચાડનાર બનાવ આંતરરાષ્ટ્રિય કાનૂનની તદન વિરૂધ્ધ વર્તન પ્રમાણેનો છે.) એ પ્રસંગે વર્લ્ડ ઈસ્લામિક મિશને હિંદની ભૂમિથી બ્રિટન સુધી જબરદસ્ત વિરોધની લહેર ખડી કરી દીધી હતી જેના

પરિણામે સઊદી હુકૂમતે ઝુકવુ પડયું હતું અને બીજા વરસે ખાસ વ્યવસ્થાની સાથે હઝરત તાજુશ્શરીઅહ્‌ને હજ્જની સફરનું નિમંત્રણ આપ્યું. વર્લ્ડ ઈસ્લામિક મિશને આ પ્રકારનાં વિવિધ કારનામાંઓ અંજામ આપ્યાં છે. હજ્જના પ્રસંગે સામાન્યતઃ અહલે સુન્નત વ જમાઅતને માનસિક ત્રાસ આપવાની કોશિશ કરવામાં આવે છે એટલા માટે મસ્લકી ઈખ્તેલાફના ભેદભાવથી હિજાઝને મેહફૂઝ રાખવાના માટે અલ્લામા અર્શદુલ કાદરીએ ચળવળ ચલાવી અને તા. ૨૩–૪–૧૯૮૭ ના રોજ સઊદી સફીરના આમંત્રણ પર વર્લ્ડ ઈસ્લામિક મિશનનું એક પ્રતિનિધિમંડળ તેમના સિફરાતખાનામાં એ સફીરને મળ્યું. પ્રતિનિધિમંડળના સભ્યોમાં અર્શદુલ કાદરી નાયબ સદર વર્લ્ડ ઈસ્લામિક મિશન, મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી–જો. સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન અને પ્રોફેસર સૈયદ જમાલુદ્દીન અસ્લમ મારહરવીના નામો ઉલ્લેખનીય છે.

સઊદી સફીરે અલ્લામા અર્શદુલકાદરી નાઈબ સદર વર્લ્ડ ઈસ્લામિક મિશનને ઈખ્તેલાફી મસાઈલ પર આપસમાં ચર્ચા વિચારણાની લેખિત દા'વત આપી હતી.

આ મુલાકાતમાં એ સફીરનું ધ્યાન એ તરફ દોરવામાં આવ્યું કે જે મસાઈલમાં નજદના ઉલમા સાથે અમારો મતભેદ છે એમાં આખુ ઈસ્લામી જગત હમ મસ્લક છે. એટલા માટે ચર્ચા વિચારણાની મજલિસમાં ઈસ્લામી આલમના ખાસ ખાસ આલિમોને પણ શરીક કરવામાં આવે જેથી આપસમાં સંતોષના માર્ગો સંપૂર્ણપણે સમારી શકાય, એ સફીરે ખુશગવાર માહોલમાં વાતો કરી અને પ્રતિનિધિમંડળને વિ□ાસ અપાવ્યો કે તે નજીકમાં જ આ બાબતે પોતાના મંતવ્યથી તેને માહિતગાર કરશે. શાહ ફહદના હાલના બ્રિટનના દૌરાના પ્રસંગે વર્લ્ડ ઈસ્લામિક મિશનના પ્રતિનિધિમંડળે તેમનાથી લંડનમાં મુલાકાત કરીને જે રજુઆતો કરી હતી અને જેનો શાહ ફહદે જે માન્ય કરતો જવાબ આપ્યો હતો તેના સંબંધે અરબી વર્તમાન પત્રોનાં કટિંગ પણ એ સફીરને દેખાડવામાં આવ્યાં જેનાથી તેમને વિવાદાસ્પદ મસાઈલ સમજવામાં ઘણી આસાની રહી. નીચે તે લખાણ રજુ કરવામાં આવે છે જે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે સઊદી સફીરને રજુ કર્યું હતું :–





આલી જનાબ મોહતરમ સફીર સાહબ,(હિંદ માટે સઊદી અરબિયા ગવર્નમેન્ટ થકી)

બઅદ માહુવલ્ મસ્નૂન–તમારો પત્ર તા. ૧૬–૦૪–૧૯૮૭ નો હવાલા ૧,૨,૩ મને જમશેદપૂર બિહારમાં મળ્યો જેની ફોટો સ્ટેટ કોપી આ મેમોરેન્ડમ સાથે જોડેલી છે.

આપના મશ્વરાના પ્રમાણે આજે ૨૩–૪–૧૯૮૭ બરોઝ પંજ શમ્બા (જુમેરાતે) આપથી અમો મુલાકાત કરી રહ્યા છીએ. અમારી તથા નજદી ઉલમાની વચ્ચે માન્યતા બારાના મસાઈલ સંબંધે આપસમાં ચર્ચાના અનુસંધાનમાં આપની પેશકશનો અમે નિખાલસતાપૂર્વક શુક્રિયા અદા કરતાં નિમ્ન લિખિત મુદ્દાઓ પ્રતિ આપનું ખાસ ધ્યાન દોરવા ચાહીએ છીએ :–

**૧.** મેહફિલે મીલાદુન્નબી ﷺ અને અંબિયા વ મુરસલીન علیہم السلام થી તવસ્સુલ (વસીલો) જેવા મસાઈલમાં કેમ કે નજદના આલિમો સિવાય આખુ ઈસ્લામી જગત અમારું હમમસ્લક છે એટલા માટે ચર્ચામાં ઈસ્લામી જગતના ચુનંદા ઉલમાએ કિરામને પણ શરીક કરવાના રહેશે જેથી વિ□ કક્ષાએ કિતાબ તથા સુન્નતની રોશનીમાં સર્વ મતભેદોની બાબતે શક્ય હોય ત્યાં સુધી સંતોષ થઈ જાય.

**૨.** અમારા તરફથી ચર્ચા વિચારણાની વ્યવસ્થા વર્લ્ડ ઈસ્લામિક મિશન કરશે, જેમ કે હિજાઝ કોન્ફરન્સ–લંડન (મે ૧૯૮૫ ઈ.સ. માં થયેલી)માં એક ઠરાવ થકી મિશને સઊદી હુકૂમતને તેની રજુઆત પણ કરી હતી અને ચર્ચા વિચારણાના માટે જગા નક્કી કરવા માટે મિશન તથા સઊદી હુકૂમતના પ્રતિનિધિઓ આપસમાં મશ્વરો કરીને કરશે.

**૩.** મતભેદવાળા મસાઈલમાં સઊદી હુકૂમત સખ્તીપૂર્વક કામ લે છે અને બહારથી જનારા હાજીઓને વિવિધ રીતે પરેશાન કરે છે એટલા માટે ચર્ચા વિચારણા પહેલાં સઊદી હુકૂમતે એ વાતને સમર્થન આપવું પડશે કે ચર્ચા વિચારણાનું જે પણ પરિણામ આવશે તેને તે અમલી રીતે કબૂલ કરશે.

વસ્સલામ.... ***–અર્શદુલ કાદરી, નાયબ સદર*** *(વર્લ્ડ ઈસ્લામિક મિશન)*

## ★ વર્લ્ડ ઈસ્લામિક મિશન બ્રિટનનો તેહરાન પ્રવાસ ★

ઈરાનની હુકૂમત થકી હઝરત અલ્લામા અર્શદુલ કાદરી નાયબ સદર

વર્લ્ડ ઈસ્લામિક મિશન, મૌલાના કમરુઝ્ઝમાં ખાં આઝમી સેક્રેટરી જનરલ, મૌલાના શાહિદ રઝા સદર બ્રિટન પોઈન્ટ અને મૌલાના કારી ઈસ્માઈલ મિસ્બાહીને ૨૮ ડિસે. ૧૯૮૨ થી તેહરાનમાં ગોઠવાનારી આલમી કોન્ફરન્સમાં શિર્કતનું દા'વતનામુ મળ્યુ.

વર્લ્ડ ઈસ્લામિક મિશનનું આ પ્રતિનિધિમંડળ ૨૭–ડિસે.ની સવારે ઈરાન એર થકી તેહરાન પહોંચ્યું. એરપોર્ટ પર **V.I.P.** ચેમ્બરમાં થોડીવાર રોકાણ કર્યા બાદ અમને આઝાદી હોટલમાં લાવવામાં આવ્યા જ્યાં હુકૂમતના તરફથી પ્રતિનિધિમંડળને રોકાવાની વ્યવસ્થા હતી. ૨૬ માળની તે હોટલમાં આ પ્રતિનિધિમંડળ સિવાય દુનિયાના ચાલીસ દેશોની ૧૩૫ વ્યક્તિઓ ત્યાં રોકાયેલી હતી. ઈરાનમાં પાસદારાને ઈન્કિલાબના નામથી કેટલાયે લાખ નવયુવાનોની એક લશ્કરી અંજુમન છે જેના કન્ટ્રોલમાં અત્યારે આખો દેશ છે. એરપોર્ટથી લઈને હોટલ સુધી એ તન્ઝીમની સેંકડો વ્યક્તિઓ પ્રતિનિધિમંડળને પોતાના ઘેરામાં લઈને રહ્યા. હોટલમાં પણ પાસદારોની મોટી સંખ્યા ચક્કર મારતી હતી, અને હોટલની બહાર ચારેવ બાજુ ઈમારતોની છતો અને સડકો પર શસ્ત્રધારી પાસદારો રાત દિવસ પેહરો આપતા હતા. તેહરાન એરપોર્ટ પર ઉતરવાના સમયથી લઈને પાછા જવા માટે વિમાનમાં સવાર થતાં સુધી વર્લ્ડ ઈસ્લામિક મિશનના પ્રતિનિધિમંડળ પર પાસદારોનો સખત પેહરો હતો.

આ સફરમાં દિવાલોનાં લખાણો, બેનરોના નકશાઓ, તકરીરો તથા ચર્ચાઓ, પ્રદર્શનકારી નારાઓ, રેડીયો, ટેલીવિઝન તથા ખાસ મુલાકાતો થકી ઈરાનના જે પ્રતિનિધિમંડળે માંગણીઓ કરી છે તેના નોંધ પાત્ર મુદ્દાઓ નીચે વાંચો. યાદ રાખશો કે હકીકતોને પ્રદર્શિત કરવામાં પ્રતિનિધિમંડળે એની રજ માત્ર પરવા નથી કરી કે કોણ ખુશ થશે અને કોને તકલીફ પહોંચશે. ટીકા તથા દાદની પાછળ કેવળ સચ્ચાઈઓ પ્રદર્શિત કરવાની ભાવના સમાયેલી છે.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે ઈરાની ગવર્નમેન્ટની વ્યવસ્થા તથા બંધારણ અને તેની રાજનીતિક અને ધાર્મિક પોલીસીઓનો ઘણો જ વિગતવાર અભ્યાસ કર્યો છે. રિપોર્ટનો એક ખાસ હિસ્સો એ એહસાસ પર આધારિત છે કે ઈરાનની ગવર્નમેન્ટે સુન્નીઓ સાથે ઈન્સાફથી કામ





નથી લીધું. અલ્લામા સાહબે ઈરાની સુન્નીઓની હાલતો તથા કૈફિયતો પણ વર્ણવી છે, અમે નીચેના રિપોર્ટમાંથી એ જ હિસ્સાઓને વર્ણન કરીએ છીએ જેનાથી તમે અંદાઝો લગાડી શકો છો કે વર્લ્ડ ઈસ્લામિક મિશન પોતાની જમાઅતી દર્દમંદી અને મઝહબી વિશિષ્ટતાઓના મામલામાં કેટલુ જાગૃત છે. અલ્લામા અર્શદુલ કાદરી લખે છે :–

''અમારી સમજમાં એ વાત નથી આવતી કે એકી સાથે આખી દુનિયા સાથે લડાઈ વહોરી લેવી એ કઈ અકલમંદીની વાત છે ! સામાન્ય સંજોગોમાં ના'રાઓનો ફાયદો ઉશ્કેરણી ઉભી કરવા સિવાય બીજો શો હોઈ શકે છે ? અલ્બત્ત આંત્રિક રીતે એ નારાઓનો ભાવાર્થ કાંઈ બીજો નિશ્ચિત થઈ ગયો હોય તો અમે નથી કહી શક્તા. પણ અણસારો તથા ધારણાઓથી અમે એ જરૂર અનુભવ્યું કે ઈઝરાઈલની જેમ ઈરાન પણ ખૂબ જબરદસ્ત શીઆ રાજ્ય સત્તાનો ખ્વાબ જોઈ રહેલ છે એ રાઝ ત્યારે ખુલ્યું જ્યારે તેહરાન રેડીયોનો એક કાર્યકર અમારું ઈન્ટરવ્યું લેવા માટે આવ્યો અને અમે ખૂબ જ નિખાલસ ભાવના હેઠળ તેને મશ્વરો આપ્યો કે અત્યારે ઈરાન ઈસ્લામી આલમની એક્તાનો ના'રો બુલંદ કરી રહ્યું છે કેટલું સારું થાત કે એ જ ભાવના હેઠળ ઈરાકની સાથે પણ સુલેહની કોઈ સ્વીકારપાત્ર સ્થિતિ ઉભી કરવામાં આવતે ?! બસ આટલી જ વાતમાં તે વિફરી ઉઠયો અને કહેવા લાગ્યો કે ઈરાક સાથે સુલેહની વાત તો દૂર રહી પણ અમે તો જ્યાં સુધી મધ્ય એશિયાના સર્વ અરબ દેશો જેઓ ઈરાકની મદદ કરી રહ્યા છે તેમની પાસેથી એક એક કરીને બદલો ન લઈ લઈએ ત્યાં સુધી ચૈનથી બેસીશું નહીં. અમારા એ ખયાલને એ વાતથી પણ ટેકો મળ્યો કે ઈરાનના શીઆ આલિમો ઈરાકના સત્તાધીશ પ્રમુખ સદ્દામ હુસૈનને કાફિર કહે છે પણ શામ (સીરિયા)ના હાફિઝ અસદને ''મર્દે મો'મિન'' ગણાવે છે. જ્યારે કે બંને સરમુત્યાર છે, તો પછી તફાવતનું કારણ તો એના સિવાય બીજું શું હોઈ શકે છે કે હાફિઝ અસદ શીઆ છે અને સદ્દામ હુસૈન સુન્ની છે.

## ★ ઈરાનમાં સુન્ની મુસ્લિમોની સમસ્યાઓ ★

''કુમ''માં અમુક કલાકોના રોકાણ દરમ્યાન કેટલાયે મદ્રસાઓને

જોવાનો મોકો મળ્યો. ઈમારતના લેહાઝથી જનાબ આયતુલ્લાહ મુન્તઝરીનો મદ્રસો ખૂબ જ આકર્ષક છે. ઈરાનમાં મુન્તઝરી સાહબ જનાબ ખોમૈની સાહબના અનુગામી માનવામાં આવે છે તેમના મદ્રસામાં એક તાલિબે ઈલ્મ થકી રિપબ્લિક ઈરાનના બંધારણની એક કોપી મળી ગઈ જે અરબી એડીશન હતી. એની બારમી કોલમમાં એ બાબતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઈરાનની ગવર્નમેન્ટી વ્યવસ્થા ફિકહ એટલે શીઆ મઝહબના નિયમો હેઠળ થશે. એ વાક્યના તરત જ પછી એ શરતનો પણ વધારો કરવામાં આવ્યો છે કે રાજયસત્તાની આ ધાર્મિક હૈસિયત તદ્દન તબદીલ થશે નહીં અને કદાપી બદલી શકાતી નથી. એ જ કલમમાં એ બાબતની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે અન્ય ફિકહી મઝહબના અનુયાયીઓને રાજયમાં દરેક પ્રકારની આઝાદી ઉપલબ્ધ રહેશે, તેમણે પોતાના મઝહબની તા'લીમ તથા તબ્લીગના પ્રમાણે જિંદગી ગુજારવાનો પૂરેપૂરો હક્ક રહેશે.

બારમી કોલમની આ અંતિમ લીટી વાંચતાં અમને વારંવાર એ કમી મેહસૂસ થઈ કે ''તબદીલને પાત્ર નહીં''ની જે શરત ફિકહે જા'ફરી (શીઆ મઝહબ)ની સાથે લગાડવામાં આવી હતી તે અન્ય ફિકહી મઝહબો સાથે કેમ લગાડવામાં ન આવી ? શું આ પક્ષપાતથી એ શંકાને સ્થાન નથી મળતું કે એક સામાન્ય સરખા ફેરફાર થકી અન્ય મઝહબોના હક્કો ગમે ત્યારે પણ ખત્મ કરવામાં આવી શકે છે !

ખૈર, અત્યારે તો અમારે કેવળ એ બાબતનો અભ્યાસ કરવાનો છે કે રિપબ્લિક ઈરાનના બંધારણમાં જે હક્કો ત્યાંના સુન્ની મુસલમાનોને આપવામાં આવ્યા છે તે શું અત્યારે અમલી ધોરણે તેમને પ્રાપ્ય છે ? એના અનુસંધાનમાં જે વિગતો અમે વિવિધ માધ્યમો થકી પ્રાપ્ત કરી છે તે ક્રમવાર જોઈ લો :–

૧. તેહરાન કે જ્યાં પાચ લાખ સુન્ની મુસ્લિમો આબાદ છે તેમને આજ સુધી પોતાની મસ્જિદ બાંધવાની પરવાનગી નથી મળી જ્યારે કે ત્યાં ઈસાઈઓનાં બાર દેવળો, હિંદુઓનાં બે મંદિરો, શીખોના ત્રણ ગુરૂદ્વારાઓ, યહૂદીઓનાં બે ઈબાદતખાનાંઓ અને પારસીઓની બે અગીયારીઓ મૌજૂદ છે ! પરંતુ સુન્ની મુસલમાનોની એક મસ્જિદ પણ નથી !





૨. શાહના જમાનામાં ઈદોની નમાઝ ત્યાંના સુન્ની મુસલમાનો એક પાર્કમાં પઢતા હતા પરંતુ જયારથી ધાર્મિક હુકૂમત સ્થપાઈ ત્યારથી ઈદના દિવસે એ પાકમાં સશસ્ત્ર ફોજોનો પેહરો બેસાડી દેવામાં આવ્યો અને તેમને નમાઝ પઢવાથી રોકી દેવામાં આવ્યા.

૩. જુમ્આની નમાઝના માટે મઝહબી હુકૂમત સુન્નીઓને મજબૂર કરે છે કે તેઓ તેહરાન યુનિવર્સિટીના મેદાનમાં શીઆ ઈમામની પાછળ જુમ્આની નમાઝ પઢે. પરંતુ તેમ છતાં પણ સુન્ની હઝરાત ત્યાં નમાઝ નથી પઢતા બલ્કે પાકિસ્તાની એમ્બેસીમાં જુમ્આની નમાઝ અદા કરે છે. યાદ રાખશો કે તેહરાન યુનિવર્સિટીના મેદાનમાં જુમ્આની નમાઝ ઈરાનના રાષ્ટ્રપ્રમખ પઢાવે છે જે શીઆ ફિર્કાના ધાર્મિક નેતા પણ છે.

૪. ઈરાનના સુન્ની મુસલમાન પોતાની ધાર્મિક તબ્લીગ તથા પ્રચાર અને પોતાની સામુહિક ભલાઈના માટે ન કોઈ જલસો કરી શકે છે અને ન પોતાની કોઈ તન્ઝીમ સ્થાપી શકે છે. પાછલા દિવસોમાં ''શૂરાએ મર્કઝે અહલે સુન્નત''ના નામથી સુન્નીઓએ એક સંસ્થા સ્થાપી પણ હતી તો તેને મઝહબી ગવર્નમેન્ટે કાનૂનની વિરૂધ્ધ ઠરાવી.

૫. અહલે સુન્નત મુસલમાનો પોતાની કિતાબ ન પોતે છાપી શકે છે અને ન તો બહારથી મંગાવી શકે છે. શાહના જમાનામાં સુન્ની ભાઈઓ પાકિસ્તાનથી કિતાબો મંગાવતા હતા પણ ધાર્મિક ગવર્નમેન્ટ સ્થાપિત થયા પછી એના પર જાત જાતની પાબંદીઓ લગાડી દેવામાં આવી.

૬. ગર્વમેન્ટ સ્કૂલોનો કોર્સ બદલવામાં આવી રહ્યો છે અને નવા કોર્સમાં શીઆ ધર્મની બાબતો સામેલ કરવામાં આવી રહી છે જેથી સુન્નીઓનાં બાળકો અજાણપણામાં શીઆ મઝહબના પાળવાવાળાં બની જાય.

૭. ઝાહિદાનના પ્રદેશમાં જ્યાં ૫૯% સુન્ની મુસલમાન છે ત્યાંની સરકારી સ્કૂલોમાં હમણાં ૫૦૦ ટીચરો નિયુક્ત કર્યા છે જેમાંથી ૩૬ ટીચરો જ સુન્ની છે બાકીના ૪૬૪ ટીચરો શીઆ છે. એવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કે જેથી સુન્ની બાળકોને શીઆ મઝહબમાં સરળતાપૂર્વક ફેરવવામાં આવે.

**૮.** ઈરાનમાં અહલે સુન્નતની સંખ્યા ૫૩% છે. શાહની રાજાશાહી સત્તા વ્યવસ્થાની વિરૂધ્ધ લડવામાં આવનારી આઝાદીની જંગમાં શીઆઓની સાથે ખભે ખભા મિલાવીને હજારો સુન્નીઓએ પણ જાન તથા માલની કુર્બાનીઓ આપી છે પરંતુ લોકશાહી ગવર્નમેન્ટમાં તેમને જે હિસ્સો મળ્યો છે તે તેમની વસ્તીના ધોરણના હિસાબે તદ્દન ન હોવાના સમાન છે. દા.ત. ૨૭૦ મેમ્બરોની પાર્લામેન્ટમાં અહલે સુન્નતની કુલ સંખ્યા કેવળ નવ (૯) છે જ્યારે કે વસ્તીના ધોરણના હિસાબે ૧/૩ થી અધિકના તેઓ હક્કદાર છે.

**૯.** વ્યવસ્થાપન અધિકારીઓમાં અને ન્યાયાલયોમાં અહલે સુન્નતનું વજૂદ તદ્દન શૂન્ય બરાબર છે. રાજ્ય કક્ષા તેમજ જિલ્લા કક્ષાનો કોઈ જિમ્મેદારીવાળો હોદ્દો તો દૂરની વાત છે પણ સુન્ની ફિર્કાનો કોઈ માણસ થાણેદાર પણ નથી. ઈરાનના ત્રણ લાખ "પાસદારાને ઈન્કિલાબ"માં જેઓ ગવર્નમેન્ટના દરેક વિભાગ પર વર્ચસ્વ ધરાવે છે તેમાં એહલે સુન્નતનો એક પણ પ્રતિનિધિ નથી.

**૧૦.** ઈરાનના સુન્ની મુસલમાનોમાં એજ્યુકેટેડ વ્યક્તિઓની સંખ્યા કેવળ ૨% છે, એનો અર્થ એ છે કે તેઓ ઈલ્મી કાબેલિયતોના કારણે કદી પણ એ લાયક થશે નહીં કે એક લોકશાહી ગવર્નમેન્ટમાં તેઓ પોતાનો યોગ્ય હિસ્સો પામી શકે અને ગવર્નમેન્ટની વર્તમાન પોલીસીને જોતાં આશા પણ નથી કે ભવિષ્યમાં અહલે સુન્નતની શિક્ષિત સંખ્યા વધી શકશે, કેમ કે પોતાની ધાર્મિક ખાસિયતને સાચવી રાખીને તેમના માટે ઉચ્ચ તા'લીમ હાંસલ કરવી ખૂબ જ મુશ્કેલ છે.

**૧૧.** અમારા પ્રતિનિધિમંડળે ગવર્નમેન્ટની જિમ્મેદાર વ્યક્તિઓને મશ્વરો આપ્યો કે તમો હિંદ તથા પાકિસ્તાનના શીઆ લોકોને તબર્રાથી રોકી દો તો એ ઈત્તેહાદની દા'વતની પ્રતિ બેહતરીન આગેકૂચ ગણાશે. તેમણે વાયદો કર્યો કે અમે એના બારામાં વિચારણા કરીશું.

અત્યારે ઈરાનમાં મઝહબે અહલે સુન્નત જે ગંભીર હાલતમાં છે તે જોતાં સત્વરે તેની રગોમાં લોહી પહોંચાડવામાં ન આવ્યું તો ખતરો છે કે દસ પંદર વરસોમાં સુન્ની મઝહબ ઈરાનમાંથી ખત્મ થઈ જશે. એટલા માટે અમે ઈસ્લામી જગતના સર્વ સુન્ની અવામને અપીલ કરીએ છીએ કે તેઓ



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

તેહરાનના સરનામે ખોમૈની સાહબને આ પ્રમાણેના લખાણનો ટેલીગ્રામ આપે : "રિપબ્લિક ઈરાનના બંધારણ પ્રમાણે મુસલમાનોના ધાર્મિક તથા નાગરિકી હક્કોને પૂરા પાડો."

## ★ મિલ્લી નેતાગીરી તથા રાજનીતિક દષ્ટિ ★

સતત જદો જેહદ અને રાત દિવસની દોડધૂપ પછી જ્યારે જમશેદપૂરની સરઝમીન પર અલ્લામા અર્શદુલ કાદરીના કદમ જામી ગયા અને મદ્રસા ફૈઝુલ્ ઉલૂમની તા'લીમી તથા તબ્લીગી અસરો બિહાર તથા બંગાળમાં મેહસૂસ થવા લાગી તો અલ્લામા અર્શદુલ કાદરી જમાઅતે અહલે સુન્નતના એક મહાન કાઈદ અને મુખ્લિસ રહનુમાની હૈસિયતથી ઉભર્યા. આ હકીકત દરેક ખાસ તથા આમની સમક્ષ દિવાલ પરના લખાણની જેમ જાહેર છે કે અલ્લામા અર્શદુલ કાદરી એક દર્દમંદ મસીહા નફ્સ અને મિલ્લતના કારોબારના એક વફાદાર પાસબાનનું નામ હતું. તે મસ્જિદ તથા મદ્રસામાં બેસીને પણ દુનિયાની સુન્નિયત પર તીવ્રદષ્ટિ રાખતા હતા. તેમની સક્રિય જિંદગીનું આ પાસુ પણ એટલુ વિશાળ તથા ઊંડાણવાળું છે કે આ વિષય પર સેંકડો પાનાંઓ રોશન કરી શકાય છે. રાજકરણી નેતાઓની જેમ ન તેમની નજર સત્તાની ખુરશી પર રહેતી હતી અને ન તેઓ કોઈ રાજકીય પાર્ટીની ખુશ્નુદી પામવા માટે રાજકીય કાર્યકરની ખુશામદ કરતા હતા. તેમની નજર ઈસ્લામ અને મુસલમાનોના મસાઈલ પર રહેતી હતી. હિંદુસ્તાનભરમાં મુસલમાનોની વિરૂધ્ધ કોઈ મસ્અલો ઊભો થતો તો અલ્લામા સાહબ જમાઅતે અહલે સુન્નતના તરફથી દરેક પ્રથમ હરોળમાં તૈયાર થઈને જોવા મળતા હતા.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની ફિક્રી તથા અમલી (ચિંતનાત્મક તથા કાર્યલક્ષી) જદોજેહદની કોઈ હદ નિશ્ચિત ન હતી અને તેમની સરદારીયુક્ત આગેકૂચની સામે વિરોધોની કોઈ દીવાલ રુકાવટ બનતી હતી બલ્કે અહલે સુન્નતની દુનિયાની દરેક ગંભીર સમસ્યા તેમના ફિક્રો અમલના કેન્દ્ર સ્થાને રહેતી હતી. તેમના સીનામાં લાગણીમય દિલ હતું, અને દિલની દરેક ધડકનમાં જમાઅત તથા કૌમી (મિલ્લી) દર્દમંદીનું ગીત ઘણે દૂરથી સંભળાઈ શક્તું હતું. મેં મારી જિંદગીમાં મિલ્લી (કૌમની) સમસ્યાઓ પર

માથુ ધુણાવનારો અને અમલી જદ્દોજેહદમાં આગેકૂચ કરનારો એમના જેવો કોઈ બીજો નથી જોયો. હમણા ત્રણ વરસ પહેલાં ઉર્સે કાસિમીના પ્રસંગે મારહરા શરીફમાં તેમની મુલાકાત નસીબ થઈ તો કહેવા લાગ્યા, "માશાઅલ્લાહ ! ખૂબ જ ખુશીની વાત છે કે આજે આપણી જમાઅતના મશાઈખ તથા અહલે સુન્નત મોટા ઉલમા ભેગા થયેલા છે, પણ અય કાશ ! આ ચોટીના આલિમો કદીક જમાઅતી મસાઈલ પર ચિંતન મનન કરવાના માટે એકત્ર થઈ જાત ! મેં જ્યારે પણ આ અકાબિર (મહાન આલિમો)ને અવાજ આપ્યો તો પ્રતિનિધિઓમાં દસ ટકા હઝરાત પણ ઈજલાસમાં શરીક ન થઈ શક્યા. ખુદા જાણે આપણા ઉલમાની સુસ્તપણાની હાલત ક્યારે બદલાશે !" કાંઈક એવા આરઝૂમંદાના દર્દ તથા બેચૈની સાથે અલ્લામા સાહબ આ શબ્દો ઉચ્ચારી રહ્યા હતા કે તેમનું વજૂદ મુસલમાનોમાં કોઈ વિનાશકારી તોફાનની આહટ મેહસૂસ કરીને કાંપી રહ્યું હતું.

અલ્લામા અર્શદુલ કાદરીની આખી જિંદગી દીની મિલ્લી સક્રિય પ્રવૃત્તિઓથી ભરચક હતી, જમાઅતી એકતાને લગતો મસ્અલો હોય કે શુષ્ક જમીનો પર મદ્રસાઓની પેદાવારનો મસ્અલો હોય, બદ્મઝહબો સાથે કલમી જંગનો મસ્અલો હોય, મુનાઝરાના મેદાનમાં હરીફની સામે ઊભા થવાનો મસ્અલો હોય, નામૂસે રસૂલની રક્ષાનો મસ્અલો હોય, બાબરી મસ્જિદની રક્ષા કે તેના નવેસરથી બાંધકામનો મસ્અલો હોય, સુન્ની વકફો અને ખાનકાહોની પાસબાનીનો મસ્અલો હોય, ભાષા તથા સંસ્કૃતિની જાળવણીનો મસ્અલો હોય, મુસ્લિમ પર્સનલ લોની વિરૂધ્ધ ફેંસલાઓનો મસ્અલો હોય, રાજકીય તથા સામાજિક ક્ષેત્રોએ કૌમી વકારનો મસ્અલો હોય, ઈસ્લામ તથા મુસલમાનોના સરમાયા પર દેશના જે ખૂણામાં પણ છાપો મારવામાં આવતો તો તે એક જાગૃત દિમાગ, સક્રિય તથા ફર્ઝને પેહચાનનાર સિપાહીની હેસિયતથી બનાવ પ્રસંગે ઊભેલા જોવા મળતા હતા.

**નિગાહ બુલંદ, સુખન દિલનવાઝ, જાન પુરસોઝ**
**યહી હે રખ્તે સફર મીરે કારવાં કે લિએ**

ડોક્ટર ઈકબાલે એક લીડરના માટે જે ગુણોનો નિર્દેશ કર્યો છે એ તમામ ગુણો ઉત્તમ કક્ષાએ અલ્લામા સાહબની મુબારક શખ્સિયતમાં મૌજૂદ હતાં.





## ★ જમાઅતની એકતાની એક સામુહિક કોશિશ ★

અલ્લામા અર્શદુલ કાદરી જમાઅતના વિખવાદ પર જિંદગીભર પાણી વિનાની માછલી જેમ તડપતા રહ્યા. એ હકીકતથી કોણ લાગણીમય મર્દે મો'મિન બેખબર હશે કે મુસ્લિમ કૌમની એકતા જાતે પોતે જ મુસ્લિમ કૌમની અગણિત સમસ્યાઓનો હલ છે. પણ અફસોસ કે અતિશય જદ્દો જેહદ છતાં એ ખ્વાબ આજ સુધી વાસ્તવિક સ્વરૂપ ધારણ ન કરી શક્યો. કેટલીયે વાર અહલે સુન્નતના ઉલમા તથા મહાન મશાઈખ મશ્વરા માટે બેઠા, વલવલાઅંગેઝ ખયાલો અને દર્દનાક એહસાસોને પ્રદર્શિત કર્યા પણ પરિણામ નશિશ્તન, ગુફ્તન, બરખાસ્તન (બેઠક, ચર્ચા, વિદાય)થી આગળ ન વધી શક્યો. આ સિલસિલાની એક કડી ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમા–મુંબઈની તન્ઝીમી કોન્ફરન્સ પણ છે જેમાં અલ્લામા અર્શદુલ કાદરીનો રોલ પણ ઘણો મહત્વનો હતો. ઓકટો.–નવે. ઈ.સ. ૧૯૬૮ ના માસિક અંક **જામે નૂર**માં અલ્લામા અર્શદુલ કાદરીએ આ કોન્ફરન્સનો રિપોર્ટ લખેલો છે. આ રિપોર્ટ પોતાના વિષયમાં નવી પેઢીના માટે એક અમૂલ્ય દા'વતે ફિક્રો અમલ છે. એ રિપોર્ટમાં ઉચ્ચકક્ષાના ઉલમાએ અહલે સુન્નતની તકરીરોના જે ચુનંદા વાક્યો નોંધ કરવામાં આવ્યાં છે તેની હવે એક ઐતિહાસિક હૈસિયત બની ચૂકી છે. રિપોર્ટની વિગત નીચે જોઈ લો :–

"આ મહાન નેઅમતને આપણે જમાઅતની ખુશકિસ્મતી ગણાવીશું કે પ્રથમ હરોળના અકાબિરની હવે મહામૂલી તવજ્જોહ હિંદુસ્તાનના ખૂણે ખૂણે ફેલાયેલા છ કરોડ અહલે સુન્નતની તન્ઝીમની પ્રતિ વળી ચૂકી છે. મુંબઈની તન્ઝીમી કોન્ફરન્સે નવા ઉમંગોનો જે ચિરાગ જલાવ્યો છે તે ખુદા કરે તોફાનના સામે પણ સળગતો રહે.

આ મુબારક ઈજતેમામાં મિલ્લતે તાહિરાના લગભગ સર્વ મોઅઝ્ઝઝ્ સરદારો હાજર હતા. અમુક હઝરાતનાં નામો આ પ્રમાણે છે :
**(૧)** તાજદારે અહલે સુન્નત સરકાર મુફતીએ આ'ઝમે હિંદ દામત બરકાતુહુમ
**(૨)** બુરહાને મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ શાહ મુફતી બુરહાનુલ હક્ક સાહબ રઝવી જબલપૂરી, સદર–કુલ હિંદ જમાઅતે રઝાએ મુસ્તફા
**(3)** સૈયદુલ ઉલમા હઝરત અલ્લામા સૈયદ શાહ આ'લે મુસ્તફા સાહબ

બરકાતી કાદરી **(૪)** ઉસ્તાઝુલ ઉલમા હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ હાફિઝ અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા, અશ્રફિયા–મુબારકપુર **(૫)** મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ મુહમ્મદ હબીબુર્રહમાન સાહબ કિબ્લા, સદર–કુલ હિંદ તબ્લીગ સીરત **(૬)** સુલ્તાનુલ્ મુતકલ્લિમીન હઝરત અલ્હાજ મુફતી રિફાકત હુસૈન કિબ્લા, સદર ઈદારાએ શરઈય્યહ્–બિહાર **(૭)** ખતીબે મશ્રિક હઝરત મૌલાના મુશ્તાક અહમદ સાહબ નિઝામી **(૮)** નકીબે કાદરિયત હઝરત મૌલાના અલ્હાજ ખ્વાજા નિઝામુદ્દીન બદાયૂની **(૯)** મહબૂબુલ ઉલમા હઝરત મૌલાના મહબૂબ સાહબ અશરફી **(૧૦)** હઝરત મૌલાના હકીમ યુનૂસ સાહબ નિઝામી **(૧૧)** ફાઝિલે મોહતરમ હઝરત મૌલાના કારી મુહમ્મદ યહ્યા સાહબ નાઝિમે આ'લા દારુલ ઉલૂમ અશ્રફિયા મુબારકપુર **(૧૨)** જામિઉશ્શરીઅતો તરીકત હઝરત મૌલાના હામિદ અશ્રફ સાહબ, ખતીબ–ઝકરિયા મસ્જિદ **(૧૩)** તૂતીએ હક્ક હઝરત મૌલાના મુફતી રજબઅલી સાહબ **(૧૪)** મુજાહિદે અહલે સુન્નત હઝરત મૌલાના અલ્હાજ અલી મુહમ્મદ સાહબ (ધોરાજવી) શેરે ગુજરાત **(૧૫)** હઝરત મોહતરમ મૌલાના કારી મોઈનુદ્દીન દાનિશ, ખતીબ–મીનારા મસ્જિદ **(૧૬)** હઝરત અલ્લામા અબ્દુશ્શકૂર સાહબ આઝમી.

એક અઠવાડિયાની મજાલિસે શૂરામાં ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમાના નવા સ્વરૂપ, બંધારણ પર ફેર વિચારણા અને તન્ઝીમી કાર્યોના સંબંધે વિ□સનીય માધ્યમોનો નિર્દેશ એ સર્વ મહત્વની મંઝિલો પસાર થઈ ગઈ.

તન્ઝીમી અઠવાડિયાની છેવટની બે રાતોમાં કૈસરબાગ હોલની અંદર ઉઘાડા ઈજલાસ ગોઠવાયા જેમાં અહલે સુન્નતના મહાન ઉલમાએ તન્ઝીમી જિંદગીના મસાઈલ પર વિવિધ દષ્ટિકોણથી પ્રકાશ વેર્યો.

સૈયદુલ્ ઉલમા હઝરત શાહ આલે મુસ્તફા સાહબ સદર ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમાના પ્રમુખ સ્થાનના બયાનની નીચે પ્રમાણેની વાતો ખાસ કરીને વાંચવા લાયક છે :–

**(૧)** હઝરાત ! સુન્ની જમીઅતુલ ઉલમાની તન્ઝીમી કોન્ફરન્સની





દા'વત પર જમાઅતના મોટા ભાગના પુખ્તા દષ્ટિવાળા તથા સાહિબુર્રાય હઝરાતનું આટલી મોટી સંખ્યામાં ભેગા થઈ જવું એ બાબતની રોશન દલીલ છે કે ઈષાર તથા કુર્બાનીનો એક સર્વક્ષેત્રિય જઝબો સૌના દિલોનો એક એવો સમાનતા ધરાવતો છે જે સમયની એક મામૂલી આહટથી બેદાર (જાગૃત) થઈ જાય છે. ખુદાએ કદીર આ જઝબાને સલામત રાખે અને આપણી તન્ઝીમને હમેશાંની હયાત અતા ફર્માવે.

**(૨)** હઝરાત ! અગ્યાર વરસોની ખિદમતોમાં અમે કેટલા અંશે કામયાબી હાંસલ કરી અને ક્યાં સુધી નાકામ રહ્યા ? તેનો ફેંસલો અમારા હાથમાં નથી, એ આપ હઝરાતનો સ્વહક્ક છે. હા ! અમે એ જરૂર જાણીએ છીએ કે જે અમારો ફરીઝો હતો તેને નિભાવવામાં જાણી જોઈને અમે કોઈ ઉણપ નથી વર્તી. મુસ્લિમ પર્સનલ લો, એકથી અધિક પત્નીઓ, વકફો તથા ઉર્દૂ ભાષાના સંબંધી સુન્ની જમીઅતુલ ઉલમાનો રેકોર્ડ અતિશય ચમકતો તથા ઝગમગતો છે. સમય પૂરતો નથી કે તેની વિગતો હું આપને રજુ કરું, પરંતુ એટલું બતાવી દેવું જરૂરી જાણીએ છીએ કે જ્યારે જ્યારે પણ મસાઈલે અમને પોકાર્યા છે કોઈ ડર કે ખચકાટ અનુભવ્યા વિના અમે બેધડક અમલના મેદાનની તરફ દોડી ગયા છીએ.

**(૩)** દોસ્તો ! **જમાઅતો કેવળ નારાઓના સહારે જીવતી નથી રહેતી બલ્કે ના'રાઓની પાછળ કાંઈક પાયાની તથા ઠોસ હકીકતો હોય છે.** જો તમે એક ઝિંદા કૌમની હૈસિયતથી જીવવા ચાહો છો તો જીવનની તે પધ્ધતિ અપનાવો જે એક ઝિંદા કૌમની નિશાની છે. અસબાબ તથા માધ્યમોથી મોઢું ફેરવીને જીવવાની આરઝૂ કરવી હથેળી પર સરસીયાનું તેલ જમાવવાની જેમ છે.

હઝરત બુરહાને મિલ્લત دامت برکاتھم القدسیہ એ તન્ઝીમની (એકતા)ની જરૂરત પર પ્રકાશ ફેંકતા જણાવ્યું કે :–

''આ યુગમાં સંખ્યાબળની અધિક્તા જ શક્તિનું અસલ માપદંડ છે. પરંતુ એ પણ સમયનો દુઃખદાયક બનાવ છે કે આપણે હિંદુસ્તાનમાં સૌથી મોટી લઘુમતી હોવા છતાં પણ સૌથી કમજોર તબકામાં આપણી ગણના થાય છે. હું પૂરા વિ□ાસ સાથે આ એલાન કરી રહ્યો છું કે **એકલા અહલે**

**સુન્નત જો એક થઈ જાય તો આખી મુસ્લિમ લઘુમતીની સમસ્યા પળભરમાં હલ થઈ શકે છે.** બલ્કે એકલા આપણા બળ ઉપર આપણે દસ્તૂરસાઝ અયવાનો (ધારાસભા–સંસદ સભા)માં આપણા વિ□ાસપાત્ર પ્રતિનિધિઓ પણ મોકલી શકીએ છીએ. અને સાંભળી લેવામાં આવે કે જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી સંજોગોની દિશા હરગિઝ નથી ફેરવી શકતા.''

હઝરત હાફિઝે મિલ્લત ઉસ્તાઝુલ ઉલમા શૈખુલ હદીષ અશરફિયા–મુબારકપુરએ તન્ઝીમ તથા ઈત્તેહાદની ફિલોસોફી વર્ણન કરતાં ફર્માવ્યું :–

''આ દુનિયા એક નાશવંત ચીજ છે. અહીં જિંદગીની નેઅમતથી જે પણ સરફરાઝ થાય છે તેને એક ન એક દિવસે મૌતનો સ્વાદ પણ ચાખવાનો છે. પરંતુ ઘણા ઓછા લોકો છે જેમને મૌતની હકીકત પર વિચાર કરવાનો મોકો મળ્યો હોય. વાસ્તવમાં મૌત નામ છે શરીર તથા રૂહ વચ્ચેના ઈત્તેહાદ (એક્તા)ના સંબંધને તૂટી જવાનું. તો જ્યારે શરીર તથા રૂહનો આપસી વિખવાદ વ્યક્તિની મૌતનો સબબ બની શકે છે તો જમાઅતનો વિખવાદ ખૂદ જમાઅતને કેમ કરીને જીવંત રહેવા દેશે. એટલા માટે જ્યાં સુધી કે શરીર તથા રૂહની જેમ આપસમાં એક નથી થઈ જતા ત્યાં સુધી સંયુક્ત જિંદગીના ફયૂઝાનથી આપણે કદાપી ફાયદામંદ થઈ શકીશું નહીં !''

હઝરત સુલ્તાનુલ્ મુતકલ્લિમીન મુફતીએ આ'ઝમે કાનપૂરે વકફોના તહફફુઝ તથા મસ્જિદોને પાછી મેળવવાના સંબંધે તજવીઝ પર તકરીર કરતાં કહ્યું :–

''હિંદના ભાગલા પછીથી અત્યાર સુધી કેટલીયે કોન્ફરન્સો અને ઈજતેમાઓમાં આ તજવીઝ એટલી વાર દોહરાવવામાં આવી છે કે હવે તેના શબ્દો સુધ્ધાં મોઢે યાદ થઈ ગયા છે. પરંતુ આ આપણી લોકશાહી છે કે આજ સુધી તેણે એવું જણાવવાની પણ તકલીફ નથી ઉઠાવી કે જે મસ્જિદો તથા મકબરાઓને પાછા મેળવવાના માટે આપણે ૨૨ વરસથી ચળવળ ચલાવી રહ્યા છીએ તે ગવર્નમેન્ટ એના માટે શું કરી રહી છે ? ઘણુ માતમ હવે એ બદ્નસીબીનું છે કે શરીફોની ભાષામાં હવે કોઈ વાત જ સમજવા માટે તૈયાર નથી અને આપણી સ્થિતિ એ છે કે આ ભાષા સિવાય અમે





અન્ય કોઈ ભાષા જાણતા જ નથી. અતિ પરેશાનીનો આલમ છે કે આપણે આપણો પાયાનો હક્ક કઈ રીતે હાંસલ કરીએ ?!

એક તરફ તો એવું કહેવામાં આવે છે કે આ દેશમાં દરેક કૌમના હક્ક સલામત છે અને બીજી બાજુ ધોળા દહાડે હિંદુસ્તાનના બંધારણની ઝમાનતની મજાક ઉડાડવામાં આવી રહી છે અને તેના રક્ષકોને કોઈ અસર નથી થતી. વાણી તથા વર્તનના વિરોધાભાસથી આપણે એટલા પ્રભાવિત થઈ ગયા છીએ કે ક્રમે ક્રમે હવે એ પણ ''હિંદુસ્તાની'' બનતુ જઈ રહ્યું છે.

મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના હબીર્રુહ્માન સાહબ કિબ્લાએ કૌમી રમખાણો સંબંધે એક તજવીઝ પર તકરીર કરતાં ફર્માવ્યું :–

''સંસ્કારના ઈલ્મમાં ગવર્નમેન્ટનું પ્રથમ કામ અમ્નો અમાન (સલામતી તથા શાંતિ)ની સ્થાપ્ના દર્શાવવામાં આવ્યું છે. પરંતુ આપણે ત્યાં પ્રથમ કામ તોફાન અને ત્યારબાદ રીલીફનો પીરીયડ ચાલે છે. એક ખુદ્દાર અને લોકશાહી તંત્ર માટે એનાથી વિશેષ શર્મનાક વાત અન્ય શી હોય શકે છે કે આપણે આપણા દરેક ઈજતેમામાં તોફાનોના પ્રતિકારની તજવીઝ રજુ કરીને ગર્નમેન્ટ પાસે એક એવા ફર્ઝની અદાયગીની માંગણી કરીએ છીએ કે જેના માટે તેની રચના જ કરવામાં આવી છે !

અમે નથી સમજતા કે ગવર્નમેન્ટ પોતાનો પાયાનો હેતુ બર નથી લાવી શક્તી તે કઈ દલીલના આધારે પોતે પોતાને પબ્લિકનો રક્ષક કહે છે ?!

આ વિ□સનીય માન્યતાથી અમને કોઈ હટાવી નથી શક્તો કે જે દિવસે ગવર્નમેન્ટ નેક નિયતીની સાથે એ નિશ્ચિત કરી લેશે કે દેશમાં તોફાનો નહીં થવા દેવામાં આવે તો એ જ દિવસ તોફાનોના ખાત્માનો દિવસ હશે. શક્ય છે કે અમારા આ મંતવ્યથી કોઈને સંમતિ ન હોય પરંતુ આપણા વડા પ્રધાન ઈંદિરા ગાંધી એનાથી મતભેદ નથી કરી શક્તાં કેમ કે એ જ પાયા પર તેમણે માજી ગૃહ પ્રધાનથી રાજીનામાની માંગણી કરી હતી જ્યારે ગૌહત્યા પ્રતિબંધના મસ્અલામાં નવી દિલ્હીનું ઐતિહાસિક રમખાણ છેડાઈ ગયું હતું. એટલા માટે મને રજમાત્ર એમાં શંકા નથી કે ગવર્નમેન્ટ ખૂદ નથી ચાહતી કે રમખાણો બંધ થાય !''

કોન્ફરન્સમાં વિવિધ વિષયો પર અસરકારક તકરીર કરનારાઓમાં હઝરત મૌલાના મુશ્તાક અહમદ નિઝામી સાહબ તથા અન્ય ઉલમા હતા. *(માહનામા જામેનૂર, કલત્તકત્તા, ઓક્ટો.–નવે. ૧૯૬૮)*

## ★ નિષ્ફળતાનાં કારણો અને આશાનું છેલ્લું કિરણ ★

હમણાં આપે જમાઅતની અખંડિતાના માટે કરવામાં આવેલી જદ્દો જેહદનો અહવાલ વાંચ્યો. ફિક્રો અમલની એકતાની મીઠાશ હાંસલ કરવા માટે આપણા બુઝુર્ગોએ કેટલીયેવાર સખત પરિશ્રમ ઉઠાવ્યો. એ વફાના પયકરોના ઈખ્લાસમાં કોને શંકા હોઈ શકે છે પણ જમાઅતની રાબેતા મુજબની સુસ્તી ટસથી મસ ન થઈ ! આ તે જ સંજોગો હતા કે અલ્લામા અર્શદુલ કાદરીએ તેના સબબો તથા કારણોનો ખૂબ ઊંડાણથી અભ્યાસ કર્યો અને પોતાના ચિંતનમય તથા જાદૂમય કલમ વડે તેનો નિર્દેશ કર્યો કે પાણી ક્યાં ગાયબ થઈ રહ્યું છે. અને જમાઅતના વિખવાદ પર આંસૂ વહાવતાં એકવાર ફરી મુસ્લિમ ઉમ્મતને દા'વત આપી અને જમાઅતના વિખવાદને પરિણામે પેદા થનાર ખતરાઓથી ઢળતી સંધ્યાએ ચેતવ્યા અને આ મસીહા નફ્સ કાઈદે ભાવિના જે ખતરાઓથી પોતાની કૌમને ચેતવી હતી તેને આપણે આપણા યુગમાં આંખો વડે જોઈ રહ્યા છીએ. પણ હજી સમય છે જાગવાનો :–

**ઉઠ કે ખુર્શિદ કા સામાને સફર તાઝા કરેં**
**નફ્સ સોખ્તા શામો સહર તાઝા કરેં**

હવે જરા દિલો દિમાગની સંપૂર્ણ એકાગ્રતાપૂર્વક નીચેનું લખાણ વાંચો અને સંપૂર્ણ ગંભીરતાપૂર્વક વિચારો. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી જમાઅતની એકતાના પ્રકરણમાં કરવામાં આવેલી કોશિશોની નિષ્ફળતાના સબબોની છાનબીન કરતાં લખે છે :–

અહલે સુન્નતની દરમ્યાન સંયુક્ત કેન્દ્રિયતા તથા બંધારણીય લીડરશીપના અભાવનું માતમ એક લાંબા અરસાથી કરવામાં આવી રહ્યું છે એટલે સુધી કે આ મસ્અલો આપણી મેહફિલોનો ચર્ચાનો વિષય જ બની ગયો છે. જ્યાં સુધી જમાઅતની એકતાના માટે કોશિશોનો સંબંધ છે તો આપણા બુઝુર્ગ ઉલમાએ વારંવાર તેના માટે કોશિશો કરી, દેશના વિવિધ





વિસ્તારોમાંથી જમાઅતના જિમ્મેદાર સરદારો પણ એકત્ર થયા, પુરજોશ ઉમંગોની સાથે હિંદુસ્તાન કક્ષાએ તન્ઝીમી ઢાંચાઓ પણ તૈયાર કરવામાં આવ્યા, પરંતુ સર્વ જદ્દો જેહદનું પરિણામ કેવળ એ નીકળ્યું કે એક પછી એક હિંદ કક્ષાની કેટલીયે તન્ઝીમો આપણી દરમ્યાન અસ્તિત્વમાં આવી ગઈ અને તમાશો એ બન્યો કે કોઈ તન્ઝીમ પણ પોતાના લેટર પેડ, પોતાના સાઈનબોર્ડ અથવા ખાસ વર્તુળથી આગળ ન વધી શકી. આ અજીબો ગરીબ સ્થિતિનું જો તમે કારણ પૂછો તો હું જણાવીશ કે એક નહીં એના વિવિધ કારણો છે. પ્રથમ કારણ તો એ કે મુસલમાન કહેડાવનાર અન્ય કૌમોની જેમ આજકાલની પેદાવાર નથી બલ્કે ઈસ્લામની ૧૫૦૦ વરસ સતત ચાલતી અને સળંગ રિવાયતોએ આપણને આજના દૌરમાં પહોંચાડયા છે એટલા માટે આપણા હરીફોની જેમ આપણને એ બાબતની પણ જરૂરત મેહસૂસ ન થઈ કે આપણે મુસલમાનોને કોઈ નવા મઝહબે ફિક્રથી જોડવા માટે ચળવળરૂપે કોઈ તબ્લીગી મિશન ચલાવવામાં આવે અથવા લોકોને સંગઠિત રાખવા માટે કોઈ બંધારણીય કક્ષાએ જમાઅતી બંધારણનો સહારો લઈએ, બલ્કે આપસી સંબંધો અને સંગઠિત સંબંધોના માટે આપણે અકીદા તથા અમલની આ વહદત (એકતા) પર હમેશાં ભરોસો કર્યો જે સામુહિકપણે વ્યક્તિઓની વચ્ચે બુઝુર્ગો તરફથી વારસામાં પહોંચેલી હતી. જેમ કે વર્તમાનકાળથી પહેલાં ભૂતકાળના તમામ ઈદારાઓમાં બંધારણીયકક્ષાના કોઈ જમાઅતી બંધારણોને બદલે કેવળ અકીદા તથા અમલની વહદત જ કરોડો મુસલમાનોની વચ્ચે સંયુક્ત ચિંતન તથા અમલનો પાયો તથા જાન હતી, આપણી હરીફ જમાઅતોથી ઉલ્ટુ કે જેમણે અધર્મતા અને સમયની કૂખેથી જન્મ લીધો છે. કેમ કે ભૂતકાળમાં તેમનો કોઈ હિસ્સો નથી તેમને મહઝબથી લઈને સાહિત્ય સુધી અને કાઈદથી લઈને જમાઅત સુધી દરેક ચીજની વ્યવસ્થા નવસેરથી ખૂદ કરવી પડી. જ્યારે કે આપણને એની જરૂરત કદી ઉભી નથી થઈ, કેમ કે આપણી પાસે જે કાંઈ છે તે આપણા પૂર્વજ બુઝુર્ગોનું આપેલુ છે અને તે આપણા માટે ઘણુ પૂરતુ છે.

**બીજું** કારણ એ કે કરોડો વ્યક્તિઓ પર આધારિત કોઈ દેશ વ્યાપી તન્ઝીમ ચલાવવાના માટે જે રાજકીય માધ્યમો તથા પુષ્કળ સરમાયાની જરૂરત છે તે આપણને ઉપલબ્ધ નથી. રાજકીય માધ્યમોનો સપોર્ટ તો એટલા

માટે મુશ્કેલ છે કે આ મેદાન ઝમીર, દયાનત તથા મઝહબી ભાવનાઓની કુર્બાનીની માંગણી કરે છે અને એ એક ઉઘાડી હકીકત છે કે આપણો જમાઅતી મિજાઝ આ પ્રકારની ઈમાનસોઝ કુર્બાનીને રજ માત્ર પણ સહન કરનાર નથી, કેમ કે **દીનને કુર્બાન કરીને દીનની રક્ષાની તદ્દન કોઈ કલ્પના આપણે ધરાવતા નથી.**

હવે રહી ગયો સરમાયાનો સવાલ, તો આજના યુગમાં તેની પ્રાપ્તિના બે જ માર્ગો છે : પ્રથમ માર્ગ તો રાજકીય મંડીઓના હાથે ખૂદ ફરોશીનો છે. અને ખુદાનો શુક્ર છે કે આપણે તો વેચાણને પાત્ર કોઈ જાત છે જ નથી જેના બદલામાં આપણે અમેરિકાનો ડોલર, યૂરોપનો પાઉન્ડ અને સઊદીનો રિયાલ મેળવી શકીએ.

હવે લઈ દઈને આપણી પાસે પબ્લિકની મદદનો એક માર્ગ છે જે અત્યાર સુધી ખુલ્લો છે પરંતુ બદ્‌કિસ્મતીથી અત્યાર સુધી આપણે આ પ્રકારની ખિદમતો માટે આપણી પબ્લિકનું ઝહન જ નથી બનાવી શક્યા.

**ત્રીજું** કારણ એ કે **આપણા ઉલમાની અતિશય વ્યસ્ત અને ફુરસદ વિહોણી જિંદગી** બિલકુલ હલકી હલકી ખુશ્બોદાર હવાની જેમ છોડ ફૂલને સ્પર્શતી વહી જનાર તથા વહેતી નહેરની જેમ સતત ગતિમાં એક શહેરથી બીજા શહેર, એક દેશથી બીજા દેશ, પૂર્વથી પશ્ચિમ ઉત્તરથી દક્ષિણ જિંદગીભરની સતત સફર જે **જલ્સાગાહો, કોન્ફરન્સો અને સ્ટેજોની આસપાસ ઘુમતી રહે છે.** આ ભાગતી જિંદગીમાં એટલી ફુરસદ ક્યાં કે જમાઅતી જિંદગીની સમસ્યાઓનો ગંભીરપણે અભ્યાસ કરે ! અને હજાર જતન પછી લોકો બેસે અને ચર્ચા વિચારણા બાદ કોઈ મન્સૂબો પણ બન્યો તો હવે તેની પરિપૂર્ણતાની મંઝિલ કોણ પાર પાડે ? લીડરો ક્યાં તો સફરમાં છે અથવા તો સ્ટેજ પર છે અથવા તો બીજા સફરના માટે તૈયાર ઉભા છે !

આ સંજોગોમાં આપણી તન્ઝીમી લામર્કઝિયત (સંયુક્ત કેન્દ્રિયતાનો અભાવ) અને જમાઅતી પસ્તીની હાલતના સબબોનો અંદાજો લગાડવો હવે કોઈના માટે પણ મુશ્કેલ નથી. પરંતુ તેમ છતાંય એ પ્રશ્ન એના સ્થાને છે કે આ સર્વ રુકાવટો તથા મુશ્કેલીઓ છતાં બંધારણીય કક્ષાએ કોઈ





દેશવ્યાપી સંયુક્ત વ્યવસ્થાના માળખાની રચનાનું કામ શું આપણા માટે તદ્દન અશક્ય છે ? અને શું હિંદુસ્તાન જેવા લોકશાહી તથા સેક્યૂલર દેશમાં કોઈ જમાઅત પણ તન્ઝીમ વિના પોતાનું અસ્તિત્વ યથાવત રાખી શકે છે ? એ સહીહ છે કે કોઈ સક્રિય તથા મુતહર્રિક તન્ઝીમને ચલાવવાવાળા માટે વિવિધ પ્રકારનાં માધ્યમોની જરૂરત છે અને તે આજે આપણી પાસે મૌજૂદ નથી, પરંતુ ઈખ્લાસ તથા ત્યાગવૃત્તિ અને રબની મદદના ભરોસે જો આપણા ઉલમા ઉઠીને ખડા થઈ જાય તો શું મુશ્કેલીઓની આ જંઝીરો તૂટી નથી શક્તી ?!

સાચુ પૂછો તો ગૈરોની સરખામણીએ આપણા માટે જમાઅતી તન્ઝીમનું કામ ઘણુ આસાન છે કેમ કે કરોડો સમ અકીદાવાળા આપણા માણસો પહલેથી મૌજૂદ છે તેમને કેવળ એક સંબંધમાં સાંકળવાના છે. તન્ઝીમ ન હોવાના કારણે આપણે સંયુક્ત જીવનની સમસ્યાઓથી ભાગી છૂટવાનો માર્ગ અપનાવવા માટે મજબૂર થઈ ગયા છીએ અને એના પરિણામે આપણે કૌમથી દિન પ્રતિ દિન દૂર થતા જઈ રહ્યા છીએ. **પબ્લિક સાથે આપણો સંબંધ કેવળ સ્ટેજ સુધી રહી ગયો છે અને સ્ટેજ ઉપર પણ આપણે દીની રહનુમાને બદલે એક ચર્બ ઝબાન ખતીબ, એક ધંધાદારી વાઈઝ, એક તકરીરની કલા જાણનાર મુકર્રિરની હૈસિયતમાં અધિક ઉભરતા જઈ રહ્યા છીએ.**

એ જ કારણ છે કે કૌમ આપણા બુઝુર્ગોના કદમોની નીચે પોતાનું દિલ બિછાવતી હતી આજે તે આપણી સાથે એક કલાકારની જેમ વર્તન કરી રહી છે ! ન આપણી અપીલોનો કોઈ ભરમ બાકી છે અને ન આપણા અવાજનું કોઈ આકર્ષણ બાકી રહ્યું છે.

## ★ હિંદના મુસલમાનોનું ભાવિ ★

આ વિષય હેઠળ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી માહનામા જામે નૂર કલકત્તા નવે. ઈ.સ. ૧૯૬૭ ના તંત્રી લેખમાં કોમી રમખાણોના સંબંધે ઘણા આશ્ચર્યજનક રહસ્યો ખોલે છે એ સમસ્યાઓ આજે પણ આપણી સમક્ષ મૌજૂદ છે બલ્કે સ્થિતિ ઓર ખરાબ રુખ અપનાવી ચૂકી છે. આ લખાણ ભલે ઘણુ જૂનુ તથા લાંબા અરસા અગાઉનું છે પરંતુ સાચુ પૂછો તો એની

હકીકત પહેલાં કરતાં કેટલાયે ઘણે અંશે આજે મેહસૂસ થઈ રહી છે. આ લાંબા તંત્રી લેખના થોડાક ટૂકડાઓ અમે નીચે નકલ કરીએ છીએ :–

આ ભારત ખંડમાં મુસલમાનોનું ભાવિ દિન પ્રતિ દિન જેટલુ ભયાનક, શંકામય તથા નિરાશાજનક થતુ જઈ રહ્યું છે એ કોઈનાથી છુપુ નથી. એક સાબિત થઈ ચૂકેલી હકીકતની જેમ હવે એ વાત બહષ તથા દલીલની મંઝિલેથી ખૂબ જ આગળ નીકળી ચૂકી છે કે મુસલમાનો દરેક સાંજે તથા સવારે કોઈપણ અચાનક તૂટી પડનારા ખતરાના નિશાના પર છે.

જે લોકો આ દેશનું તંત્ર ચલાવી રહ્યા છે તેઓ ક્યાં તો જાણી બુઝીને મુસ્લિમોની સમસ્યાથી આંખ આડા કાન કરી રહ્યા છે અથવા તો પછી થાકી હારીને ઝુલ્મો ફસાદના તોફાનો સામે તેમણે શરણાગતી સ્વીકારી લીધી છે. બંને હાલતોમાંથી કોઈ પણ હાલત હોય પણ બિનલાયકાતપણુ, નિષ્ઠુરતા અને ફર્ઝને ન સમજવું એનું બદ્તરીન દષ્ટાંત છે.

શિયાળો, ઉનાળો તથા વર્ષા ઋતુની જેમ આ દેશની એક અન્ય ઋતુ પણ છે જેને અમે દુ:ખોની મોસમ ગણાવીએ છીએ. એક ફૂટી પડનારી વબાની જે આ ઋતુ અહીં દર વર્ષે આવે છે અને જ્યારે આવે છે તો અચાનક સેંકડો આબાદીઓ રણો તથા કબ્રસ્તાનોમાં ફેરવાઈ જાય છે. હજારો સુસભ્ય અને એજ્યુકેટેડ માનવો પલભરમાં ફાડી ખાનાર જાનવરની આદત અપનાવી લે છે.

દર્દનાક ચીસો, ધ્રુજાવી દેનારી ફરિયાદો અને આગ તથા લોહીની હોળી થકી વાતાવરણ એટલા પ્રમાણમાં ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે કે શરાફત તથા ઈન્સાનિયતનો દમ ઘૂંટવા લાગે છે. તડપી તડપીને ઠંડી થઈ જનારી લાશોમાં યુવાન, વૃધ્ધો, સ્ત્રીઓ તથા નિર્દોષ બાળકોમાંથી કોઈ અપવાદ નથી હોતુ ! **કેવળ મુસલમાન હોવાનો ઈલ્ઝામ જિંદગીના સર્વ હક્કોથી એકદમ મેહરૂમ કરી દેવાને માટે પૂરતો સમજવામાં આવે છે.**

આમ તો મોટાથી મોટા કહેર તથા સિતમને માટે પણ જાઈઝ હોવાની સનદ પ્રાપ્ત કરી લેવામાં આવે છે જો એની પાછળ ઉશ્કેરણીજનક ગુનાહોનો દસ્તાવેજ મૌજૂદ હોય.

પરંતુ વાહ રે સમયચક્રના કમાલ ! કે ભારતના મુસલમાન પોતાના



★ અલ્લામા અર્શદુલ કાદરી એક ક્રાંતિકારી શખ્સિયત ★

ન થયેલા ગુનાહોની સજા પામી રહ્યા છે ! તેમનો સૌથી મોટો કુસૂર એ જ છે કે આજ સુધી તેમણે પોતાના પ્રિય વતનની વિરૂધ્ધ દુશ્મન દેશોની સાથે કોઈ પ્રકારની સાઝિશ નથી કરી, પોતાની સરહદોની હિફાઝતના માટે એ જોયા વિના કે સામે કોણ છે તેમણે આગ વરસાવતી તોપોનાં મુખો ઉઘાડી નાખ્યાં.

તેમણે નગ્ન જુલ્મો તથા ઉઘાડી નાઈન્સાફીઓની વિરૂધ્ધ વીસ વરસની મુદતમાં ન કદી જુલૂસ કાઢયું ન વિરોધ પ્રદર્શિત કરતા દેખાવો કર્યા, ન રેલ્વેના પાટા ઉખેડયા, ન ટ્રનો તથા બસોને સળગાવી, ન ગવર્નમેન્ટની વ્યવસ્થામાં અવરોધ પેદા કર્યો, ન સરકારી મિલ્કતો તથા વતની ભાઈઓની સંપત્તિને કોઈ નુકસાન પહોંચાડયું. જુલ્મો સિતમની આગમાં તપતા રહ્યા પરંતુ એક શરીફ સભ્ય અને ભલાઈ પસંદ નાગરિકની જેમ તેમણે કદી કાનૂનને હાથમાં નથી લીધો.

ઈન્સાફ પસંદોની દુનિયા આશ્ચર્યની સાથે એ ખબરને સાંભળશે કે અમારી સાથે ઉશ્કેરણી ઉભી કરીને કાતિલોની ભીડ જમા કરવાના માટે ધંધાદારી ગુંડાઓને જ્યારે અમારો કોઈ જુર્મ ન મળ્યો તો ખૂદ પોતાના જ હાથો વડે તેઓ એવા જુર્મો ઉપજાવે છે જેથી વાતાવરણમાં હંગામો ખડો થાય અને તેઓ તેને આપણા પ્રતિ સંબંધિત કરીને પોતાના યુવાનોનું લોહી ગરમ કરી શકે !

દા.ત. હાલમાં મહારાષ્ટ્રમાં જ્યાં જ્યાં પણ મૂર્તિઓના તૂટવા તથા ચોરાવાના અનુસંધાનમાં ઉશ્કેરણી ફેલાવીને આગ તથા ખૂનનો ડ્રામો ભજવવામાં આવ્યો, ત્યાં જ્યારે નિષ્પક્ષ તપાસ કરવામાં આવી તો એ બાબતનું રહસ્ય ખુલ્યું કે ખૂદ હિંદુ જાતિના લોકોએ તે મૂર્તિઓ ચોરી, તેને તોડી અને તેના ચહેરા વિકૃત બનાવ્યા જેથી કરીને મુસલમાનો પ્રતિ સંબંધિત કરીને વાતાવરણમાં લોહીયાળ હંગામો ફેલાવવામાં આવે. જેમ કે દૈનિક પત્ર "આઝાદ હિંદ" કલકત્તાએ ૩૧–ઓક્ટોબરના વર્તમાપત્રમાં દૈનિક પત્ર "ઈન્કિલાબ" મુંબઈના હવાલાથી એ ખબર પ્રસિધ્ધ કરી છે કે અહમદ નગરના એક મંદિરમાં મા રકનડે અને શંકરજીની મૂર્તિઓને બેડોળ કરવાના આક્ષેપમાં ત્રણ હિંદુઓની ધરપકડ કરવામાં આવી છે. પૂનામાં રામ લક્ષ્મણની મૂર્તિઓનો ચહેરો બેડોળ કરવાના આક્ષેપમાં બે હિંદુઓની ધરપકડ કરવામાં આવી છે. તાલુકા પંઢરપૂરના કુનમ નામના એક ગામમાં

જૈન મંદિરથી પદમાવતી દેવીની મૂર્તિ ગાયબ કરનાર પણ એક હિંદુ છે. આ તમામે તમામ સજાઓ હિંદના બંધારણની વિવિધ કલમોમાં સમાયેલ છે અને એમના પર કેસ ચાલી રહ્યો છે.

હવે જણાવવામાં આવે કે ભારતના મુસલમાન ક્યા પથ્થર વડે પોતાનું માથુ ફોડે ?! તેઓ કાંઈ ન પણ કરે તો પણ તેમનું ભાવિ સુરક્ષિત નથી, એઓ જે રીતે પણ રહે ગમે તે સંજોગોમાં તેમણે અઝાબની ભટ્ટીમાં સળગવાનું છે.

કહેવાય છે કે હિંદુસ્તાન પર એક બિનસાંપ્રદાયિક બંધારણની ગવર્નમેન્ટ છે જે અહીંના નાગરિકોના જાન તથા માલ, ઈજ્જત તથા આબરૂ અને ધર્મ તથા જાતિની રક્ષાની પૂરેપૂરી જિમ્મેદારી સ્વીકારે છે. પરંતુ પોલીસ તંત્ર જેના હાથમાં ડાયરેક્ટ ગવર્નમેન્ટની એજન્સી છે તો અમે જોઈએ છીએ કે તોફાનો વખતે તે પણ પોતે પોતાને નિષ્પક્ષ નથી રાખી શકતુ. પોલીસના રક્ષણ હેઠળ જ્યારે તોફાની તત્વોનો શસ્ત્રસજ્જ ટોળો પૂરી આઝાદીની સાથે અમ્ન તથા કાનૂનની ધજ્જીઓ ઉડાડતો જાય છે તો પછી લાશોનો અંબાર જમા કરવા માટે લશ્કર બોલાવવામાં આવે છે !

ત્યારબાદ આગ તથા લોહીની ભૂમી પર માનનીય રાજકર્તાઓ, પ્રધાનો અને લીડરોના કાફલા ઉતરે છે જેઓ ઠંડી આહો, બનાવટી હમદર્દીઓ અને આંસૂમય આંખો સાથે મુસ્લિમ વસ્તીઓની તબાહીનો અભ્યાસ કરે છે ! મસ્જિદો તથા મકબરાઓના તૂટેલા મીનારાઓ જુએ છે. ઉંહકારા ભરતા ઝખ્મો અને લાંબા થયેલા શરણાર્થીઓ અને પરેશાન હાલ યતીમો, વિધવાઓ અને કત્લ થનારાઓનાં ઉદાસ કુટુંબીજનો સમક્ષ એ રીતે પોતાના પ્રતિભાવ રજુ કરે છે જાણે કે પાછા ફરતાં જ તેઓ કાતિલો પાસેથી એક એક ટીપા લોહીનો બદલો લેશે અને આ પ્રસંગની વિરૂધ્ધ એટલો ગંભીર કદમ ઉઠાવશે કે ફરી વાર ભાવિમાં આવા દુઃખદ બનાવો થઈ શકશે નહીં. **પરંતુ આઝાદી પછી લગભગ સાતસો કોમી રમખાણોમાંથી ક્યાંય પણ એવું દ્દષ્ટાંત નથી મળતુ કે ગવર્નમેન્ટના કર્તા ધર્તાઓ, પોલીસ ઓફીસરો, જે તે વિસ્તારના વ્યવસ્થાપકો અને જિલ્લાના હાકિમોની વિરૂધ્ધ કોઈપણ સખ્ત તથા બોધદાયક પગલાં લીધાં હોય. પોતાના હાથોના ફર્ઝોથી આંખ આડા કાન કરવાના ગુનાહની**





**સજામાં તેમને બરતરફ કરી દીધા હોય અથવા કમસે કમ સસ્પેન્ડ પણ કર્યા હોય !** અને અશાંતિ ફેલાવવાના ગુનાહમાં કાતિલો અને તોફાનો કરનારાઓને યથાયોગ્ય સજા આપી હોય.

કેવળ શીખામણો તથા સૂચનો અને પ્રવચનોથી જો ગુનાખોરવૃત્તિવાળા સીધા માર્ગે આવી જાત તો હિંદની સજાઓ નામથી એક કાયદાના ગ્રંથની જરૂરત કદાપી ન ઉપસ્થિત થાત. અમને કહેવા દો કે અધ્યાહન શબ્દો વડે રમખાણોની ટીકા તથા મઝલૂમોની સાથે મૌખિક હમદર્દીના સિવાય આજ સુધી મુસલમાનોના જાન માલ અને મઝહબ તથા ઈજ્જતની રક્ષાના માટે કોઈ મજબૂત કદમ નથી ઉઠાવવામાં આવ્યો. અને આ એટલી શર્મનાક અને ગંભીર ભૂલ (નિષ્કાળજી) છે જેને આવનારો ઈતિહાસકાર કદી માફ નહીં કરે. શક્તિના આધારે એનાથીય વિશેષ જુલ્મો વરસાવી શકાય છે પરંતુ તાકાતના બળ વડે ઈતિહાસનો નિષ્પક્ષ ફેંસલો નથી બદલી શકાતો.

## ★ રમખાણોની રોકથામના માટે એક વ્યવસ્થિત જદ્દો જેહદ ★

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબ કેવળ જીભ તથા કલમના જ **"ગાઝી"** ન હતા બલ્કે અમલના મેદાનના પણ મર્દે મુજાહિદ હતા. હિંદની ભૂમિના મઝલૂમ મુસલમાનોની દાદ સાંભળવા માટે આપ હમેશાં બેચૈન રહેતા હતા. આપની જ જદ્દો જેહદથી સીવાન કોન્ફરન્સમાં કોમી રમખાણોના રોકથામના માટે "મજલિસે ઈન્સેદાદે ફસાદાત" નામથી બાર વ્યક્તિઓ પર આધારિત એક મજલિસની રચના કરવામાં આવી હતી જેના ચેરમેન સૈયદુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ શાહ આલે મુસ્તફા સાહબ (સદર ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમા–મુંબઈ)ને પસંદ કરવામાં આવ્યા. હઝરત મૌસૂફે એક પત્રિકા થકી ૧૨, ૧૩ નવેમ્બરના રોજ થનારી પટણા કોન્ફરન્સમમાં સૌ સભ્યોને બોલાવ્યા અને એ જ મોકા પર "મજલિસે ઈન્સેદાદે ફસાદાત"નો જલ્સાએ શૂરા (સલાહકારોની મિટિંગ) રાખ્યો.

કોમી રમખાણોના રોકથામના સંબંધે હિંદુસ્તાનમાં મુસ્લિમ નામની સર્વ જમાઅતોના સર્વ લીડરો, મશહૂર રાજકરણીઓ અને મુસ્લિમોની સમસ્યાઓ સાથે હમદર્દી રાખનારા ખાસ મુદબ્બિરોને નીચે જણાવ્યા

પ્રમાણેનું એક સવાલનામુ ઓફીસેથી બહાર પાડવામાં આવ્યું જેથી આ મસ્અલા પર તેઓ પોતાની મહામૂલી રાય વડે મજલિસને માહિતગાર કરે. અને મળનારી તજવીઝોની રોશનીમાં કોઈ અમલી કદમ ઉઠાવવામાં આવે.

આ સવાલનામુ અલ્લામા અર્શદુલ કાદરીના નામથી બહાર પાડવામાં આવ્યું, સવાલ નામાના મૂળ મુદ્દા નીચે પ્રમાણે છે :–

૧. કોમી રમખાણોના માટે સામુહિક સ્તરે અત્યાર સુધીમાં જેટલી જદ્દો જેહદ કરવામાં આવી છે તેની નિષ્ફળતા પછી હવે રોકથામ માટે કોઈ અસરકારક, સ્પષ્ટ, નિશ્ચિત તથા અમલને પાત્ર ફોર્મ્યુલા તમારા મંતવ્યમાં છે ?

૨. કોમી રમખાણોને અટકાવવા માટે અત્યાર સુધીમાં જમાઅતો અને ગવર્નમેન્ટના પ્રતિનિધિઓની તરફથી જેટલી કાર્યવાહીઓ અમલમાં મૂકવામાં આવી છે તેની નિષ્ફળતાના કારણો તમારી દષ્ટિએ કયાં છે ? મહેરબાની કરીને ભૂલો તથા નિષ્કાળજીઓનો નિર્દેશ કરવામાં આવે.

૩. કોમી રમખાણોના અટકાવના સંબંધે ગવર્નમેન્ટ તરફથી નિરાશ થઈ ગયા પછી કાયદાની હદોમાં રહીને જો મુસલમાનો પોતાની રીતે પોતાનું રક્ષણ કરવા ચાહે તો શું કરી શકે છે ? વિગતવાર એના પર પ્રકાશ નાખશો.

૪. કોમી તોફાનોને બ્રેક લગાડવા માટે ગૈર મુસ્લિમ જમાઅતો પાસેથી કઈ રીતે મદદ મેળવી શકાય છે ? તમારા અનુભવોની રોશનીમાં એ જમાઅતોનો ઉલ્લેખ કરશો અને કાર્યપધ્ધતિની જાણ કરશો.

૫. કોમી રમખાણો અટકાવવા સંબંધે મુસ્લિમ દાનિશમંદોની મદદથી જો મજલિસે કોઈ ફોર્મ્યુલા ઘડી કાઢી તો તેને ગવર્નમેન્ટ પાસે માન્યતા માટે શું તમે કોઈ એવી ચળવળનો સાથ આપો શકો છો જેમાં મુશ્કેલીઓ તેમજ તકલીફોમાંથી પણ પસાર થવાની શક્યતા હોય ?

**નોંધ** : જરૂરત મેહસૂસ કરવામાં આવશે તો સામાન્ય વિગતોની સાથે આપના જવાબોનો સંગ્રહ કિતાબના રૂપમાં પ્રસિધ્ધ કરી દેવામાં આવશે.

આ સરનામે જવાબ મોકલવામાં આવે :– અર્શદુલ કાદરી, દફતર ઈદારાએ શરઈય્યહ્, બિહાર, સબ્ઝી બાગ, પટણા–૪.





પટણા કોન્ફરન્સના મોકા પર ૧૩ નવેમ્બરે "મજલિસે ઈન્સેદાદે ફસાદાત"નો "જલ્સાએ શૂરા" નિશ્ચિત થયો જેમાં મોટા ભાગના સભ્યોએ હાજરી આપી. દેશના ખૂણે ખૂણેના સવાલોના જવાબમાં રમખાણોના અટકાવના સવાલ પર ૪૦ તજવીઝો મળી હતી. ઈજલાસમાં એ તજવીઝો પર કેટલાયે કલાકો ચર્ચા વિચારણાઓ ચાલતી રહી છેવટે વિવિધ તજવીઝોના પસંદ પામેલા ભાગો પરથી રમખાણોના અટકાવના માટે એક ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી જેના મૂળ મુદ્દા આ પ્રમાણે છે :–

(अ) શાંતિની સ્થાપનાની જવાબદારી સીધી રીતે એડમિનિસ્ટ્રેશન પર છે જેથી રાજ્ય તથા કેન્દ્ર સરકારો સ્પષ્ટપણે એવો કાનૂન ઘડે કે જ્યાં પણ કોમી રમખાણ થાય ત્યાંના સ્થાનિક અધિકારીઓને આ જુર્મના બદલામાં કે તેમણે પોતાની ફરજ નથી નિભાવી જેથી મુજરિમ ઠરાવવામાં આવે અને તેમને સસ્પેન્ડ કરીને તરત જ તેમની વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી અમલમાં લાવવામાં આવે.

(ब) જે થાણામાં મુસલમાન ખૂબ જ પ્રમાણમાં લઘુમતિમાં હોય ત્યાં પોલીસના સ્ટાફમાં ૨૫% મુસલમાન જરૂર રાખે.

(क) ફેકટરી એરીયા, સરકારી વસાહતો અને કોઈ પ્રાઈવેટ પેઢીઓની કોલોનીઓમાં મુસલમાનોને છૂટા છવાયા વસાવવાને બદલે તેમને એક સુરક્ષિત પ્લોટમાં રહેવા માટેની જગા આપવામાં આવે જેથી કોઈ પણ હંગામાના સંજોગોમાં તેઓ સંયુક્ત રીતે પોતાની રક્ષા કરી શકે અને ગવર્નમેન્ટના વ્યવસ્થાતંત્રને પણ તેમની મદદ કરવામાં સરળતા રહે.

(ड) શાંતિ સ્થાપના સંબંધે ગવર્નમેન્ટ તેમજ સમાજના કાર્યકર્તાઓના સહકારના માટે "રક્ષક દળ"ના નામથી શાંતિ પ્રિય નવયુવાનોને એક "સ્વંય સેવક દળ" રચવામાં આવે અને તેમનામાં વતનની તથા કૌમની ખિદમતની ભાવના પેદા કરીને આબાદીઓને અશાંતિ ખડી કરે તેવા બનાવોથી મેહફૂઝ રાખવામાં આવે.

(च) દરેક વસ્તીની નિષ્પક્ષ તથા શાંતિપ્રિય વ્યક્તિઓ પર આધારિત એક કમિટી સ્થાપવામાં આવે જે વસ્તીના રહેવાસીઓની દરમ્યાન ભલાઈભર્યા વહેવારની ભાવના જાગૃત કરે અને વાતાવરણમાં તંગી પેદા કરે

તેવા સબબો પર રોક લગાડે.

આ ઈજલાસમાં એ પણ નક્કી થયું કે ઉપરોક્ત ફોર્મ્યુલાને ગવર્નમેન્ટો પાસે માન્યતા મેળવવા માટે શાંતિપૂર્ણ જદ્દો જેહદનો ક્રમ શરૂ કરવામાં આવે. રમખાણોના રોકથામના સંબંધે આ નિશ્ચિત થયેલ ઠરાવને લઈને અલ્લામા અર્શદુલ કાદરીની રહબરીમાં એક પ્રતિનિધિમંડળે હિંદના વડાપ્રધાનની મુલાકાત કરી. અલ્લામા અર્શદુલ કાદરી સાહબ લખે છે :–

''એક ઠરાવના હેઠળ કોમી રમખાણોની રોકથામની ફોર્મ્યુલાને લઈને ૧૭ નવેમ્બરે એક પ્રતિનિધિમંડળ દિલ્હી માટે રવાના થઈ ગયું. દિલ્હીના પ્રતિનિધિમંડળના સભ્યોમાં આ ગુમનામ ખાદિમ (લેખક), હઝરત મૌલાના સૈયદ મુઝફ્ફર હુસૈન કછોછવી તથા મિસ્ટર મુહમ્મદ યુસૂફ સાહબ એમ.પી.ના નામો નોંધનીય છે.

જેથી નિયત કરેલ સમયે પાર્લામેન્ટના ચેમ્બરમાં તેમની સાથે મુલાકાત થઈ અને કોમી રમખાણોના મસ્અલા પર ઘણીવાર સુધી તેમની સાથે વાતચીત થઈ. ''મજલિસે ઈન્સેદાદે ફસાદાત''ની તૈયાર કરેલ ફોર્મ્યુલા તેમની સમક્ષ રાખવામાં આવી જેના પર હમદર્દીપૂર્વક વિચાર કરવાનો તેમણે વાયદો કર્યો.

વાતચીત દરમ્યાન તેમનું ધ્યાન ગુરૂ ગુરલ ગોવાલકરની હાલના જ ઉશ્કેરણીજનક પ્રવચનની તરફ દોરવામાં આવ્યું જેના વિશે તેમણે કહ્યું કે ખૂબ જ જલ્દીથી અમે તેની વિરૂધ્ધ નોટિસ લેનાર છીએ. વાતચીત દરમ્યાન એ વાતની ચર્ચા પણ થઈ કે કઈ રીતે એ લોકો થકી સુન્ની વકફો તથા દરગાહોની પાયમાલી સહન શક્તિની હદથી બહાર જઈ રહી છે.

## ★ સમાન સિવિલ કોડ ★

એ સાચુ છે કે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી કોઈ રાજકીય નેતા ન હતા પરંતુ હિંદુસ્તાની મુસલમાનોના રાજનૈતિક પ્રશ્નોથી અજાણ પણ રહેતા ન હતા. આંત્રિક કે બાહ્ય કોઈપણ સમસ્યા હોય એક જાગૃત દિમાગવાળા અને ઉચ્ચ હોસલાવાળા લીડરની હૈસિયતથી મોરચા પર હમેશાં પ્રથમ હરોળમાં જોવા મળતા હતા. મીડિયાથી લઈને વિરોધ પ્રદર્શિત કરનારા કાર્યક્રમો સુધી, હિંદવ્યાપી કક્ષાની કોન્ફરન્સોથી લઈને હિંદી





ગવર્નમેન્ટના હાઈકમાન્ડ સુધી તે પોતાની જમાઅતની કામયાબ લીડરશીપ કરતા હતા.

૨૩–એપ્રિલ–૧૯૯૫ ના રોજ સુપ્રિમ કોર્ટની કાનૂની બેંચે શાહબાનુ કેસમાં મુસ્લિમ પર્સનલ લોની વિરૂધ્ધ જે અફસોસનાક ફેંસલો આપ્યો અને એની વિરૂધ્ધ જે ઉલમાએ અહલે સુન્નતે દેશવ્યાપી ચળવળ ચલાવી જેનાથી દરેક હિંદુસ્તાની મુસલમાન વાકેફ છે. એના અનુસંધાનમાં અલ્લામા અર્શદુલ કાદરીની વ્યક્તિગત તથા સામુહિક જદ્દો જેહદ ભૂલી શકાય તેવી નથી. અલ્લામા સાહબ ગવર્નમેન્ટના નામે પોતાના એક મેમોરેન્ડમમાં ગુસ્સો પ્રદર્શિત કરતાં લખે છે :–

''હિંદુસ્તાનના સર્વ ધર્મોને આઝાદી હાંસલ છે કે તેઓ પોતાના કાનૂનોની રોશનીમાં પોતાના સામાજિક પ્રશ્નોને હલ કરે અને પોતાની સંસ્કૃતિના પ્રમાણે જીવન પસાર કરે. ગવર્નમેન્ટ કોર્ટ આ આઝાદીનું અત્યાર સુધી માન સાચવતી આવી છે તો પછી મુસ્લિમ પર્સનલ લોમાં ડખલ શા માટે ? જ્યારે કે બંધારણની અંદર સ્પષ્ટપણે ઈસ્લામી કાનૂનોની રક્ષાની ઝમાનત મૌજૂદ છે.''

મેમોરેન્ડમમાં ઈસ્લામી સામાજિકતા તથા ફિકહી દૃષ્ટિ બિંદુ પર વિસ્તારપૂર્વક પ્રકાશ વેર્યા બાદ છેવટે પોતાના અંતિમ પેરેગ્રાફમાં લખે છે :–

''નામ માત્રના પ્રગતિના ચાહક બુદ્ધિજીવીઓ અને સરકારી મુસલમાનોના ધોકામાં આવીને કોઈ કદમ ગવર્નમેન્ટે હરગિઝ ઉઠાવવો ન જોઈએ જેનાથી કરોડો મુસલમાનોના ઈમાન અને મઝહબી ખયાલો તથા માન્યતાવાળાઓને સદમો પહોંચે. મુસલમાનોના સાચા પ્રતિનિધિઓ તે જ છે જેમની વફાદારી ઈસ્લામ સાથે કાયમી અને બિનશર્તી છે. એથી ઉલ્ટુ **ઈસ્લામના નિયમો તથા કાનૂનોમાં ફેરફારની માંગણી કરનારા લોકો ન મુસલમાન છે અને ન મુસલમાનોના પ્રતિનિધિ છે.** હિંદની ગવર્નમેન્ટથી પોતાના હક્કોની માંગણી કરતાં લખે છે :–

અમારાં આ સૂચનો પર ગંભીરતાપણે વિચાર કરીને હિંદની ગવર્નમેન્ટ તુરત જ એવાં અમલી કદમો ઉઠાવે જેનાથી મુસલમાન સંતુષ્ઠ થઈ શકે અને તેમને સુપ્રિમ કોર્ટના તાઝાતરીન ફેંસલાથી જે તકલીફ પહોંચી

છે તેનો કોઈ ઈલાજ થઈ શકે. સૌથી મુનાસિબ અને અમલને પાત્ર સૂરત એ છે કે મુસ્લિમ પર્સનલ લોને સમાન સિવિલ કોડથી અપવાદ ઠરાવી દેવામાં આવે જેથી ભવિષ્યના ખતરાઓથી મુક્તિ મળી શકે.

સમર્થનમાં સહી કરનારાઓમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી તથા હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીના નામો પણ લખેલાં છે.

ઈ.સ. ૧૯૮૭ માં પાર્લામેન્ટમાં જ્યારે સમાન સિવિલ કોડ બિલ લાવવાની રજુઆત થઈ તો અલ્લામા સાહબે સમયથી પહેલાં વર્તમાનપત્રોમાં એક સેશનમાં બયાન બહાર પાડી દીધું. આ બયાનમાં મુસ્લિમ પર્સનલ લો બોર્ડના લીડરોને પણ તેમની ગલતીઓથી સાવચેત કર્યા. વિરોધ દર્શાવતા બયાનનો મુદ્દો નીચે નકલ કરવામાં આવે છે :–

એ વાત હવે મજબૂત ઝરીયાઓ થકી સાબિતીના સ્તરે પહોંચી ચૂકી છે કે પાર્લામેન્ટના આજ સેશનમાં સમાન સિવિલ કોડનું બિલ ચર્ચા હેઠળ આવી રહ્યું છે. અને આ બિલ સત્તાધારી પક્ષ તરફથી રજુ થઈ રહ્યું છે એટલા માટે સરળતાપૂર્વક તે પસાર પણ થઈ જશે. હાલમાં આ બિલ અખ્તયારી (મરજીયાત) કહીને લાવવામાં આવી રહ્યું છે બાદમાં લાઝમી કરવામાં આવશે.

આ બિલનો મકસદ કેવળ એ છે કે અમારી મઝહબી જિંદગીનું માળખુ વેરવિખેર કરીને અમારા કૌમી અસ્તિત્વની વિશિષ્ટતાને કાયમ માટે ખતમ કરી દેવામાં આવે. આ બિલ અમારી ધાર્મિક જિંદગીના કેવળ કોઈ એક પાસાને ચેલેંજ કરશે નહીં બલ્કે એને દષ્ટિ સમક્ષ રાખીને આ દેશમાંથી સંપૂર્ણપણે ઈસ્લામનો ખાત્મો છે.

અતિ દુઃખ સાથે કહેવું પડે છે કે આ બિલ પરિણામ છે પહાડ જેવી તે ભયાનક ભૂલનું જે ગયા વરસે મુસ્લિમ પર્સનલ લો બોર્ડના લીડરોએ કલમ–૧૨૫ ને ઈખ્તિયારી માનીને કરી હતી. જો કલમ–૧૨૫ ને તેમણે ગવર્નમેન્ટના દબાણ હેઠળ ઈખ્તિયારી રીતે કબૂલ ન કરી હોત તો આજે ઈખ્તિયારી સમાન સિવિલ કોડની આ ખુંખાર તલવાર આપણા ઉપર કદાપી ન લટકતે.

ભલે જે થવાનું હતું તે થઈ ચૂક્યું હવે છાટી ફૂટવાથી શો ફાયદો ?!





હવે સંપૂર્ણ તાકાતભેર અને નીડરપણે વ્યક્તિગત તથા સામુહિક પત્રો, ટેલીગ્રામ અને તજવીઝો થકી દિલ્હીના સરનામે વડાપ્રધાન તેમજ કાયદાપ્રધાનને ખબર કરવાની છે કે **સમાન સિવિલ કોડ બંધારણ પ્રમાણે આપવામાં આવેલી ધાર્મિક આઝાદીને છીનવી લે છે એટલા માટે સ્પષ્ટપણે મુસલમાનોને આ બિલથી અપવાદ કરી દેવામાં આવે. ચાહે તે લાઝમી હોય કે ઈખ્તિયારી અમે કોઈને સહન કરીશું નહીં.** ખુદા ન ખ્વાસ્તા અમારી મરજીની વિરૂધ્ધ આ બિલ પાસ થઈ ગયું તો અત્યારથી તેના પ્રતિકાર માટેની એક લાંબી જંગ લડવાના માટે તૈયાર રહેવું જોઈએ.''

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબે સીવાનમાં ''મુસ્લિમ પર્સનલ લો કોન્ફરન્સ''ની ગોઠવણ પણ કરી જેની ધમક હિંદની ગવર્નમેન્ટના મહેલો સુધી મહસૂસ કરવામાં આવી. આ રીતે અલ્લામા અર્શદુલ કાદરીની લીડરશીપમાં ઉલમાએ અહલે સુન્નતની સંયુક્ત જદ્દો જેહદના પરિણામે મુસ્લિમ ઉમ્મત સમાન સિવિલ કોડની લા'નતથી મેહફૂઝ થઈ ગઈ.

## ★ બાબરી મસ્જિદનો કજીયો ★

બાબરી મસ્જિદનો મસ્અલો અડધી સદીથી મુસલમાનોના દુઃખદર્દોનો સબબ બનેલો છે. એ દરમ્યાન તેની ફરી સોંપણીની માંગણી તથા શહાદત પછી તેના નવા બાંધકામની ચળવળ સતત ચાલી રહી છે. પણ હવે એ સચ્ચાઈ માથે ચઢીને બોલી રહી છે કે એ સિતમગરોની શક્તિની સામે કાનૂન પણ લાચાર છે. અલ્લામા અર્શદુલ કાદરી પણ એક દીની તથા સમાજી રેહનુમાની હૈસિયતથી આ કજીયાના હલના માટે જદ્દો જેહદ કરતા રહ્યા છે. બાબરી મસ્જિદને તોડી પડાતાં પહેલાં કેટલાક મૂર્ખ રાજકીય લાભ ખાટવાવાળાઓએ એ મસ્અલો ઉઠાવ્યો કે બાબરી મસ્જિદને બીજે ઠેકાણે લઈ જવામાં આવે. ઈ.સ. ૧૯૯૧ માં જ્યારે આ પ્રકારના અવાજો ઉભર્યા તો અલ્લામા અર્શદુલ કાદરી સાહબે કુર્આન તથા હદીષ અને હનફી ફિકહની રદ ન થઈ શકે તેવી દલીલો વડે એ સ્પષ્ટ કર્યું કે, **''ઈમારતનું જ નામ મસ્જિદ નથી બલ્કે તે જમીન પણ મસ્જિદ છે જેને મસ્જિદના માટે**

**વકફ કરી દેવામાં આવી હોય."** અલ્લામા સાહબ પોતાના આ અમૂલ્ય તહકીકી લખાણની શરૂમાં લખે છે :–

"બાબરી મસ્જિદને બીજે ઠેકાણે તબદીલ કરવાની રજુઆત સૌ પ્રથમ અડવાણી સાહબે કરી હતી જેને મુસલમાનોએ રદ કરી દીધી પરંતુ હવે પ્રિન્સ અન્જુમ કદર અને હામિદ સાહબ માજી વાઈસ ચાન્સેલર મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ આ માંગણીની ભરપુર વકીલાત કરી રહ્યા છે. પોતાના મંતવ્યને આ લોકો અંગત મંતવ્યની હદ સુધી સીમિત રાખત તો અમે એવું વિચારીને સબ્ર કરી લેત કે બી.જે.પી.ના તંબુમાં અમુક નકવી ઔર પહોંચી ગયા ! પરંતુ નાપાક હિંમતની હદ એ છે કે પોતાની અંગત રાયને એ લોકો એવા દા'વા સાથે કરી રહ્યા છે જાણે ઈસ્લામી શરીઅતની મજબૂત દલીલો તેમના પક્ષે છે."

અલ્લામા સાહબે લાઈન પર લાઈન લગાડીને અકલી તથા નકલી દલીલો તથા શહાદતોની રોશનીમાં પોતાના દા'વાને સાબિત કર્યા બાદ પોતાના લખાણની છેલ્લી લીટીઓમાં લખે છે :–

"યાદ રાખશો કે પાછલા પૃષ્ઠોમાં એ વાત શરીઅતની દલીલોથી સાબિત કરવામાં આવી છે કે કેવળ ઈમારતનું માળખુ જ મસ્જિદ નથી બલ્કે તે જમીન પણ મસ્જિદ છે જેના ઉપર માળખુ ઉભુ છે. જેથી જેવી રીતે ઈમારત તોડી પાડવી જુર્મ છે એવી જ રીતે એની તબદીલી પણ સાફ જુલ્મ છે કેમ કે બંને સંજોગોમાં મસ્જિદને વિરાની લા'ઝિમ આવે છે. *(અશ્રફિયા, માર્ચ–૧૯૯૧)*

## ★ બાબરી મસ્જિદની શહાદતની ખબર સાંભળીને અમારા પર શું ગુજરી ?! ★

બાબરી મસ્જિદની શહાદતના સમયે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહબ હોલેન્ડમાં હતા એ દર્દનાક ખબર સાંભળીને તેમના પર શું ગુજરી અને ત્યાંના મુસલમાનોએ શું પ્રત્યાઘાત આપ્યા એ રિપોર્ટ પર આધારિત અલ્લામા સાહબે લખનાર (મુબારકહુસૈન મિસ્બાહી)નામે એક પત્ર લખી મોકલ્યો. લાંબા પત્રના અમુક ભાગ નીચે રજુ કરવામાં આવે છે :–





મોહતરમ જનાબ તંત્રી માહનામા અશ્રફિયહ્–મુબારકપુર,

સલામ મસ્નૂન, યૂરોપના તબ્લીગી દોરા પર ૩૦–નવેમ્બરની સાંજે લંડનમાં પહોંચ્યો. ૬–ડિસેમ્બરની તારીખ જેમ જેમ નજીક આવતી જઈ રહી હતી તેમ તેમ બાબરી મસ્જિદના સંબંધે ગભરાહટ વધતી જઈ રહી હતી. એ જ ઉમ્મીદ તથા ડરના આલમમાં છ ડિસેમ્બરનો દિવસ આવ્યો. બરાબર એ વખતે જ્યારે હિંદુસ્તાનમાં સવારના દસ વાગી રહ્યા હશે બી.બી.સી.એ એ ભયંકર ખબર સંભળાવી કે મસ્જિદ પર હુમ્લો શરૂ થઈ ગયો. ઉત્તર પ્રદેશ તથા સેન્ટ્રલ ગવર્નમેન્ટના વિ□ાસો અપાવવાના પરિણામે એ ખબર પછી પણ અમે ઉમ્મીદ ધરાવતા હતા કે થોડીક વાર પછી એ ખબર જરૂર સાંભળીશું કે સેન્ટ્રલ ગવર્નમેન્ટે મોકલેલી ચાલીસ હજાર ફોજ અને ઉત્તર પ્રદેશની પોલીસે હુમ્લાખોરોને ભગાડી મૂક્યા. પરંતુ એક જ ખબર વારંવાર સાંભળવામાં આવી કે હુમ્લો કશીય રોકટોક વિના ચાલુ જ છે ! તો દિલ ડૂબવા લાગ્યું. છેવટની ખબર સાંભળ્યા પછી કે બાબરી મસ્જિદ જમીનદોસ્ત કરી દેવામાં આવી ! અમારો □ાસ અટકી ગયો અને અમે એક લકવા જેવી સ્થિતિમાં મૂકાઈ ગયા ! યકીન ન આવતું હતું કે શું અનહોની વાત પણ થઈ શકે છે ? પણ થઈ ગઈ ! થોડાક લાખ ઝનૂનીઓની સરકશી પર ન સુપ્રિમ કોર્ટ બંધ બાંધી શકી અને ન સેન્ટ્રલ ગવર્નમેન્ટ આડે આવી. કાનૂનની ઉચ્ચતાનો જનાઝો એવી ધૂમ સાથે ઉઠયો કે આખી દુનિયાએ એનો સોગ મનાવ્યો.

રાત થતાં થતાં બ્રિટનના ૨૫ લાખ મુસલમાનોમાં ચો તરફ એક હંગામો ફેલાઈ ગયો. ૬–ડિસેમ્બરે લંડનના મુસ્લિમ કોમ્યુનિટી સેન્ટરમાં બ્રિટનની મુસ્લિમ સંસ્થાઓ તરફથી એક વિરોધ પ્રદર્શિત કરતો જલ્સો રાખવામાં આવ્યો. હું પણ તે જલ્સામાં શરીક થયો ત્યાં ગમો ગુસ્સામાં ડૂબેલી તકરીરો પરથી અંદાજો લાગ્યો કે ઈસ્લામી જગતના માટે બાબરી મસ્જિદની શહાદતનો ઝખ્મ કેટલો ગહરો છે. વિવિધ અંદાઝના બયાનમાં સૌની જીભ પર એક જ દર્દની સદા હતી કે હવે સવાલ કોઈ એક મસ્જિદની શહાદતનો નથી બલ્કે બેલગામ તાકતના તોફાન સામે એક કમજોર લઘુમતીના ભાવિનો છે. કેટલાયે મુકર્રિરોએ તો એટલે સુધી કહી આપ્યું કે જે દેશનો કાનૂન બહુમતીના હાથનું રમકડુ બની જાય ત્યાં જાનો માલ, ઈજ્જત તથા આબરૂની

રક્ષાની હવે શું ગેરંટી છે ?

પડખુ બદલી બદલીને જે રીતે લોકો આપણા મહબૂબ વતનની બુરાઈ કરી રહ્યા હતા તે સાંભળી શકાતુ ન હતું. તે વખતે વારંવાર મારા દિલમાં એ દર્દ તથા કરાહ ઉઠી રહી હતી કે કાશ ! આ મજલિસમાં તે વતનના દુશ્મનો પણ મૌજૂદ હોત જેમણે શક્તિના નશામાં દુનિયાને એવું કહેવાનો મોકો આપ્યો કે હિંદુસ્તાન માણસોનું નહીં ફાડી ખાનાર જાનવરોનો દેશ છે. કાશ ! તેઓ પણ આ ઝિલ્લતને અનુભવત કે તેમણે પોતાના નાપાક કરતૂત વડે બહારની દુનિયામાં પોતાના દેશને કેટલો બેઈજ્જત કરી મૂક્યો. અમુક સંસ્થાઓના પ્રતિનિધિઓએ હિંદુસ્તાની મુસ્લિમ રાજકીય નેતાઓની વિરૂધ્ધ બુરાઈની તજવીઝ રજુ કરી કે આટલી ઉઘાડી બેઈજ્જતી પછી પણ તેઓ પ્રધાન મંડળો તથા ધારાસભાઓના સભ્ય પદોએથી રાજીનામુ કેમ નથી મૂક્તા ? આખી દુનિયા હાલી ઉઠી અને તેઓ હજી સુધી પોતાની ખુરશીઓ પર બેઠેલા છે !

મેં આ તજવીઝનો જવાબ આપતાં કહ્યું કે કયા સંજોગોમાંથી તેઓ અત્યારે પસાર થઈ રહ્યા છે તેની સ્થિતિ અલ્લાહ જ જાણે છે પરંતુ એટલી વાત પણ જરૂર દર્શાવી શકુ છું કે બી.જે.પી. અને વિ.હિ.પ. સિવાય ત્યાં જેટલીય રાજકીય પાર્ટીઓ છે તેઓ હિંદના સેક્યૂલર કિરદારને બચાવવાના માટે ખૂદ તે કોમવાદી તત્વો સાથે લડી રહી છે. એવી હાલતમાં તેમનો સાથ છોડવો બિલકુલ રાજકીય મસ્લેહતની વિરૂધ્ધ ગણાશે.

છેવટમાં ત્રણ તજવીઝો સર્વસંમતિથી એ જલ્સામાં મંઝૂર કરવામાં આવી : પ્રથમ તજવીઝ બાબરી મસ્જિદની શહાદતની વિરૂધ્ધ ટીકાની તજવીઝ હતી. બીજી તજવીઝમાં માંગણી કરવામાં આવી હતી કે જે પાયાઓ પર બાબરી મસ્જિદ ઉભી હતી તે જ પાયાઓ પર ત્યાં નવી બાબરી મસ્જિદ બાંધવામાં આવે. ત્રીજી તજવીઝ થકી હિંદુસ્તાની મુસલમાનોના જાન તથા માલ, ઈજ્જત તથા આબરૂ અને તેમની ઈબાદતગાહોની રક્ષાની માંગણી કરવામાં આવી હતી.

પોતાનું બયાન ખત્મ કરતાં હિંદુસ્તાનના મઝલૂમ મુસલમાનોને કહેવા ચાહુ છું કે અત્યારે તેઓ ઈતિહાસની તે ગંભીર મંઝિલેથી પસાર થઈ રહ્યા છે તેમને પૂરી હમદર્દી અને સબ્ર તથા અડગતાની સાથે સંજોગોનો





સામનો કરવો જોઈએ. ઈમાન તથા યકીનની રૂહાની શક્તિઓ થકી જ કામ લેવાનો સમય છે. તેઓ પોતાની તૂટેલી હિંમતોને ફરીથી જોડે અને એક નવા ભવિષ્યની તા'મીરમાં લાગી જાય. અત્યારે બગદાદ કોન્ફરન્સમાં શરીક થવા માટે જવાની તૈયારીમાં છું. (ખુદા હાફિઝ) *–અર્શદુલ કાદરી*

## ★ આશિકનો જનાઝો હતો ! ★

૨૯–એપ્રિલ ઈ.સ. ૨૦૦૨ ના રોજ દિલ્હીથી એ ભયાનક ખબર પહોંચી કે AIIms માં સાંજે ચારને પાંત્રીસ મિનિટે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان નો વિસાલ થઈ ગયો. આ કયામતખેઝ ખબરથી અશરફિયાની દરો દીવારમાં સન્નાટો છવાઈ ગયો ! જેણે સાંભળ્યું જાણે સુન મારી ગયો ! મગરિબની નમાઝ બાદ અઝીઝુલ મસાજિદમાં દુઆ ખ્વાનીની ગોઠવણ કરવામાં આવી. પછી ફજરની નમાઝ બાદ કુર્આનખ્વાનીનો સિલસિલો મોડે સુધી ચાલતો રહ્યો અને કુલ શરીફ પછી ઈસાલે સવાબ કરવામાં આવ્યો. હવે વળી વળીને મને અલ્લામાના એ શેઅરો યાદ આવવા લાગ્યા, ખુદા કરે તેમની આ આરઝૂ પૂર્ણ થઈ ગઈ હોય ! અને નિઃશંક ! પૂરી થઈ હશે :–

**અય ખોશા વક્ત કે જબ મૌત કી હિચકી આયે**
**નૂરવાલે તેરે જલ્વોં કા નઝારા હો જાયે**

**વક્ત આ જાએ અર્શદ કા જબ આખરી, રંગ લાએ મેરી નિસ્બતે કાદરી**
**ગોશાએ દામને પાક હો હાથમેં, સામને તુમ રહો દમ નિકલતા રહે**

સવારે જામિઆના નાઝિમે આ'લા અલ્હાજ સરફરાઝ અહમદ સાહબે વ્યવસ્થાપકોને એ ફૈંસલો સંભળાવ્યો કે હઝરત અલ્લામા અર્શદુલ કાદરીની હુઝૂર હાફિઝે મિલ્લત તથા તેમની તેહરીકે અશરફિયા સાથે ઘણો ગહરો સંબંધ હતો જેથી અલ્ જામિઆના બે પ્રતિનિધિઓ નમાઝે જનાઝામાં જરૂરથી હાજરી આપે. તેમાં એક મહત્વનું નામ શૈખુલ જામિઆ હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબનું હતું અને બીજુ નામ મારું (લેખકનું) સામેલ કરેલું હતું. જ્યારે સરબરાહે જામિઆ હઝરત અઝીઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ હફીઝ સાહબ કિબ્લા જેઓ એ દિવસોમાં

દિલ્હીમાં હતા તેઓ અલ્લામાના જનાઝાની સાથે દિલ્હીથી જમશેદપૂર તશરીફ લઈ ગયા હતા.

અમે લોકો ૩૦–એપ્રિલે ઝહોરની નમાઝ બાદ જામિઆથી નીકળી ગયા. જમશેદપૂરની બે ટિકિટો લીધી મુગલસરાય જનાબ શફીક સાહબને ફોન કરી આપ્યો હતો. ખૈર તેમની ઈનાયતથી સફર આસાન થઈ ગયો. મુગલસરાય સ્ટેશન પર ટ્રેન થોડીક મોડી પહોંચી. જેવા ટ્રેન પર સવાર થવા માટે આગળ વધ્યા કે હઝરત અલ્લામા અબ્દુલ મુબીન નોઅ્માની સાહબથી મુલાકાત થઈ ગઈ, તેમની પાસેથી જાણવા મળ્યું કે દિલ્હીનો પૂરો કાફલો એ જ ટ્રેનથી જમશેદપૂર જઈ રહ્યો છે. એ કાફલામાં હઝરત અલ્લામા સાહબના સાહબઝાદા, પૌત્રા તથા અન્ય ઘરવાળાંઓ ઉપરાંત જામિઆ નિઝામિયાના તલબા અને ઉસ્તાદો પણ હતા. લગભગ ૪૦ વ્યક્તિઓનો કાફલો હશે. એક પછી એક સર્વ લોકો સાથે મુલાકાતનો ક્રમ ચાલુ રહ્યો.

બિહારની સરહદમાં પ્રવેશ્યા બાદ કોઈ સ્ટેશન એવું નથી આવ્યું જ્યાંથી ઉલમા તથા કાદરી શયદાઈઓના કાફલા ટ્રેનમાં સવાર ન થયા હોય. અમે આગળ વધતા રહ્યા અને કારવાંને ગમ વધતો રહ્યો. નવ વાગ્યે સવારે ટ્રેન જમશેદપૂર પહોંચી. આવનારાઓને ફૈઝુલ ઉલૂમ લઈ જવા માટે પહેલેથી જ ગાડીઓની વ્યવસ્થા હતી. હજી ઘણો સમય બાકી હતો જેથી અમે લોકો હઝરત મૌલાના કારી ફઝ્લે હક્ક ગાઝીપૂરીના મદ્રસે ચાલ્યા ગયા અને ત્યાં જરૂરિયાતથી ફારિગ થઈને ફરી મદ્રસા ફૈઝુલ ઉલૂમ પહોંચ્યા. શહેરની ખાસ ખાસ જગાઓ પર બેનર લાગેલાં હતાં. : "અમે રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી عليه الرحمة والرضوان ની રહલત પર ગમનો ઈઝહાર કરીએ છીએ." લગભગ આ જ વિષયલક્ષી બેનરો તમામ અંજુમનો, મદ્રસાઓની તરફથી ઠેકઠેકાણે લાગેલાં હતાં અને પૂરા શહેર પર ગમ તથા રંજનાં વાદળો છવાયેલાં હતાં અને શહેરભરના મુસલમાનોએ આખો દિવસ પોતાનો કારોબાર બંધ રાખ્યો. લગભગ તમામ વર્તમાનપત્રોના મુખ્ય હેડીંગોમાં એ ખબર હતી, રેડીયો તથા ટી.વી. પણ બરાબર આ અફસોસનાક ખબરને પ્રસારિત કરી રહ્યાં હતાં. જ્યારે અસ્ર બાદ અહલે મહબ્બતે પોતાના મહાન કાઈદનો જનાઝો ઉઠાવ્યો તો એવું લાગ્યું કે ખભાઓ પર જનાઝો નહીં આસ્માન ઉઠાવીને ચાલી રહ્યા છીએ. જનાઝામાં કાંધો આપનારની





ભીડ જોઈને આંખો વિ□ાસ કરતી ન હતી કે લોકો જમશેદપૂરની ભૂમિ પર છે બલ્કે જાણે મતાફમાં હજરે અસ્વદને બોસો દેવા માટે તૂટી રહી છે ! જ્યારે જનાઝાનો જુલૂસ બહારના ઉરૂસુલ બિલાદ (સૌથી અધિક ખૂબસૂરત શહેર)ના વિશાળ મુખ્ય માર્ગોએથી પસાર થઈ રહ્યું હતું તો નજરની પહોંચ સુધી ઈન્સાનોનું ઉભારતુ પૂર જોઈને લાગી રહ્યું હતું કે સમયનો કોઈ તાજદાર જઈ રહ્યો છે. વાહ રે કાઈદે મિલ્લત ! જિંદગીભર તો તમારી આભ સમી ઊંચી કયાદતનો સ્વીકાર કરાવતા રહ્યા પણ મૃત્યુ બાદ પણ પોતાની પુરશૌકત કિયાદતનો એક જલ્વો દેખાડી ગયા ! અને પછી વારંવાર એ મિસ્રો ઝબાન પર આવ્યો :–

***આશિક કા જનાઝા થા બળી ધૂમ સે ઉઠા***

ઈદગાહ મેદાનમાં ૬ વાગીને ૨૦ મિનિટ પર હઝરત મુહદ્દિષે કબીર શૈખુલ હદીષ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપુરે નમાઝે જનાઝા પઢાવી અને સાત વાગીને વીસ મિનિટે ફય્ઝુલ ઉલૂમના ઉત્તર ભાગમાં એક આશિકે રસૂલને હજારો હજારના મજમાએ ખાકને સુપ્રત કર્યો, ખુદા તેમની કબ્રને જન્નતુલ ફિરદૌસનો એક હિસ્સો બનાવી દે. હું તેમના જ આ ઈશ્કના યકીન પર મારુ લખાણ ખત્મ કરું છું :–

**પહુંચ જાએગા ઉન્કા નામ લેકર ખુલ્દમેં અર્શદ**
**તહી દામન સહી નાઝે ગુલામાના ન જાએગા**

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ

